આજનો સુવિચાર

બકરીની જેમ સો વર્ષ જીવવા કરતા સિંહની જેમ એક દિવસ જીવવું વધુ સારૂ છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૫૧ જૂનાગઢ તા.૧૦-૧૦-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 251, Junagadh : Date : 10 October, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# ગાઝામાં ૨૦૦ સ્થળોએ ઈઝરાયેલનો હુમલો : મહાવિનાશ : મૃત્યુઆંક ૨૦૦૦થી વધુ

## ઈઝરાયેલે હમાસનાં ૧૫૦૦ આતંકવાદીઓનાં શબ હાથ લાગ્યા હોવાનું જણાવ્યું : ફોસ્ફરસ બોંબનો ઉપયોગ કર્યો હોવાના અહેવાલો

નવી દિલ્હી તા. ૧૦ : આતંકવાદી સંગઠન હમાસ દ્વારા ઈઝરાયેલ પરના હુમલાથી સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચી ગયો છે. જયારે પશ્ચિમી દેશોએ હમાસના હુમલાને લઈને ઈઝરાયેલને સમર્થન આપ્યું છે, ત્યારે પશ્ચિમ એશિયાના ઈસ્લામિક દેશો પેલેસ્ટાઈનના સમર્થનમાં એક સાથે ઉભા છે. દરમિયાન, ઈઝરાયેલમાં હમાસનાં હુમલાઓમાં અત્યાર સુધીમાં લગભગ ૯૦૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. તે જ સમયે, ગાઝા પટ્ટી પર ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલા વળતા હુમલામાં ૭૦૦ લોકોએ જીવ ગુમાવ્યા હોવાનું સામે આવ્યું છે. આ સ્થિતિ વચ્ચે હમાસે ધમકી આપી છે કે જો ગાઝા પટ્ટી પર હુમલા બંધ નહીં થાય તો તે ઈઝરાયેલના બંધકોને મારી નાખશે.

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે છેલ્લા ૭૨ કલાકથી બીજ યુદ્ધ ચાલી રહ્યું છે. યુદ્ધમાં અત્યાર સુધીમાં ૯૦૦ ઈઝરાયેલના લોકો માર્યા ગયા છે. ૨,૬૦૦ થી વધુ ઘાયલ થયા છે. તે જ સમયે, ગાઝા પટ્ટીમાં ૭૦૪ લોકોએ જીવ ગુમાવ્યા છે અને લગભગ ૪૦૦૦ લોકો ઘાયલ થયા છે. ગાઝામાં માર્યા ગયેલા લોકોમાં ૧૪૩ બાળકો અને ૧૦૫ મહિલાઓનો સમાવેશ થાય છે.

એટલું જ નહીં તેની અસર લેબનોનમાં પણ જોવા મળી રહી છે. એક તરફ પશ્ચિમ કાંઠે ૧૬ લોકોના મોત થયા છે અને ૨,૬૧૬ લોકો ઘાયલ થયા છે, તો બીજી તરફ લેબનોનમાં ૩ લોકોએ જીવ ગુમાવ્યા છે. એકંદરે, અત્યાર સુધીમાં બંને પક્ષોના લગભગ ૧૬૦૦ લોકો માર્યા ગયા છે અને ૬ હજારથી વધુ લોકો ઘાયલ થયા છે. સતત વિસ્ફોટો, હવાઈ હુમલા અને બોમ્બ ધડાકા વચ્ચે લોકોની ચીસોના ચિત્રો સામે આવવા લાગ્યા છે. ઈઝરાયેલે આજે સત્તાવાર રીતે જાહેર કર્યુ છે કે, હમાસનાં ૧૫૦૦ કટ્ટરવાદીઓનાં શબ હાથ લાગ્યા છે.

## ઈઝરાયેલી બંધકોને ફાંસીએ લટકાવી મોતનું લાઈવ ટેલીકાસ્ટ કરવાની હમાસે ધમકી આપી

તેલ અવિવઃ તા. ૧૦ : ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના સતત વધી રહેલા હુમલા તથા હવે આ ક્ષેત્રમાં જે રીતે તબાહીના દ્રશ્યો પણ સર્જાઈ રહ્યા છે તે સમયે હમાસે ઈઝરાયેલને નિર્દોષ નાગરિકોને નિશાન નહી બનાવવા જણાવીને ચેતવણી આપી હતી કે જો અમારા નિર્દોષ લોકો ઘટશે તો અમોએ બંધક બનાવેલા ઈઝરાયેલના નાગરિકોની હત્યા કરશું અને તેના લાઈવ દ્રશ્યો ટીવી પર પ્રસ્તુત કરશું. ઈઝરાયેલના બોમ્બમારોમાં નાગરિક આવાસો પણ નિશાન બની રહ્યા હોવાનો દાવો હમાસ પ્રવકતાએ દર્શાવીને ઉમેર્યુ કે અમો મોતના દ્રશ્યોનું લાઈવ ટેલીકાસ્ટીંગ કરશું. હમાસ સાથે જોડાયેલા સંગઠન અલ કસમ બ્રિગેડના પ્રવકતા અબુ ઔબેદાએ કહ્યું કે ગાઝા ક્ષેત્રમાં ઈઝરાયેલી હુમલાથી નાગરિકો પણ માર્યા ગયા છે.

## મણિપુરમાં અવીરત હિંસા : એક યુવકને જીવતો સળગાવાયો

નવી દિલ્હી, તા.૧૦: મણિપુરમાં હિંસા અટકવાનું નામ લેતી નથી. ગત રવિવારે એક કુકી જાતિની પેટા જાતિ કુકી-ઝોના યુવકને જીવતો સળગાવી દેવામાં આવ્યો હતો. તેનો વિડીયો મીડીયા સમક્ષ પહોંચ્યો તે સાથે કોંગ્રેસના નેતૃત્વ નીચેના INDIA ગઠબંધને સરકાર ઉપર પસ્તાળ પાડવી શરૂ કરી દીધી છે. મણિપુર રાજયમાં મુખ્યમંત્રીને તત્કાલ સત્તા ઉપરથી દૂર કરી સરકારનું વિસર્જન કરાવવા અને મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન સ્થપાવવા ભારપૂર્વક રજૂઆત કરી છે.

## લદાખમાં હિમસ્ખલન : એક જવાન શહિદ : ત્રણ લાપત્તા

લદાખ,તા.૧૦

લદાખમાં આવલીમાઉન્ટ કૂન પર હિમસ્ખલનમાં ભારતીય સેનાના પર્વતારોહીઓ ફસાઈ ગયા છે, જે પૈકી એક જવાનનું મોત થયું છે, જયારે ત્રણ જવાન લાપતા છે. આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ લદાખના માઉન્ટ કુન પર હિમસ્ખલનમાં ભારતીય સેનાના પર્વતારોહીઓમાં એક સમૂહ ફસાઈ ગયો છે.

## ૧૨૮ વર્ષ બાદ ક્રિકેટનું ઓલમ્પિકમાં આગમન થશે

નવી દિલ્હી તા.૧૦ : ઓલિમ્પિક રમતોત્સવમાં ૧૨૮ વર્ષ બાદ ક્રિકેટની વાપસી નિશ્ચીત બની છે. ક્રિકેટ લોકપ્રિય રમત હોવા છતાં તેને ઓલિમ્પિકમાં સ્થાન નહોતુ. છેલ્લે વર્ષ ૧૯૦૦ માં પેરીસમાં ઓલિમ્પિક ક્રિકેટ રમાયું હતું. ત્યારે ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ વચ્ચે ગોલ્ડ મેડલ માટે સ્પર્ધા થઈ હતી. જોકે લાંબા સમયથી ક્રિકેટને ફરી ઓલિમ્પિકમાં સામેલ કરવાની કોશીશો થતી હતી પણ સંભવ નહોતું હતુ. હવે ૧૨૮ વર્ષ બાદ ક્રિકેટને ઓલિમ્પિકમાં સમાવવાની કોશીશ થઈ ગઈ છે. રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૨૮ ના લોસ એન્જલસનાં ઓલિમ્પિક રમતોત્સવમાં ક્રિકેટ સામેલ થશે.ક્રિકેટની સાથે સાથે ઓલિમ્પિકમાં ફલેગ ફૂટબોલ, બેસબોલ, સોફટ બોલને પણ સામેલ કરાયા છે.

# ગોઝારો મંગળવાર : સુરેન્દ્રનગર - દાહોદ-જામનગરમાં માર્ગ અકસ્માતની ઘટનામાં ૧૩નાં મોત



સુરેન્દ્રનગર/ દાહોદ તા. ૧૦ રાજયમાં આજે અકસ્માતની ત્રણ ઘટના સામે આવી છે, જેમાં ૧૧ લોકોનાં મોત થયાં છે. દાહોદમાં રિક્ષા અને ટ્રક વચ્ચે ટક્કર થતા ૬ લોકોનાં મોત નિપજ્યાં છે, જ્યારે સુરેન્દ્રનગરમાં ટ્રક અને કાર અથડાતાં પાંચ લોકો મોતને ભેટ્યા છે. જયારે જામનગરમાં બે કાર વચ્ચે ટક્કર થતાં પતિ-પત્નીનું મોત નિપજયું છે.

દાહોદનાં ગરબાડા તાલુકામાં રહેતો પરિવાર રાજકોટ મુકામે રોજી રોટી અર્થે ગયો હતો. જે બાદ આજે સવારે વતનમાં પરત ફર્યા હતા. ત્યારે સવારે દાહોદમાં બસમાથી ઉતર્યા બાદ ગામડે જવા રિક્ષામાં બેઠા હતા. તે દરમિયાન એક ટ્રકે રિક્ષાને અડફેટે લેતા એક જ પરિવારના ૬ લોકોના મોત થયા હતા. જયારે એક વ્યક્તિને ઈજા પહોંચતા તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. જેને પગલે પંથકમાં શોકની કાલિમાં છવાઈ ગઈ છે. બીજી તરફ સુરેન્દ્રનગર જિલ્લામાં આજે વહેલી સવારે અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં પાંચ વ્યક્તિના મોત થયા છે. લખતર તાલુકાના ઝામર ગામના પાટિયા પાસે આઈસર ટ્રક અને કાર વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં ત્રણ લોકોના ઘટના સ્થળે જ મોત થયા હતા. જયારે બે લોકોના સારવાર દરમિયાન મોત થતા અકસ્માતમાં કુલ પાંચ લોકોના મોત થયા છે.

સુરેન્દ્રનગરના લખતરના ઝામર ગામ નજીક આઈસર અને સેન્ટ્રો કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. સદાદ ગામનો પરિવાર પલાસા ખાતે માતાજીની બાધા પુરી કરવા જતાં સમયે અકસ્માત નડ્યો હતો. આ અકસ્માતમાં ૫ લોકોના મોત થયા છે. તેમજ કેટલાક વ્યક્તિને ઈજાઓ પહોંચી હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે, કારના ફૂરચેફૂરચા ઉડી ગયા હતા. બનાવની જાણ થતા જ સ્થાનિક લોકો દોડી આવ્યાં હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી. આ અકસ્માતમાં મહિલા અને બાળકોનો પણ સામેલ હતા. તેમજ બનાવની જાણ થતા જ લખતર પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને વધુ તપાસ હાથ ધરી હતી.

જયારે જામનગરનાં ચંગા નજીક ચંદ્રગઢ રોડ પર બે કાર વચ્ચે ભીષણ ટકકર થતાં કારમાં સવાર પતિ-પત્નીનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયું હતું. જયારે ઈજાગ્રસ્તોને જામનગરની જી.જી. હોસ્પીટલમાં ખસેડાયા છે

## આમ આદમી પાર્ટીનાં ધારાસભ્ય અમાનતુલ્લાહ ખાનનાં નિવાસ સ્થાને ઈડીનો દરોડો

નવી દિલ્હી તા.૧૦ : આમ આદમી પાર્ટીના સાંસદ સંજયસિંહની ધરપકડ બાદ એનફોર્સમેન્ટ ડીરેકટોરેટ દ્વારા હવે આપના ધારાસભ્ય અમાનતુલ્લાહ ખાનનાં રહેઠાણ સહીતનાં સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે. મની લોન્ડ્રીંગના એક કેસમાં આજે સવારથી આ દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અમાનતુલ્લાહ ખાન ઓખલા વિધાનસભા મતક્ષેત્રમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા છે

તેમના વિરૂદ્ધ અગાઉ પણ ભ્રષ્ટાચારનાં આરોપ લાગ્યા હતા અને એક કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. એમ કહેવાય છે કે એસીબી તથા સીબીઆઈએ નોંધેલા કેસનાં આધારે એન્ફોર્સમેન્ટ વિભાગ દ્વારા દરોડા કાર્યવાહી કરવામાં આવી છે. દિલ્હી વકફ બોર્ડમાં ભરતીમાં ગેરરીતી સંબંધીત કેસ છે આ ટ્રસ્ટમાં અમાનતુલ્લાહ ચેરમેન છે. પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રીંગ એકટ હેઠળ એન્ફોર્સમેન્ટ વિભાગે સવારથી આપ ધારાસભ્યનાં ઓખલા સ્થિત નિવાસસ્થાન સહિતનાં અનેક સ્થળોએ દરોડા પાડયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત સપ્તાહમાં ઈડી દ્વારા આપના સાંસદ સંજયસિંહ પર દરોડા કાર્યવાહી કરવામાં આવી હતી.

### પાંચ રાજયોની વિધાનસભાની ચૂંટણી જાહેર થવાની સાથે જ રાજકીય માહોલ ગરમ :

## ઓપિનિયન પોલ મુજબ મધ્યપ્રદેશમાં ભાજપને, રાજસ્થાનમાં કોંગ્રેસને ફટકો પડશે : છત્તીસગઢમાં કાંટે કી ટક્કર

નવી દિલ્હી, તા.૧૦: ABP-C મતદારોના સર્વે અનુસાર મધ્યપ્રદેશમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મત ટકાવારી સમાન હોવા છતાં પણ સીટોના મામલે કોંગ્રેસ ભાજપ કરતા આગળ જોવા મળી રહી છે. રાજસ્થાનમાં ભાજપને મોટો ફાયદો થતો જોવા મળી રહ્યો છે, જ્યારે છત્તીસગઢમાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી શકે છે.

ચૂંટણીની તારીખોની જાહેરાત સાથે જ તમામ રાજયોના ઓપિનિયન પોલ પણ બહાર આવવા લાગ્યા છે. ABP-C મતદારોના સર્વે અનુસાર મધ્યપ્રદેશમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મત ટકાવારી સમાન હોવા છતાં પણ સીટોના મામલે કોંગ્રેસ ભાજપ કરતા આગળ જોવા મળી રહી છે.

જ્યારે છત્તીસગઢમાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે જબરદસ્ત મુકાબલો જોવા મળી રહ્યો છે. તેલંગાણામાં કોંગ્રેસને મોટી જીત મળતી દેખાઈ રહી છે.

મધ્યપ્રદેશમાં ફરી એકવાર વિધાનસભાની ચૂંટણી જીતીને, ભાજપ લોકસભાની ચૂંટણી પહેલા વિપક્ષની સામે લાંબી લાઇન દોરવા માંગે છે, જ્યારે કોંગ્રેસ ભાજપને સત્તા પરથી હટાવીને રાજ્યની કમાન સંભાળવા માંગે છે.

મધ્યપ્રદેશમાં સી-વોટરના ઓપિનિયન પોલ અનુસાર કોંગ્રેસને ચૂંટણીમાં ફાયદો મળી શકે છે. ૨૩૦ બેઠકોમાંથી કોંગ્રેસને ૧૧૩-૧૨૫ બેઠકો, ભાજપને ૧૦૪-૧૧૬ બેઠકો, બસપાને ૦-૨ બેઠકો અને અન્યને ૦-૩ બેઠકો મળી શકે છે. સી-વોટરના ઓપિનિયન પોલ મુજબ વોટ શેરના મામલે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે તિવ્ર મુકાબલો છે. ઓપિનિયન પોલ અનુસાર આ વર્ષની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને ૪૫ ટકા વોટ મળી શકે છે, જ્યારે ભાજપને પણ ૪૫ ટકા વોટ મળતા જોવા મળી રહ્યા છે. બસપાને ૨ ટકા વોટ મળી શકે છે, જ્યારે અન્યને ૮ ટકા વોટ મળતા જોવા મળી રહ્યા છે.


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલપ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા....

કિરણ સર્જીકલ હોસ્પિટલ
જનરલ સર્જરી, લેપ્રોસ્કોપી અને એન્ડોસ્કોપી સેન્ટર

ડો. અમિત વી. ભુવા
M.S. (જનરલ)



અનુભવ
● ભૂતપુર્વ સર્જન સિવિલ હોસ્પિટલ - અમદાવાદ (૩ વર્ષ)
● કન્સઈટન્ટ સર્જન સિવિલ હોસ્પિટલ - જૂનાગઢ (૪ વર્ષ)
● ભૂતપૂર્વ કન્સલટન્ટ સર્જન એન્ડ એન્ડોસ્કોપી (૬ વર્ષ)
ત્રિમૂર્તિ હોસ્પિટલ - જૂનાગઢ

ત્રીજો માળ, દ્વારીકા પ્લાઝા-૨, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ
: નામ નોંધાવવા માટે સંપર્ક :
૯૯૭૪૨ ૨૦૧૪૦



૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ



PLOT FOR URGENT SALE

Best Plot For Banglow or Flats

જૂનાગઢ, લક્ષ્મીનગરમાં 300+ વારનો પ્લોટ

દલાલો આવકાર્ય

કસમાં વેચવાનો છે

મો. ૮૧૬૦૪ ૬૮૧૯૨



ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક

NIT® ટેકનીકલ કોલેજ

સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં થિયરી
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ

⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ચિપેક વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો

Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com



"સુખ - સમૃદ્ધિની હોય કોઈ પણ જરૂરીયાત, બસ માસ થી જ કરો શુભ શરૂઆત"

MAS
તહેવારોની મૌસમ આવી, ઓફરોની રમઝટ લાવી.

ટુ-વ્હીલર વસાવો 100% લોન મેળવો
યુઝ્ડ કાર વસાવો 90% સુધી લોન
કોમર્શિયલ વ્હીકલ લોન 90% સુધી
પર્સનલ લોન 5 લાખ સુધી આજે જ મંજુરી મેળવો
બિઝનેસ લોન 5 લાખ* થી 1 કરોડ* સુધી
તમારા ઘર અને દુકાન સામે ₹ 5 લાખ* થી 5 કરોડ* સુધી લોન મેળવો
હોમ લોન

• આકર્ષક વ્યાજદર • ઝડપી પ્રોસેસિંગ • આસાન શરતો

* સ્કીમ મુજબ, નિયમો અનુસાર

EXCELLENCE THROUGH ENDEAVOURS
MAS FINANCIAL SERVICES LTD.
The Power of Distribution

માસ ફાયનાન્સિયલ સર્વિસીસ લિમિટેડ

જે સમજે આપના અમૂલ્ય સપનાનું મુલ્ય
વધુ માહિતી માટે હમણાં જ કોલ કરો

જૂનાગઢ : 9925035546 ઉના : 9427738270 ગીરગઢડા : 9737438381 તલાજા : 9799706906 સુતરાપાડ : 9157308848 માણાવદર : 9624119957

18002025555


C M Y K C M Y K C M Y K

# ૧૦ ઓક્ટોબર : માનસિક બીમારીની જાગૃતિ અર્થે ઉજવાતો "વિશ્વ માનસિક સ્વાથ્ય દિવસ"




(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા.૧૦

સમગ્ર વિશ્વમાં માનવી શારીરિક સ્વાસ્થ્ય પ્રત્યે જેટલો સભાન હોય છે તેટલો માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે ઉદાસીન હોઈ જાગૃતિના અભાવે કરોડો લોકો માનસિક સારવારના અભાવે બેચેની, ઉદાસી, હતાશા અને આત્મહત્યા તરફ દોરવાતા જોવા મળે છે. વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ૧૦ મી ઓક્ટોબરનો દિવસ માનસિક બીમારીની જાગૃતિ અર્થે 'વિશ્વ માનસિક સ્વાથ્ય' દિવસ તરીકે ઉજવવામાં છે. જેની આ વર્ષની થીમ 'માનસિક સ્વાસ્થ્ય એ સાર્વત્રિક માનવ અધિકાર છે'. પ્રવર્તમાન સ્થિતિમાં માનસિક બીમારીનું પ્રમાણ સમાજમાં ખુબ ઝડપથી વધી રહ્યું છે, ત્યારે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા કરેલા સર્વે મુજબ દર ચારમાંથી એક વ્યક્તિને તેના સમગ્ર જીવન દરમ્યાન કોઈને કોઈ પ્રકારની માનસિક બીમારી થતી હોય છે. વિશ્વમાં ૧૫ કરોડ કરતા વધુ લોકો ઉદાસીના રોગથી પીડાય છે. તેના પરિણામે ૯ કરોડથી વધુ લોકો વ્યસન રોગથી પીડાય છે, અને ૧૦ લાખથી વધુ લોકો આત્મહત્યા કરે છે. આપણા દેશની વાત કરીએ તો ૯૦ ટકા જેટલા માનસિક બીમારી ધરાવતા દર્દીઓને સારવાર મળતી નથી. જેનું મુખ્ય કારણ માનસિક બીમારી વિશેની જાગૃતિનો અભાવ અને બીમારી વિશેની ગેર માન્યતા જવાબદાર છે.

### માનસિક બીમારીના લક્ષણો

પદ્મકુંવરબા હોસ્પિટલના માનસિક રોગ વિભાગના ડો. નીરવ ચુડાસમાએ વિવિધ માનસિક બીમારી અંગે સમજાવતા કહ્યું છે કે, ચિંતા, ઉદાસી, સ્કિઝોફ્રેનિયા, ધૂન એ વધારે પડતા સમય સુધી રહે તો તે માનસિક રોગમાં પરિણમી શકે છે. જેના લક્ષણોમાં વ્યક્તિને ચોક્કસ સ્થિતિમાં ડરની લાગણી, બેચેની અનુભવાય, સ્વભાવ ચીડિયો થઈ જવો, જીવ નીકળી જશે તેવો ડર લાગવો, વ્યક્તિને જલ્દીથી ગુસ્સો આવવો, સ્વભાવ ચિડિયાપણો થઈ જવો, ભૂખ ના લાગવી, ઊંઘ ના આવવી, સતત મરી જવાના વિચારો આવવા, દર્દીને જાતજાતના વહેમ, શંકા થવી, પોતાની દુનિયામાં ખોવાયેલું રહેવું, સતત હસવું કે રડવું જેવા લક્ષણો હોઈ શકે. આ સ્થિતિમાં તેઓનું કાઉન્સેલિંગ અને દવા દ્વારા નિરાકરણ લાવી શકાય છે. લોકોમાં માનસિક બીમારી અંગે કેટલીક ગેરમાન્યતાઓ પણ હોવા અંગે ડો. નીરવ જણાવે છે કે, દેવી દેવતાના પ્રકોપથી માનસિક રોગ થાય છે, રોગી હિંસક હોય છે તેથી તેઓને બંધનમાં રાખવા જોઈએ, દવાઓ નુકસાનકારક અને વ્યસની બનાવે છે. જયારે આ બાબતો ગેરમાન્યતા ભરેલી હોઈ દર્દી અને તેના પરિવારજનોએ કોઈપણ પ્રકારનો સામાજિક ભય રાખ્યા વગર વહેલી તકે દર્દીને વહેલી તકે સારવાર પુરી પાડવી જોઈએ.

### માનસિક રોગ થવાની સંભાવના અને ઉપાય

સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષ યોગેશ જોગસણના જણાવ્યા અનુસાર માનસિક રોગની સંભવનાના ઘણા કારણો છે. બાળક ગર્ભાવસ્થામાંથી લઈ તેના ઉછેર, પારિવારિક, સામાજિક કે અન્ય બાહ્ય વાતાવરણ અસરકર્તા હોઈ શકે. નાની ઉંમરે કોઈ વિખવાદ, આઘાતજનક ઘટનાના, વિચારોનું દમન કે રાસાયણિક અસંતુલન જવાબદાર હોઈ શકે. આશરે એક લાખથી વધુ લોકોનું કાઉન્સેલિંગ કરનાર ભવનની ટીમના અધ્યક્ષ ડો. જોગસણ જણાવે છે કે, માનસિક રોગ માટે પ્રવર્તમાન સમયમાં ખાનપાન, રહેણીકરણી, સાથે લોકોની લાઈફસ્ટાઈલમાં પરિવર્તનને જવાબદાર ગણાવી ઉકેલ આપતા જણાવે છે કે આપણે પૌષ્ટિક આહાર, યોગા-ધ્યાન અને ગમતી પ્રવૃત્તિ કરવી જરૂરી છે. આ સાથે પૂરતી ઊંઘ લેવી, મોબાઈલનો ખપ પૂરતો ઉપયોગ, વર્તમાનમાં જીવવું, પરિવાર અને મિત્રો સાથે સમય ગાળવો અને શક્ય તેટલું કુદરતી વાતાવરણ અને હકારાત્મક વિચારધારા અપનાવવી જોઈએ.

### જનજાગૃતિ અર્થે વ્યાપક પગલાઓ

વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓમાં જાગૃતિ અર્થે પદ્મકુંવરબા હોસ્પિટલ દ્વારા પ્રેઝન્ટેશન દ્વારા શાળા, કોલેજ, ગ્રામ પંચાયત, પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે માનસિક આરોગ્યની જાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવે છે. જયારે મનોવિજ્ઞાન ભવન દ્વારા કેમ્પસ ખાતે કાઉન્સેલિંગ અને અને શાળા કોલેજમાં સેમિનાર યોજવામાં આવે છે. માનસિક દર્દીને સધિયારો પૂરો પાડવો તે સમગ્ર પરિવાર અને સમાજની જરૂર છે ત્યારે, રાજ્ય સરકાર પણ આ બાબતે સતત ચિંતિત હોઈ માનસિક રોગીઓ માટે ખાસ ટેલીમાનસ નામની હેલ્પલાઈન નંબર ૧૪૪૧૬ અને ૧-૮૦૦-૮૯૧-૪૪૧૬ શરૂ કરી છે.

# વાઈબ્રન્ટ ગુજરાત વાઈબ્રન્ટ મોરબી કાર્યક્રમ અન્વયે રૂા.૨૮૦૦ કરોડના ૯૧ એમ.ઓ.યુ. થયા



(પ્રતિનિધિ દ્વારા) મોરબી તા.૧૦


મોરબી ખાતે તારીખ ૯ અને ૧૦ ઓક્ટોબરે દરમ્યાન 'વાઈબ્રન્ટ ગુજરાત વાઈબ્રન્ટ મોરબી' ભવ્ય કાર્યક્રમનું આયોજન છે. આ કાર્યક્રમનું આયોજન ગુજરાતમાં વધુમાં વધુ રોકાણ થાય તેવા ઉમદા હેતુથી ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં કરવામાં આવી રહ્યું છે. આ હેતુ મોરબીમાં સાર્થક થયો છે. વાઈબ્રન્ટ મોરબી કાર્યક્રમ જબ્બર પ્રતિસાદ સાંપડી રહ્યો છે, જ્યાં આ કાર્યક્રમના ભાગરૂપે વિવિધ વિભાગોમાં સેક્ટર વાઈઝ વિવિધ ઉદ્યોગો દ્વારા રૂા.૨૮૦૦ કરોડના ૯૧ જેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. રાજ્ય કક્ષાએ યોજાતા વાઈબ્રન્ટ કાર્યક્રમને સરકાર દ્વારા જિલ્લા કક્ષાએ લઈ જવાનો એક જન કલ્યાણનો ઉમદા નિર્ણય લેવામાં આવ્યો છે. જે થકી જિલ્લા કક્ષાએ વિવિધ સેગમેન્ટ પેદાશોને આંતરરાષ્ટ્રીય કક્ષાએ લઈ જવા માટે તેમજ રોકાણ માટે નવી દિશા મળી રહી છે. મોરબી સિરામિક, ઘડિયાળ સહિતના મોટા ઉદ્યોગોનો જિલ્લો છે ત્યારે મોરબીમાં વિવિધ રોકાણો લાવવા માટે વાઈબ્રન્ટ ગુજરાત વાઈબ્રન્ટ ડીસ્ટ્રીક્ટ હેઠળ વાઈબ્રન્ટ મોરબી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના ભાગરૂપે વરમોરા ગૃપ દ્વારા ૧૦૦૦ કરોડના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. આ એમ.ઓ.યુ. સહિત ૨૮૦૦ કરોડના ૯૧ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત ઉદ્યોગકારો તેમજ સ્ટાર્ટ અપ કરતા લોકો માટે વિવિધ વિષયો પર સેમિનાર અને પ્રેઝન્ટેશન, ઉદ્યોગકારો તેમજ ઉચ્ચ અધિકારીઓ સાથે ઓપન હાઉસ વગેરે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત વિવિધ પેદાશો માટે પ્રદર્શન સહ વેચાણ સ્ટોલનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# વાઈબ્રન્ટ ગુજરાત વાઈબ્રન્ટ મોરબીના વરમોરા ગૃપ દ્વારા ૧૦૦૦ કરોડના એમ.ઓ.યુ. કર્યા

(પ્રતિનિધિ દ્વારા) મોરબી તા.૧૦

'વાઈબ્રન્ટ ગુજરાત વાઈબ્રન્ટ મોરબી' કાર્યક્રમ અન્વયે મોરબી જિલ્લામાં ઔદ્યોગિક એકમો સાથે વિવિધ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. જે અન્વયે મોરબીના વરમોરા ગૃપ દ્વારા ૧૦૦૦ કરોડના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. આવા એમ.ઓ.યુ. થકી મોરબીનો ઔદ્યોગિક ક્ષેત્ર વધુ ઊંચાઈઓ સર કરશે અને મોરબીના વિકાસને વધુ ગતિ મળશે. વરમોરા ગૃપના ચેરમેનશ્રી ભાવેશભાઈ વરમોરાએ જણાવ્યું હતું કે, "મંત્રી જગદીશ વિશ્વકર્મા તેમજ મોરબીના પદાધિકારી/અધિકારીની ઉપસ્થિતિમાં યોજાયેલા 'વાઈબ્રન્ટ ગુજરાત વાઈબ્રન્ટ મોરબી' કાર્યક્રમમાં વરમોરા ગૃપ દ્વારા ૧૦૦૦ કરોડના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. હાલમાં વરમોરા ગૃપના ૫૦૦ કરોડના બે પ્લાન્ટ અંડર કન્ટ્રક્શન છે. આગામી સમયમાં બીજા ૫૦૦ કરોડના ડેવલોપમેન્ટ કામ થશે. આવા એમ.ઓ.યુ. થકી ગુજરાતની વિકાસની ગતિને વધુ વેગ મળશે. આ એમ.ઓ.યુ કરવા બદલ હું સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું કારણ કે આ 'વાઈબ્રન્ટ ગુજરાત વાઈબ્રન્ટ ડિસ્ટ્રીક્ટ' કાર્યક્રમ થકી ઉદ્યોગોની ગતિ વધુ વેગમાન બનશે તેમજ સરકાર અને ઉદ્યોગો વચ્ચેનો સેતુ વધુ મજબૂત બનશે. હળવદ ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરાએ જણાવ્યું હતું કે, "વિશ્વના સિરામિક બીજા નંબરના હબ અને ભારતના ૯૦ ટકા ઉત્પાદનના હબ એવા



મોરબી ખાતે વરમોરા ગૃપ દ્વારા ૧૦૦૦ કરોડના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. મોરબીને સિરામિકનું વિશ્વ કક્ષાનું ક્લસ્ટર બનાવવા માટે હું સરકારનો આભાર વ્યક્ત કરૂ છું. ઔદ્યોગિક શહેર એવા મોરબીમાં ૨૮૦૦ કરોડના ૯૧ જેટલા એમ.ઓ.યુ. થયા છે. આગામી વાઈબ્રન્ટ ગુજરાતમાં મોરબીના રોકાણનો આ આંકડો ૧૦૦૦૦ને પાર કરશે તેઓ આશાવાદ પણ આ તકે ધારાસભ્યએ વ્યક્ત કર્યો હતો અને જિલ્લાઓની સરખામણીમાં મોરબી જિલ્લો વાઈબ્રન્ટ ગુજરાતમાં સક્ષમ રીતે સહભાગી બનશે તેવું પણ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે 'વાઈબ્રન્ટ ગુજરાત વાઈબ્રન્ટ મોરબી' કાર્યક્રમ અન્વયે મોરબી ખાતે પધારેલા મંત્રી જગદીશ વિશ્વકર્માએ વરમોરા વરમોરા સિરામિક યુનિટની મુલાકાત લઈ આ એમ.ઓ.યુ. બદલ વરમોરા ગૃપને ગુજરાત સરકાર વતી અભિનંદન પાઠવ્યા હતા.

# એસએમવીએસ સ્વામીનારાયણ મંદિરે ધાર્મિક કાર્યક્રમનું આયોજન



(પ્રતિનિધિ દ્વારા) ઉના તા. ૧૦

સ્વામીનારાયણ સંપ્રદાય નાઘેર પંથકનાં ઉના શહેરમાં એસએમવીએસ સંસ્થાનાં ગુરૂવર્ય સત્યસંકલ્પદાસજી સ્વામીએ પોતાના પાવન પદરજ માંડી ઉનાની ભૂમિને પાવન કરી છે. સવારે ૯.૩૦ કલાકે ઉનાના સેંકડો યુવાનોએ ટુ-વ્હીલરની ભવ્ય રેલી દ્વારા હરીકૃષ્ણ મહારાજ તથા ગુરૂજી તેમજ સંતોનું ભવ્ય સ્વાગત કર્યુ હતું. ગુરૂજીએ સવારે ૧૦ થી ૧.૩૦ અંગત શિબિર તથા ઉનામાં ભાવિક ભકતોના ઘરે ઘરે પધરામણી કરી સૌ ઘરોને પાવન કર્યા હતાં. સાંજે ૭ થી ૯ મંદિર ખાતે જાહેર સત્સંગ સમારોહમાં સમગ્ર ઉના તાલુકા, રાજુલા, અમરેલી, ભાવનગર, વેરાવળ તથા અમદાવાદથી લાભ લેવા પધારેલા હજારો ભાવિક ભકતોને આજનાં મોબાઈલ યુગમાં આદર્શ વાલીની તથા પાંચ શિખામણની ચાવીઓ આપી જીવનને હર્યુભર્યુ બનાવવા ઉંડાણપૂર્વક સચોટ માર્ગદર્શન આપી જેમાં પરીવારમાં સન્માન, સમય આપો, સ્નેહ આપો, સંપ રાખજો, સત્સંગ રાખજો જેની પાંચ માસ્ટર કી બતાવી સૌને મંત્રમુગ્ધ કર્યા હતાં. તેમજ એસએમવીએસ મંદિર ખાતે દર રવિવારે સાંજે ૭ થી ૯ સત્સંગ સભાનો લાભ લેવા આદેશ કર્યો હતો.

# જૂનાગઢ અને ડુંગરપુરમાં જુગાર દરોડો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢમાં સી ડીવીઝન પોલીસે ચોક્કસ બાતમીના આધારે ટીંબાવાડી, પ્રમુખનગરના ગેઈટની આગળ, બિલનાથપરા વિસ્તારમાં રોડ ઉપર જાહેરમાં જુગાર રમતા ત્રણ મહિલા સહિત ચારને રૂા.૧૦,૧૯૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લીધા છે. જયારે જૂનાગઢ ક્રાઈમબ્રાન્ચ દ્વારા ડુંગરપુર ગામે ફોરેસ્ટ નરસરની બાજુમાં જાહેરમાં જુગાર રમતા પાંચને રૂા.૧,૧૧,૪૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટ : ટુ વ્હીલર સામે ઢોર આવી જતા અકસ્માત સર્જાયો

રાજકોટ, તા.૧૦

૪૦ વર્ષીય ચંદ્રિકા સિધ્ધપરાનું રાજકોટ ભાવનગર હાઈવે પર આવેલ તુલસી હોટલ પાસે રોડ અકસ્માતમાં મોત નીપજ્યું હોવાનું બનાવ સામે આવ્યો છે. ગાય આડી ઉતરતા મૃતકના પતિ મનુ સિદ્ધપરા દ્વારા મોટર સાયકલ પર કાબુ ગુમાવવામાં આવતા દંપતી મોટરસાયકલ સહિત રોડ પર પટકાયું હતું. જેના કારણે પત્ની ચંદ્રિકા સિધ્ધપરાને માથાના પાછળના ભાગમાં ગંભીર ઈજા પહોંચતા તેનું મૃત્યુ હોવાનું સામે આવ્યું છે. તો સાથે જ પતિ મનું સિધ્ધપરાને ડાબા હાથમાં ફ્રેકચર જેવી ઈજા પહોંચી હોવાનું પણ સામે આવ્યું છે. ત્યારે સમગ્ર મામલે મૃતકના ભાઈ રમેશ ભેસાણીયા દ્વારા આજીડેમ પોલીસ સ્ટેશન ખાતે મોટર વ્હિકલ એક્ટ અંતર્ગત ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# ખંભાળિયામાં આપઘાત પ્રકરણમાં ઝડપાયેલા ત્રણ આરોપીઓ ચાર દિવસના રિમાન્ડ પર



(કુંજન રાડીયા દ્વારા) જામ ખંભાળિયા, તા.૧૦

ખંભાળિયા તાલુકાના ભાડથર ગામે રહેતા ભાયાભાઈ જગાભાઈ ચાવડા નામના ૫૦ વર્ષના આધેડે આર્થિક સંકળામણમાં આવી અને નાછૂટકે ઝેરી દવા પીને આપઘાત કરી લીધાનો બનાવ પ્રકાશમાં આવ્યો હતો. જે સંદર્ભે મૃતકના પુત્રી દ્વારા સાત શખ્સો સામે ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

આ પ્રકરણમા પોલીસે મુખ્ય આરોપી એવા રમેશભાઈ ભાયાભાઈ પિઠીયા, તેમના પુત્ર ક્રિષ્ના ઉપરાંત તેમના ભાણેજ મુકેશ મેરામણ નંદાણીયાની વિધિવત રીતે અટકાયત કરી, ગત સાંજે ખંભાળિયાની અદાલતમાં રજૂ કર્યા હતા. આ સંદર્ભે તપાસનીસ પી.એસ.આઈ. ડી.જી. પરમાર દ્વારા અન્ય આરોપીઓની શોધખોળ માટે, આ પ્રકરણમાં થયેલા આર્થિક વ્યવહાર ઉપરાંત બેંક ટ્રાન્જેક્શન સહિતના મુદ્દે સાત દિવસના રિમાન્ડની માંગણી કરતા નામદાર અદાલતે આરોપીઓના તા. ૧૩ મી સુધીના ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

### અવસાન નોંધ

વેરાવળ : પ્રાસલીવાળા સ્વ.વલ્લભદાસ રામજીભાઈ ભગદેવના પુત્ર રસિકલાલ ભગદેવ ઉં.વ.૭૩ તે કેતનભાઈ (એલ.આઈ.સી), સુમિતભાઈ (મુન્દ્રા), રૂપલબેન હર્ષદકુમાર પોપટના પિતાશ્રી, હર્ષદકુમાર પોપટના સસરા, તાલાળા નિવાસી સ્વ.ગિરધારલાલ નારણદાસ ચેતાના જમાઈ, ભરતભાઈ, પ્રકાશભાઈના બનેવીનું તા.૯ ના સોમવારે અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તથા પીયર પક્ષની સાદડી તા.૧૨-૧૦-૨૦૨૩ ને ગુરૂવારે સાંજે ૪-૩૦ થી ૬ કલાકે બીલેશ્વર મંદિર, શિક્ષક કોલોની, વેરાવળ ખાતે રાખેલ છે.

# ૧૨ યુવાનોની ટીમે ૧૬,૪૫૦ ફૂટ ઊંચા હિમાચલના માઉન્ટ જગતસુખ શિખર સર કર્યું



(પંકજ ઝીબા દ્વારા) રાજકોટ તા.૧૦

વ્યાપાર અને ધંધા માટે વિશ્વપ્રસિદ્ધ ગુજરાતીઓ હવે સાહસિક ગતિવિધિઓમાં પણ આગવું પ્રદર્શન કરી રહ્યા છે.

માઉન્ટ જગતસુખ હિમાચલના કુલ્લુ-મનાલી વિસ્તારમાં આવેલ ૧૬,૫૮૦ ફૂટ ઊંચું બર્ફીલુ શિખર છે. દુર્ગમ ચઢાણ અને અત્યંત નીચા તાપમાનનો સામનો કરી ગુજરાતના યુવાનોની ટીમે સફળતાપૂર્વક આરોહણ કરીને તેના પર તિરંગો લહેરાવ્યો છે. આ સમગ્ર આરોહણ "ડ્રગ જાગૃતિ" અભિયાન માટે કરવામાં આવ્યું હતું.

આ દળ અમદાવાદથી ૨૯ સપ્ટેમ્બરનાં દિવસે રવાના થયું હતું. મનાલી થી ૬ દિવસની કઠિન ચઢાઈ બાદ ૦૬ ઓક્ટોબર નાં સવારના ૧૦: ૨૭ વાગ્યે ટીમના ૧૨ સભ્યો ૧૬,૪૫૦ ફૂટની ઊંચાઈ પર તિરંગો'લહેરાવામાં સફળ રહ્યા હતા. સફળતાપૂર્વક આ રોહણ પૂર્ણ કરીને આ દળ ૭ ઑક્ટોબર ના રોજ મનાલી બેઝકેમ્પ પર પરત આવી જતા પર્વતારોહકો અને ટ્રેકિંગ સાથે સંકળાયેલ લોકોમાં આનંદનું મોજું ફરી વળ્યું હતું.

આ પર્વતારોહણ કુલ ૮ દિવસનું હતું જેમાં ઈન્વિન્સીબલ એન.જી.ઓની ટીમ પહેલા દિવસે મનાલી (૬૦૦૦ ફૂટ) પહોંચી જરૂરી તૈયારીઓ કરી હતી, ત્યારબાદ બીજા દિવસે ટીમ છીકા કેમ્પ સુધી પહોંચ્યા હતા. ત્રીજા દિવસે કેમ્પ શેરી કેમ્પસાઈટ (૧૨,૫૦૦ ફૂટ) પર પહોંચી ચોથા દિવસે ટેન્ટા કેમ્પસાઈટ(૧૪,૩૫૦) અને પાંચમા દિવસે ટ્રેઈનિંગ લઈ છેવટે છઠ્ઠા દિવસે રાત્રે ૦૪ વાગે નીકળી ૬ કલાક અને ૨૭ મિનીટ ની સતત ચઢાઈ બાદ તારીખ છઠ્ઠી ઓક્ટોબર, ૨૦૨૩ ની સવારે ૧૦: ૨૭ એ ૧૨ સભ્યોએ માઉન્ટ જગતસુખ શિખર(૧૬,૪૫૦ ફૂટ) પર ભારતીય રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો હતો. ત્યારબાદ ૭ મી ઓક્ટોબર ના અભિયાન પૂર્ણ કરી ટીમ મનાલી પરત ફરી હતી.

આ પર્વતારોહણ એક્સપેડિશનનું આયોજન અમદાવાદ સ્થિત સંસ્થા ઈન્વિન્સીબલ **(Invincible NGO)**દ્વારા કરવામાં આવ્યું હતું. આ દળનું સિલેકશન જુલાઈ માં થયું હતું અને ત્યાર બાદ આકરી તાલીમ બાદ તેમને અંતિમ ચઢાણ માટે મોકલવામાં આવ્યા હતા.

# ઉનામાં લક્ષ્ય ફાઉન્ડેશન દ્વારા આયોજીત વેલકમ નવરાત્રીમાં ભવ્ય રાસ રમઝટ



(નીરવ ગઢીયા દ્વારા) ઉના તા.૧૦

નવરાત્રી પર્વ ના તહેવાર ને લયને ઉના માં લક્ષ્ય ફાઉન્ડેશન દ્વારા રુદ્રાક્ષ પાર્ટી પ્લોટ માં વેલકમ નવરાત્રી નું આયોજન કરાયેલ હતું જેમાં નાના નાના ભૂલકાઓ થી માંડી અને મોટા છોકરાઓ અને છોકરીઓ ના બંને સ્પ્રધકો સાથે વેલકમ નવરાત્રી નું આયોજન ધ્રુવ દીક્ષિત,અશ્વિન ડાભી,અનિરુદ્ધ રાઠોડ,નિલેશ બોરક્ષત્રિય તથા ચિરાગ દીક્ષિત દ્વારા આયોજન કરવામાં આવેલ હતું જેમાં કાર્યક્રમ ની શોભા અને સંચાલન ઉના નગરપાલિકા ના પૂર્વ ઉપપ્રમુખ રાધે ભાઈ જોશી એ કરેલ હતું અને ઈનામો નો વરસાદ થયેલ હતો.

# રાજકોટની ટ્રેનમાં થયેલા કિંમતી પર્સની ચોરીના પ્રકરણના આરોપીને ખંભાળિયા પોલીસે દબોચી લીધો

(કુંજન રાડીયા દ્વારા) જામ ખંભાળિયા, તા.૧૦

રાજકોટ રેલવે સ્ટેશન ખાતે એક આસામી ગત તારીખ ૨૫ સપ્ટેમ્બરના રોજ સવારના સમયે ભાવનગર-ઓખા ટ્રેનના જનરલ કોચમાં મુસાફરી કરી રહ્યા હતા, ત્યારે તેમનું પર્સ કોઈ ગઠિયો ચોરી કરીને લઈ ગયા હોવાનો બનાવ રાજકોટ રેલવે પોલીસ મથકમાં નોંધાવવામાં આવ્યો હતો. આ આસામીના સોનાના ચેન સહિત કુલ રૂપિયા ૧,૧૧,૮૦૦ નો મુદ્દામાલ ચોરી થયાનું પોલીસમાં જાહેર થયું હતું.

આ પ્રકરણ પછી ખંભાળિયા પોલીસ મથકના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશીના



માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફના કાનાભાઈ લુણા, યોગરાજસિંહ ઝાલા તથા ખીમાભાઈ કરમુરને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા તાલુકાના ભાતેલ ગામે બોરડી વાસ ખાતે રહેતા વિજયસિંહ ઉર્ફે કાસમ દિલુભા જાડેજા નામના ૩૬ વર્ષના શખ્સને પોલીસે ઝડપી લઈ અને આગવી ઢબે પૂછપરછ કરતા તેણે રાજકોટ ખાતે કરેલી પર્સની ચોરીની કબૂલાત આપી હતી.

આ શખ્સ પાસેથી પોલીસે ચોરીના રૂપિયા ૧,૧૧,૮૦૦ નો મુદ્દામાલ કબજે કરી, કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ સમગ્ર કામગીરી અહીંના ઈન્ચાર્જ પી.આઈ. નિકુંજ જોષી તથા સ્ટાફના હેમતભાઈ નંદાણીયા, ખીમાભાઈ કરમુર, દિવ્યરાજસિંહ જાડેજા, જેઠાભાઈ પરમાર, વિરેન્દ્રસિંહ જાડેજા, યોગરાજસિંહ ઝાલા તથા કાનાભાઈ લુણા દ્વારા કરવામાં આવી હતી.

# સ્ટેલર કામકાજો તથા બિનસમાંતર વૃદ્ધિનાં ૨૫ વર્ષ ઊજવતું મુંદ્રા પોર્ટ




મુંદ્રા, તા.૧૦

મુંદ્રા પોર્ટ દ્વારા મેળવાયેલી સિદ્ધિની પ્રશંસા થઈ રહી છે. ૨૬૦ એમએમટીથી વધારેની ક્ષમતા સાથે વિશ્વનાં સૌથી મોટાં પોર્ટમાં તેણે સ્થાન મેળવ્યું છે. ભારતના મેરિટાઈમ કાર્ગોના લગભગ ૧૧ ટકા એટલે કે નાણાંકીય વર્ષ ૨૦૨૩ દરમિયાન તેણે ૧૫૫ એમએમટીથી વધારે હેન્ડલ કર્યાં છે. ભારતભરનાં કન્ટેઈનર ટ્રાફિકના પ્રવાહના ૩૩ ટકા કન્ટેઈનર ટ્રાફિક માટે તો એક્ઝીમ ગેટવે છે. શરૂઆત કર્યા બાદથી રાજ્ય અને રાષ્ટ્રના રાજકોષમાં રૂ.૨.૨૫ લાખ કરોડથી વધારેનો ફાળો એણે આપ્યો છે. છેલ્લાં ૨૫ વર્ષોમાં ૭.૫ કરોડથી વધારે માનવદિનનું સર્જન કર્યું છે. મુંદ્રા પોર્ટની આ પચીસ વર્ષની ઉપલબ્ધિ એ છે કે વિશ્વભરનાં સૌથી મોટાં પોર્ટમાં ગણતરી પામીને પણ તેણે રોજગાર અને વિકાસ બંને દિશામાં નોંધપાત્ર કામ કરવાનું વલણ જારી રાખ્યું છે. તા. ૭ ઓક્ટોબર ૧૯૯૮ના રોજ શરૂ થયેલી વિકાસયાત્રામાં તેણે પોતાનો વિઝનરી દૃષ્ટિકોણ સ્પષ્ટ કર્યો છે. એક નિર્ણાયક ગેટવે તરીકે ઊભરી આવીને મુંદ્રા પોર્ટે વેપાર અને આર્થિક વિકાસને વેગ આપ્યો છે. રાજ્ય તથા દેશના આર્થિક વિકાસના માળખામાં તેનું યોગદાન રહ્યું છે. પ્રારંભથી જ તેણે આજ સુધીમાં ૭.૫ કરોડ માનવદિનની રોજગારી પૂરી પાડી છે. ૧૯૯૮માં નાના પાયે શરૂઆત કરીને તેણે વર્ષ ૨૦૧૪ સુધીમાં તો ૧૦૦ એમએમટી સુધી હેન્ડલ કરવાની ક્ષમતા મેળવી લીધી હતી, જે ભારતભરમાં સૌપ્રથમ અને એકમાત્ર ક્ષમતા હતી, જે આજે પણ યથાવત્ છે. ભારતના કન્ટેઈનર ટ્રાફિકનો ૩૩ ટકા પ્રવાહ આ પોર્ટથી થાય છે. આ પ્રસંગે બોલતાં અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, મુંદ્રા મારા માટે એક પોર્ટથી વિશેષ ઘણું બધું છે. ભારતની આગેકૂચમાં ફાળો આપી શકે તેવી એક દીવાદાંડી બનાવવાનું અમારું સ્વપ્નું હતું. આ પ્રવાસમાં અમારી સાથે ખભેખભો મિલાવીને ચાલનારા દરેક સ્ટેકહોલ્ડરે અમારામાં વિશ્વાસ મૂક્યો છે અને એમાં આ પ્રતિબદ્ધતા દેખાય છે. અમે માત્ર પોર્ટ નહીં બલકે વિશ્વકક્ષાએ ઉત્તમતાનું એક પ્રતીકચિહ્ન ઊભું કર્યું છે, જેમાં સમગ્ર પ્રાંતના નવનિર્માણની અને નવીન બ્લૂપ્રિન્ટ દેખાય છે. સીઈઓ તથા હોલટાઈમ ડિરેક્ટર કરણ અદાણીએ જણાવ્યું હતું કે, મુંદ્રા આજે વિશ્વકક્ષાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ગણતરી પામે છે અને ગૌતમ અદાણી જેવા પ્રારંભિક આગેવાનોના ઉચ્ચ વિચારો તથા દીર્ઘદૃષ્ટિમાં કદી અટકવાનું નહીં એવા નિર્ધાર સાથે આગેકૂચ આમાં દેખાય છે. માત્ર ૨૫ વર્ષમાં જ આપણને મુંદ્રામાં વિવિધ ક્ષેત્રે જબરદસ્ત વિકાસ દેખાય છે. એક સમયે જે સાવ ઉજ્જડ હતું તે આજે ભારતનું એક્ઝિમ ગેટવે છે અને વેપાર વાણિજ્ય માટે વૈશ્વિક બજાર બની ગયું છે. અને મારે કહેવું જોઈએ કે હજી તો પ્રવાસનો પ્રારંભ જ થયો છે, એમ તેમણે જણાવ્યું હતું ભારતના સૌથી મોટા વ્યાવસાયિક પોર્ટ તરીકે મુંદ્રા ૩૫,૦૦૦ એકરથી વધારેમાં ફેલાઈને સૌથી મોટા કોલસા, કુદરતી વાયુ અને ઓટો ટર્મીનલ સહિતની કામગીરી કરે છે. મુખ્ય વૈશ્વિક શિપિંગ લાઈનો તેની પસંદગી કરે છે. સાથોસાથ, મુંદ્રા પોર્ટ દ્વારા પર્યાવરણીય જાગૃતિની પ્રવૃત્તિઓ પણ શરૂ કરાઈ છે. મેંગ્રોવ તથા અન્ય વૃક્ષોની જાળવણી તથા લગભગ ૬૦૦૦ હેક્ટર જમીનમાં ૧૭.૫ મિલિયન વૃક્ષારોપણ કરીને તેણે આ જવાબદારી નિભાવી છે. હજી વર્ષ ૨૦૩૦ સુધીમાં તે વધુ ૪ મિલિયન વૃક્ષો વાવવાનું આયોજન કરે છે. આ ઉપરાંત અદાણી ફાઉન્ડેશન દ્વારા મુંદ્રા તથા કચ્છના વિવિધ વિસ્તારોનાં ૧૧૩ ગામોના ૩.૫૩ લાખ લોકોના જીવનમાં પડઘો પાડવામાં આવ્યો છે. અદાણી ફાઉન્ડેશને આ વિસ્તારોમાં શિક્ષણ, આરોગ્ય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ઉત્તમ સેવાઓ પૂરી પાડી છે. બિઝનેસમાં વૃદ્ધિ અને સામાજિક જવાબદારી-ના આ ગ્રુપના સિદ્ધાંતનો આમાં પડઘો પડે છે.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં મિલેટ્સ મેળો યોજાયો

## લોકો ફરી સ્વાસ્થ્યપ્રદ ખોરાક તરફ વળે તે માટે આંતરરાષ્ટ્રીય મીલેટ્સ ઉજવી રહ્યા છીએ:જિલ્લા પંચાયતનાપ્રમુખ હરેશભાઈ ઠુંમર

### જૂનો ખોરાક એવો બાજરા, જુવાર વગેરે જાડા તૃણધાન્ય ભૂલી જવાથી પોષણ ઘટવાની સાથે રોગોનું પ્રમાણ વધ્યું છે

જૂનાગઢ, તા.૧૦

સ્વાદની લ્હાયમાં મનુષ્યે સ્વાસ્થ્ય ગુમાવ્યું છે. તેમ કહેવું ખોટું નહીં ગણાય. વધતી જતી બીમારીઓ પણ તેની સાબિતી આપે છે, આ સ્થિતિમાં લોકો ફરી બાજરી, જુવાર, સાંબો જેવા તૃણધાન્ય (મિલેટ્સ) તરફ વળે અને ખેડૂતો પણ જાડા તૃણધાન્ય પાકોનું વાવેતર વધારે તેવા આશય સાથે જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમરની અધ્યક્ષતામાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે તાલુકા કક્ષાના મીલેટ્સ મેળો યોજાયો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ-૨૦૨૩ને સમગ્ર વિશ્વ આંતરરાષ્ટ્રીય મીલેટસ્ વર્ષ તરીકે પણ ઉજવી રહ્યું છે.

ખેતીવાડી ખાતું અને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ મેળામાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હરેશભાઈ ઠુંમરે જણાવ્યું કે, બિનસ્વાસ્થ્યપ્રદ ખાન-પાનના કારણે લોકોનું સ્વાસ્થ્ય કથળ્યું છે. ત્યારે આ સ્થિતિમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી લોકો ફરી સ્વાસ્થ્યપ્રદ ખોરાક તરફ વળે તે માટે સમગ્ર વિશ્વ આંતરરાષ્ટ્રીય મીલેટ્સ ઉજવી રહ્યું છે. આ સાથે તેમણે રોગોથી બચવા પ્રણાલીત બાજરો, જુવાર જેવા તૃણધાન્ય અપનાવવા માટે હિમાયત કરી હતી. વ્યસન ત્યજવા અને તંદુરસ્ત રહેવા માટે તમાકુના માવા છોડી, દૂધમાંથી બનતા માવોની વાનગીઓ ખાવી જોઈએ તેમ જણાવતા તેમણે કહ્યુંકે, કૃષિ-ઋષિની સંસ્કૃતિને જીવંત રાખવા માટે સારા ખેડૂત બનવું પડશે. તેમ તેમણે ઉમેર્યું હતું. અંતમાં લોકો - ખેડૂતો અને પ્રજાકીય કાર્યો કરવા માટેની ઉત્સુકતા પણ વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે કૃષિ યુનિવર્સિટીના કુલપતિ વી.પી. ચોવટીયાએ જણાવ્યું કે, આપણો જૂનો ખોરાક એવો બાજરા, જુવાર ભૂલી જવાથી પોષણ ઘટવાની સાથે રોગોનું પ્રમાણ વધ્યું છે. આ સાથે આપણે તૃણધાન્ય પાકોના વાવેતરને પણ અવગણીયુ છે. ત્યારે હવે આંતરરાષ્ટ્રીય મીલેટ્સ યરની ઉજવણીથી લોકોમાં તૃણધાન્ય માટે જાગૃતિ આવી રહી છે ત્યારે મિલેટ્સના પોષણક્ષમ ભાવો પણ મળશે. વળી આ તૃણધાન્ય ઓછા ખાતર-પાણીથી થઈ શકે છે. આમ ,તૃણધાન્યાની નિકાસ પણ વધશે તેનો ખેડૂતોને લાભ પણ મળશે. વધુમાં તેમણે મગફળી અને કપાસના પાકના સંવર્ધન માટે ખેડૂત ઉપયોગી સૂચનો કર્યા હતા. નાયબ ખેતી નિયામક એમ.એમ. કાસુન્દ્રાએ જમીન વારસામાં મળી, તેવી તંદુરસ્ત રહી નથી. આપણે જમીનને સુધારવી પડશે. તેની તંદુરસ્તી અને ફળદ્રુપતા વધારવા માટે પ્રાકૃતિક ખેતી શ્રેષ્ઠ વિકલ્પ તેમ તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે જાણીતા લોકસાહિત્યકાર શ્રી લાખણશીભાઈ ગઢવીએ લોકજીવન, લગ્નગીતો, કહેવતો, પૌરાણિક કથાઓ વગેરેમાં બાજરો, જુવાર વગેરે જેવા તૃણધાન્યના ઉલ્લેખોને ટાંકીને બરછટ અનાજ લોકોના આહાર-વિહારમાં કેટલું ઉપયોગી છે. તેને આગવી શૈલીમાં પ્રસ્તુત કર્યું. આ કાર્યક્રમના વિધિવત પ્રારંભ પૂર્વે કૃષિ યુનિવર્સિટીની બેકરી શાળાના બેકરી શાળામાં ફરજરત પ્રો.દિપ્તીબેન એસ. ઠાકરે આહારમાં મીલેટ્સનું મહત્વ અને તેના પોષક તત્વો વિશે વિગતવાર જાણકારી આપી હતી. પ્રગતિશીલ અને પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત હિતેશભાઈ દોમડીયા એ પણ પ્રાકૃતિક ખેતી અને લાભોની વિસ્તૃત જાણકારી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ શ્રી મદદનીશ ખેતી નિયામક એન.બી.ચૌહાણ કરી હતી.



આ તકે ખેતીવાડી, બાગાયત,આત્મા, સખી મંડળ, પશુપાલન, વન વિભાગ, એસ.એસ.કે., બાજરા સંશોધન કેન્દ્ર, જી.એન. એફ.સી., આયુર્વેદિક, પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતનો સ્ટોલ આવા જુદા - જુદા ૧૩ જેટલા સ્ટોલ રાખવામાં આવ્યાં હતા. જેના મારફતે ખેડૂતોએ જુદી-જુદી યોજનાઓ વગેરેની જાણકારી મેળવી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ કણસાગરા, તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી મંજુલાબેન ઠુંમર, જિલ્લા-તાલુકા પંચાયતના ચેરમેનશ્રી-સદસ્યશ્રીઓ, સાવજ ડેરીના ચેરમેન દિનેશભાઈ ખટારીયા, સંશોધન નિયામક માદરીયા, વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ.એન.બી. જાદવ, જિલ્લાખેતીવાડી અધિકારી જે.ડી.ગોંડલિયા, નાયબ ખેતી નિયામક(તા.) ડી.જી.રાઠોડ, નાયબ ખેતી નિયામક (વિ.) એસ.એમ. ગધેસરિયા સહિતના અધિકારી પદાધિકારી અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતા.

# ૧૫ થી ૩૫ વર્ષના યુવક-યુવતીઓ માટે સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ યોજાશે

## પ્રવાસમાં જોડાવા ઈચ્છતા યુવક-યુવતીઓ તા.૩૧ ડિસેમ્બર સુધી અરજી કરવી

જૂનાગઢ, તા.૧૦

ગુજરાત રાજયના ૧૫ થી ૩૫ વર્ષના યુવક-યુવતીઓ રાજયના જુદા-જુદા વિસ્તારો, સાગર સંપતિ, ઉદ્યોગો તગા સાગરકાંઠે વસવાટ કરતી પ્રજાનું લોકજીવન, મુશ્કેલીઓ તેમની કલા અને સંસ્કૃતિ વગેરેનો પ્રત્યક્ષ પરિચય થાય તથા સાગરલક્ષી પ્રવૃતિઓમાં ભાગ લેવા પ્રેરાય તેવા ઉમદા હેતુથી પ્રતિ વર્ષ ૧૫ થી ૩૫ વર્ષના યુવક-યુવતીઓ માટે સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ યોજવામાં આવે છે. આ પ્રવાસમાં જોડાવા ઈચ્છતા યુવક-યુવતીઓ કે જેઓ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ૧૫ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા હોય તેમણે પોતાના જિલ્લાના જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી ખાતેથી નિયત નમુનાનું ફોર્મ મેળવી પોતાનું નામ-સરનામુ, મોબાઈલ નંબર-૪ જન્મ તારીખ, શૈક્ષણીક લાયકાત, વ્યવસાય, એન.સી.સી., પર્વતારોહણ, રમતગમત સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો તેની વિગત, શારીરિક તંદુરસ્તી ધરાવતા હોવાનું તબીબી પ્રમાણપત્ર, વાલીની સંમતિ,તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો, ઓળખ કાર્ડ, અગાઉ આ કાર્યક્રમમાં ભાગ લીધેલ હોય તો તેની વિગત વગેરે માહિતી દર્શાવતી અરજી તા.૧૨/૧૦/૨૦૨૩ સાંજે ૬-૦૦ વાગ્યા સુધીમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, બ્લોક નં.૧/૧, બહુમાળી ભવન, સરદારબાગ, જૂનાગઢ-૩૬૨૦૦૧ (ફોન નં.૦૨૮૫-૨૬૩૦૪૯૦) ખાતે મોકલી આપવાની રહેશે. એમ જૂનાગઢ જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી એન.ડી.વાળાની એક અબખારી યાદીમાં જણાવાયુ છે.

# સમસ્ત બ્રહ્મ યુવા સંગઠન દ્વારા નવરાત્રી મહોત્સવની થશે ઉજવણી

(પ્રતિનિધિ દ્વારા)



જૂનાગઢ, તા.૧૦

નવરાત્રીને અનુસંધાને ધાર્મિક ફાર્મ ખાતે સમસ્ત બ્રહ્મ યુવા સંગઠન ટ્રસ્ટ દ્વારા પત્રકાર પરિષદ યોજાઈ હતી અને દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રી મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવનાર છે ત્યારે વિસ્તૃત વિગતો પણ અપાઈ હતી. ખાસ કરીને હાલના સમયમાં થઈ રહેલા હાર્ટ એટેકના બનાવોને ધ્યાને લઈ સાવચેતીના પગલા લેવા માટે મેડિકલ ટીમ અને ડોક્ટરની ટીમ પણ તૈનાત કરવામાં આવશે. એક લીગલ સર્વિસ ઓથોરિટીનું ટેન્ટ જાહેર કરવામાં આવશે કે જેમાં લોકો ફ્રી માં બધી કાનુની માહિતી આપવામાં આવશે. ૧.૫૦ લાખ વોલ્ટ લાઈનર સાઉન્ડ સિસ્ટમ સાથે ૩,૦૦૦ થી વધુ ખાલૈયાઓ રમી શકે તેવા મોટા ગ્રાઉન્ડ નું આયોજન કરવામાં આવશે. સાથે મેડિકલ સુવિધા માં પ્રાથમિક સારવર કેન્દ્ર અને તમામ પ્રકાર ની સુવિધાઓ ઊભી કરવામાં આવશે. અન્ય સમાજના આગેવાનો અને દાતાઓ માટે અલગ વીઆઈપી બેઠક વ્યવસ્થા કરવામાં આવશે. પરશુરામ ધામના નિર્માણ માટે નવરાત્રી પછી પરશુરામ ધામ નિર્માણ સમિતિ બનશે અને આવનાર સમયમાં પરશુરામ ધામની ભૂદેવોને ભેટ આપવા જઈ રહ્યા છે સમસ્ત બ્રહ્મ યુવા સંગઠન. ઉપરોક્ત મુદ્દા ઉપર પ્રેસ કોન્ફરન્સમાં ચર્ચા કરવામાં આવી હતી તેવું સંસ્થાપક અને પ્રમુખએ જણાવ્યું હતું.

# જૂનાગઢના આંગણે તા.૧૪મી ઓક્ટોબરે 'વાઈબ્રન્ટ ગુજરાત - વાઈબ્રન્ટ જૂનાગઢ' કાર્યક્રમ યોજાશે

## વિકાસ માટેની નવી તકો : નવા ઉદ્યોગો સ્થાપવા માગતા લોકો તથા નવા સ્ટાર્ટઅપને માર્ગદર્શન આપવામાં આવશે

જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢ જિલ્લાના ઔદ્યોગિક વિકાસ માટેરાજ્ય સરકાર દ્વારાતા.૧૪ ઓક્ટોબરને શનિવારે "વાઈબ્રન્ટ ગુજરાત - વાઈબ્રન્ટ જુનાગઢ" કાર્યક્રમનું આયોજન હોટલ ધ ફર્ન (લિયો રિસોર્ટ) ગિરનાર દરવાજા ખાતે કરવામાં આવ્યું છે. સવારે ૯ વાગ્યા થી સાંજે ૫ વાગ્યા સુધીના આ કાર્યક્રમમાં વિવિધ સેમિનાર દ્વારા નવા ઉદ્યોગો સ્થાપવા માગતા લોકો તથા નવા સ્ટાર્ટઅપને માર્ગદર્શન આપવામાં આવશે તથા જૂનાગઢના વિવિધ ઉદ્યોગોનું એક્ઝિબિશન રાખવામાં આવશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે https://docs.google.com/forms/d/e/1FAIpQLSc-ByoBilXfaEcxG9Cq5q084RfxTAvR3-i9oZUNcqMtlzLVGQ/viewform?usp=sf લિંક ઉપર ક્લિક કરી રજીસ્ટ્રેશન ફોર્મ ભરવાનું રહેશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માંગતા લોકોએ રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. રજીસ્ટ્રેશન વગર એન્ટ્રી મળશે નહીં.

# પીએન્ડજી ઈન્ડિયા એ સપ્લાય ૩.૦ ઉપર મોટો દાવ લગાવ્યો, ૩૦૦ કરોડના 'પીએન્ડજી સપ્લાય ચેઈન કેટેલિસ્ટ ફંડ' ની જાહેરાત કરી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૦

પ્રોક્ટર એન્ડ ગેમ્બલ ઈન્ડિયા (પી એન્ડ જી ઈન્ડિયા)એ એક્સ્ટર્નલ પાર્ટનર અને સંશોધકો સાથે સહયોગ કરવા માટે ૩૦૦ કરોડના 'પીએન્ડજી સપ્લાય ચેઈન કેટેલિસ્ટ ફંડ'ની જાહેરાત કરી છે, જે આધુનિક સપ્લાય ચેઈન ઈકોસિસ્ટમ સપ્લાય ૩.૦ તરફની તેની સફરને વેગ આપે તેવા સોલ્યુશન્સનું સહ-સર્જન કરે છે. આ ફંડ સપ્લાયના આગલા સ્તરને બનાવવા માટે કસ્ટમાઈઝ્ડ બિઝનેસ સોલ્યુશન્સ પર પીએન્ડજી સાથે જોડાણ કરવા માટે સ્ટાર્ટ અપ્સ અને ઈનોવેટર્સને તક પૂરી પાડશે, એક સપ્લાય ચેઈન જે વધુ ચપળતા, લવચિકતા, સ્કેલેબિલિટી, પારદર્શિતા અને સ્થિતિસ્થાપકતા પ્રદાન કરે છે.

આ જાહેરાત પ્રધાનમંત્રીની ગતિ શક્તિ પહેલને અનુરૂપ છે, જે દેશમાં મલ્ટિ-મોડલ કનેક્ટિવિટી તરફનો એક પ્રયાસ છે, જે લક્ષિત હસ્તક્ષેપો મારફતે ચીજવસ્તુઓ અને સેવાઓની અવિરત અવરજવરને વધારશે.

પીએન્ડજી ઈન્ડિયાનું વ્યૂહાત્મક રોકાણ 'પીએન્ડજી સપ્લાય ચેઈન કેટેલિસ્ટ ફંડ' ના ભાગરૂપે વિવિધ પ્રકારની પહેલોને આવરી લેશે, જેમાં સપ્લાય ચેઈન ઓપ્ટિમાઈઝેશન, ડિજિટાઈઝેશન, ક્ષમતામાં વધારો અને ટકાઉપણું સામેલ છે, જે તમામ કંપનીની સપ્લાય ચેઈન કુશળતાને ઉત્પ્રેરિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. આ નવું ભંડોળ પીએન્ડજી ઈન્ડિયાના 'વીગ્રો' કાર્યક્રમનો એક ભાગ છે, જે સ્ટાર્ટ-અપ્સ, નાના વ્યવસાયો, વ્યક્તિઓ અને નવીન ઉદ્યોગ-અગ્રણી બિઝનેસ સોલ્યુશન્સ ઑફર કરતી મોટી સંસ્થાઓને ઓળખવા અને તેમની સાથે જોડાણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ ઉકેલો કંપનીને તેના ગ્રાહકોને શ્રેષ્ઠ અનુભવ પ્રદાન કરવામાં અને રચનાત્મક વિક્ષેપ ચાલુ રાખવામાં મદદ કરશે.

પીએન્ડજી ઈન્ડિયા સબકોન્ટિનેન્ટના સીઈઓ એલવી વૈદ્યનાથને જણાવ્યું હતું કે, "અમે દેશની પ્રગતિ માટે એટલા જ પ્રતિબદ્ધ છીએ જેટલા અમે દરરોજ શ્રેષ્ઠ પ્રોડક્ટ સાથે ગ્રાહકોને સેવા આપવા માટે છીએ. 'પીએન્ડજી સપ્લાય ચેઈન કેટેલિસ્ટ' ફંડ સાથે, અમે નવીન ઉકેલોનું સહ-સર્જન કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, જે અમારા ઓપરેશન્સની કરોડરજ્જુ - સપ્લાય ચેઈનમાં વધારો કરે છે. અમને વિશ્વાસ છે કે સપ્લાય ચેઈનમાં કેન્દ્રિત હસ્તક્ષેપોથી રચનાત્મક વિક્ષેપ અને ઉત્પાદકતા સહિતની અમારી એકંદર પ્રાથમિકતાઓ ઉપર હકારાત્મક અસર પડશે."

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, "છ વર્ષ પહેલાં, અમે 'વીગ્રો' શરૂ કર્યું હતું — જેમાં એક્સ્ટર્નલ પાર્ટનર અને સપ્લાયર્સ સાથે સહયોગ અને ભાગીદારીને પ્રોત્સાહન આપવા, વ્યવસાયિક પડકારોને હલ કરવા અને દેશભરમાં ઉભરતા સ્ટાર્ટઅપ્સને સંવર્ધન સ્થળ પ્રદાન કરવા માટે એક પ્લેટફોર્મ બનાવવાનું લક્ષ્ય છે. આ ફંડ સાથે અમે વીગ્રો મારફતે વ્યાવસાયિક સમાધાનોમાં અત્યાર સુધીમાં ?૧૮૦૦ કરોડથી વધુના ખર્ચની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે."

વીગ્રોઓ પીએન્ડજીનું આ પ્રકારનું પ્રથમ પ્લેટફોર્મ છે, જે ઉદ્યોગોને આગળ ધપાવતા ઉકેલો ઓફર કરતા વ્યવસાયો અને વ્યક્તિઓને ઓળખવા અને તેમની સાથે જોડાણ કરવા માટે છે. આ પ્લેટફોર્મ મારફતે પીએન્ડજી ૨૩૦૦થી વધુ સપ્લાયર્સ સાથે જોડાય છે, જેમાં સ્ટાર્ટ-અપ્સ, નાના વ્યવસાયો અને મોટી સંસ્થાઓનો સમાવેશ થાય છે, જેમાં વિવિધ પ્રકારના ઉદ્યોગો અને સેવાઓનો સમાવેશ થાય છે- જેમાં ક્રિએટિવ એજન્સીઓથી માંડીને ટેકનોલોજી પાર્ટનર્સ અને મટિરિયલ સપ્લાયર્સનો સમાવેશ થાય છે.

# ખંભાળિયાના અગ્રણીની આંતરરાષ્ટ્રીય માનવાધિકાર આયોગમાં થયેલ વરણી



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૦

ગુજરાત રાજ્ય આંતરરાષ્ટ્રીય માનવાધિકાર આયોગના પ્રમુખ તરીકે સતત ત્રીજી વખત દેવભૂમિ દ્વારકા જિલ્લાના અગ્રણી ડો. કે.જે. ગઢવીની નિમણૂક કરવામાં આવી છે.

માનવાધિકારને લગતા કોઈપણ પ્રશ્ન માટે કાર્યરત રહેતા કે.જે. ગઢવીને આ બાબતના કોઈપણ પ્રશ્ન માટે સંપર્ક સાધવા એક યાદીમાં જણાવ્યું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ


# બેંક અધિકારીની મીલીભગતથી હવે ખોટી વ્યકિત લોન નહી મેળવી શકે

રિઝર્વ બેંક જાણીજોઈને લોન નહીં ચૂકવનારાને લઈને નિયમોમાં વ્યાપક બદલાવ કરવાની જે તૈયારી કરી રહી છે, તે સમયની માંગ છે. જાણીજોઈને લોન નહિ પરત કરનારા લોકો વિરૂધ્ધ યથાશીઘ્ર કાર્યવાહી એટલા માટે થવી જોઈએ, કારણ કે રિઝર્વ બેંકના તમામ પ્રયાસો બાદ પણ એવા લોકોની સંખ્યામાં ઘટાડો નથી આવી રહ્યો, જે લોન લઈને તેને ચૂકવવી જરૂરી નથી સમજતા. તેમાં માત્ર મોટા ઉદ્યોગપતિઓ જ હોય છે એવું નથી. આ કામ ઉદ્યમીઓ ઉપરાંત અન્ય લોકો પણ કરે છે.

સંભવતઃ આ જ કારણ છે કે રિઝર્વ બેંકે એ વિચાર્યું છે કે જાણીજોઈને લોન પરત નહિ કરનારાઓમાં તેમને પણ સામેલ કરવામાં આવે, જેમણે ૨૫ લાખ રૂપિયાથી વધારેની લોન લીધી છે અને તેને ચૂકવવાનો ઈનકાર કરી રહ્યા છે. વિલફુલ ડિફોલ્ટર એટલે કે જાણીજોઈને લોન પરત નહિ ભરનારા લોકો બેંકિંગ વ્યવસ્થા માટે એક મોટો બોજ છે. તેમાંથી અનેક એવા હોય છે જે લોન પરત કરવાની ક્ષમતા ધરાવતા હોવા છતાં પણ વિલફુલ ડિફોલ્ટર બનવા તૈયાર રહે છે. એવું એટલા માટે, કારણકે એવા કરજદારો જાણે છે કે તેમના વિરુદ્‌ધ કોઈ પ્રભાવી કાર્યવાહી થવામાં લાંબો સમય લાગી જાય છે. કેટલીય વાર તો એવા લોકો થોડુંઘણું કરજ ભરીને પોતાનું નામ કરજ નહીં પરત કરનારાઓની યાદીમાંથી બાર કરાવી દે છે અને પછી બાકીનું કરજ પરત કરવામાં આનાકાની કરે છે. એ પણ કોઈથી છૂપું નથી કે તેમાંથી કેટલાક વિદેશ ભાગી જાય છે. ત્યાંથી તેમને સ્વદેશ લાવવા કેટલું મુશ્કેલ કામ છે, તે વિજય માલ્યા, નીરવ મોદી, મેહુલ ચોક્સી વગેરેથી સમજી શકાય છે. એ યોગ્ય છે કે રિઝર્વ બેંક કરજ લઈને તેને નહિ ચૂકવનારાઓ સાથે જ તેની ગેરંટી લેનારાઓ વિરૂધ્ધ પણ કાર્યવાહી કરવા પર વિચાર કરી રહી છે. રિઝર્વ બેંકને પોતાના આ નિયમ પર પણ વિચાર કરવો જોઈએ, જેને કારણે વિલફુલ ડિફોલ્ટરોનું નામ જાહેર નથી થઈ શકતું. આ નિયમ એક રીતે બેઈમાની કરનારા લોકોના હિતમાં બનાવ્યો હતો. જોકે ફસાયેલા લેણાંને કારણે બેંકોની એનપીએમાં સારો એવો ઘટાડો થયો છે અને નુક્સાનમાં રહેતી મોટાભાગની બેંકો નફાની આવી ગઈ છે, પરંતુ એવા કિસ્સા અટકવાનું નામ નથી લેતા, જેમાં લોકો લોન લઈને ચૂકવતા નથી. આ જ કારણે થોડા સમય પહેલાં નાણાં મંત્રીએ બેંકોના પ્રમુખોને એ નિર્દેશ આપ્યા હતા કે તે ફસાયેલા લેણાંને લઈને સતર્ક રહે. જરૂરિયાત માત્ર એની નથી કે જાણી જોઈને લોન પરત નહિ કરનારાઓની પરિભાષા નવેસરથી નક્કી કરવામાં આવે, બલ્કે એવા ઉપાય કરવાની પણ છે જેનાથી ખોટા ઈરાદા ધરાવતા કોઈપણ વ્યક્તિ લોન ન લઈ શકે. તેની અવગણના ન કરી શકાય કે કેટલાય પ્રસંગો એવા છે, જેમાં એ જોવા મળ્યું કે ગેરલાયક લોકો એટલે ગોટાળાબાજ બેંક અધિકારીઓની મિલીભગતથી ભારેભરખમ લોન લેવામાં સફળ રહેલા અને તેમના નામ પણ જાહેર થવામાં વર્ષો લાગી ગયાં.

# ગુજરાતમાં દૂધ ઉત્પાદન વધારવા માટે સરોગેટ ગાયોનો ઉપયોગ કરવામાં આવશે

## વધુ દૂધ આપતી ગાયોના અંડકોષ અને બળદના વીર્યમાંથી શુક્રાણુ કાઢીને લેબમાં ગર્ભ તૈયાર કરવામાં આવશે



અમરેલી,તા.૦૯

હવે ગુજરાતના અમરેલીમાં ગાયને સરોગેટ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. વધુ દૂધ આપતી ગાયોના અંડકોષ અને બળદના વીર્યમાંથી શુક્રાણુ કાઢીને લેબમાં ગર્ભ તૈયાર કરવામાં આવશે અને બાદમાં તેમને ઓછું દૂધ આપતી ગાયમાં ટ્રાન્સફર કરવામાં આવશે. સરોગેટ ગાય ગર્ભાવસ્થાના ૯ મહિના પછી વાછરડાને જન્મ આપશે. આ ગાયનું વાછરડું (માદા) ભવિષ્યમાં વધુ દૂધ આપતી એક ગીર ગાય તરીકે તૈયાર થશે. ગુજરાતમાં દૂધ ઉત્પાદન વધારવા માટે સરોગેટ ગાયોનો ઉપયોગ કરવામાં આવશે. અમરેલી સ્થિત અમર ડેરીએ પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. જેના દ્વારા સારી ગુણવત્તાવાળા બળદના વીર્ય અને ગાયના અંડાનો ઉપયોગ કરીને લેબમાં ભ્રૂણ તૈયાર કરવામાં આવે છે. જે પછી ભ્રૂણને પાનખરમાં તંદુરસ્ત ગાયમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. આ ગાયોમાંથી જન્મેલા નવા વાછરડા ભવિષ્યમાં વધુ દૂધ આપી શકશે. આ પદ્ધતિ એવી જ છે જે રીતે કેટલીક સ્ત્રીઓ કુદરતી રીતે ગર્ભ ધારણ કરી શકતી નથી. તેઓ સામાન્ય રીતે બાળકો પેદા કરવા માટે ઈન-વિટ્રો ફર્ટિલાઈઝેશન (ૈંફ્લ) અને સરોગસીનો આશરો લે છે. અમરેલી સ્થિત અમર ડેરીએ પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. જેના કારણે સારી ગુણવત્તાના બળદના વીર્ય અને ગાયના ઈંડાનો ઉપયોગ કરીને લેબમાં ભ્રૂણ તૈયાર કરવામાં આવે છે. આ ગર્ભ પછીથી તંદુરસ્ત બિન-વંધ્ય ગાયમાં ટ્રાન્સફર કરવામાં આવશે. આનાથી રાજ્યમાં દૂધ ઉત્પાદન વધારવામાં મદદ મળશે. એવો દાવો કરવામાં આવે છે કે સરોગેટ ગાયો ગેમ ચેન્જર સાબિત થશે. ગીર ગાય દોઢ વર્ષમાં વાછરડાને જન્મ આપી શકે છે. ગીર ગાય અન્ય ગાયો કરતા વધુ દૂધ આપી શકે છે. તંદુરસ્ત ગીર ગાય દરરોજ ૨૦-૩૦ લિટર દૂધ આપી શકે છે જ્યારે સામાન્ય ગાય દિવસમાં ૩-૫ લિટર દૂધ આપે છે.

અમર ડેરી ઘણા વર્ષોથી કૃત્રિમ બીજદાન (છૈં) પર કામ કરી રહી છે પરંતુ સફળતાનો દર ઓછો છે. તેથી, તેઓએ સરોગેટ ગાયનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. આ કન્સેપ્ટ ટેસ્ટ ટ્યુબ બેબી જેવો જ છે. ભ્રૂણ તૈયાર કરીને લેબમાં સંગ્રહિત કરવામાં આવે છે. તેમને આઠ દિવસ માટે ઈક્યુબેટરમાં મૂકવામાં આવે છે, તે સમયે પસંદ કરેલી ગાયોને સ્થાનાંતરિત કરવામાં આવે છે. આ પ્રોજેક્ટ માટે ડેરીએ નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (દ્ગડ્ઢડ્ઢમ્) દ્વારા સંચાલિત ગૌશાળામાંથી ગીરના બળદનું વીર્ય લીધું છે. અમરેલી અને પોરબંદરમાં વર્ષોથી ગીર ગાયોનું સંવર્ધન કરતા પશુપાલકો પાસેથી તંદુરસ્ત ગીર ગાયોના ઈંડા મેળવવામાં આવ્યા છે. સામાન્ય રીતે ગાયના શરીરમાં એક મહિનામાં ૧૨-૧૫ અંડકોષ બને છે. પરંતુ જો એ જ ગાય કુદરતી રીતે ગર્ભ ધારણ કરે તો આખા વર્ષ દરમિયાન માત્ર એક જ અંડકોષનો ઉપયોગ કરી શકાય છે. અને ૧૨-૧૫ મહિનામાં માત્ર એક જ વાછરડું જન્મી શકે છે. એવો દાવો કરવામાં આવે છે કે આ પદ્ધતિ દ્વારા વધુ દૂધ આપતી ગાયોના અંડકોષ લઈને વર્ષમાં ૨૦-૨૫ વાછરડાઓ પેદા કરી શકાય છે. આ વાછરડાં મોટા થઈને વધુ દૂધ આપતી ગાયો બનશે. અમર ડેરીએ ભ્રૂણની તૈયારીની ટેકનિક માટે જરૂરી તબીબી સાધનો સ્થાપિત કરવા માટે રૂ. ૯૦ લાખનો ખર્ચ કર્યો છે. આ પ્રોજેક્ટનો સમગ્ર ખર્ચ ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન અને કેન્દ્ર સરકાર ઉઠાવી રહી છે. **NDDB** જાન્યુઆરી ૨૦૧૯માં બે વાછરડાં પેદા કરવામાં સફળ રહી હતી. જેમાંથી એક વાછરડું ગીર ઓલાદનું અને બીજું સાહિવાલ ઓલાદનું હતું. આ બંને વાછરડાઓનું ઉત્પાદન પણ **IVF** ટેકનોલોજી દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગુજરાતે કરી દેખાડ્યું! પ્રદુષણ રોકતા બાયોડીગ્રેડેબલ કોટિંગ મટીરિયલની શોધ, સ્વાસ્થ્યને થશે મોટો ફાયદો

**કચ્છ યુનિવર્સિટીના યુવા સંશોધકોએ વિકસાવ્યું ઓઈલ પ્રુફ હર્બલ બાયોડિગ્રે ડેબલ કોટિંગ. નવા સંશોધનથી પ્રદૂષણનું સ્તર ઘટવા સાથે માનવ સ્વાસ્થ્યને થશે મોટો ફાયદો**

રોજબરોજના વપરાશમાં આવતી પેપર ડિશ, પેપર બાઉલ, ચા આપવા માટે વપરાતા કપ વગેરેને કોટિંગ કરવા કચ્છ યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર ભવનના યુવા સંશોધકો દ્વારા ઓઈલપ્રૂફ હર્બલ બાયોડિગ્રેડેબલ કોટિંગ મટિરીયલ વિકસાવ્યું છે. આ નવાં સંશોધન થકી પ્રદૂષણની માત્રામાં ઘટાડો થવા સાથે માનવ સ્વાસ્થ્ય માટે હાનિકારકર કેમિકલ-સ્વાસ્થ્યની વિપરીત અસરોમાંથી બચી શકાશે.

રસાયણશાત્ર વિભાગના ડો. વિજયરામ, ડો. ગિરીન બક્ષી અને બીજલ શુકલનાં માર્ગદર્શનમાં એમ.એસસી. એનાલિટિકલ કેમેસ્ટ્રી, ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ યશ્વી રાજદે અને રાજવી પરમાર દ્વારા આ સંશોધન કરવામાં આવ્યું છે. આ સંશોધનથી અત્યારે વપરાશમાં લેવાતા પોલિમર કોટિંગ મટિરીયલ કે જેમના મોટા ભાગના પોલિમર જમીનમાં ઘણા લાંબા સમય સુધી જેમના તેમ જ પડી રહે છે એટલે કે જમીનનાં પ્રદૂષણમાં વધારો કરે છે. તેનો ઉપયોગ ઘટાડી શકાશે. રિતુ લવાણિયા દ્વારા વર્ષ ૨૦૨૨માં ઓઈલપ્રૂફ હર્બલ બાયોડિગ્રેડેબલ કોટિંગ મટિરીયલ વિકસાવવા માટેના પ્રયોગો શરૂ કરાયા હતા.

પેપર ડિશ, બાઉલ, ચાના કપ વગેરેમાં હાલમાં વપરાતા પોલિમર મટિરીયલ વિશે માહિતી મેળવતાં ખ્યાલ આવ્યો કે અત્યારે પેપર ઉપર કોટિંગ સામાન્ય બે રીતે થાય છે. ૧. પેટ્રોલિયમ પ્લાસ્ટિક અને ૨. બાયો પ્લાસ્ટિક પેપર પ્લેટ કે જે લાકડાં અથવા શેરડીના બગાસ જેવા નેચરલ મટિરીયલમાંથી બનાવવામાં આવે છે. આવા કોટિંગ મટિરીયલનું જલ્દીથી રિસાઈકલિંગ થતું નથી.

રોજબરોજના વપરાશમાં લેવાતી વસ્તુઓમાં આવી રીતે વપરાતા કેમિકલને બદલે જો નેચરલ મટિરીયલનો ઉપયોગ થાય તો મનુષ્યનાં સ્વાસ્થ્ય અને પર્યાવરણમાં મોટો ફાયદો થાય તે બાબતને ધ્યાને લઈ બીજલ શુક્લા અન તેમનાં માર્ગદર્શનમાં કામ કરતી એમ.એસસી. એનાલિટિકલ કેમેસ્ટ્રીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ યશ્વી રાજદે અને રાજવી પરમાર દ્વારા ૩૦ જેટલી વિવિધ નેચરલ પ્રોડકટ બનાવી પ્રયોગો કરવામાં આવ્યા હતા. જેમાંથી ખૂબ સારા ગુણધર્મો ધરાવતા ચાર સંયોજનોને પ્રાયોગિક ધોરણે ચેક કરવા માટે રાજકોટની કંપની કે જે પેપર ડિશ અને વિવિધ પ્રોડકટ મોટા પ્રમાણમાં બનાવે છે ત્યાં મોકલવામાં આવ્યા હતા. જ્યાં ૧૦૦ ડિગ્રી તાપમાન સુધી ઓઈલને ગરમ કરી રસાયણશાસ્ત્ર ભવનમાં તૈયાર કરવામાં આવેલા કોટિંગ મટિરીયલના ઉપયોગથી બનાવેલી ડિશમાં ઓઈલ અંદર ઊતરે છે કે નહીં તેના પ્રયોગો કરતાં એક ફોર્મ્યુલેશન અસરકારક જણાયું હતું.

રાજકોટની આ કંપની તેમના દ્વારા બનાવવામાં આવતી ડિશ ઉપર કોટિંગ કરવા માટેનું મટિરીયલ ચીનથી મગાવે છે. પરંતુ આ મટિરીયલમાં કયાં કેમિકલ ભેળવવામાં આવે છે તેની માહિતી આપવામાં આવતી નથી. આ ઉપયોગી પ્રોડક્ટ કઈ રીતે બનાવી શકાય તેનો પેટેન્ટ ડ્રાફ્ટ કરવામાં આવી રહ્યો છે. ભવિષ્યમાં પેટન્ટ મળવાથી કચ્છ યુનિવર્સિટી અને સમાજને ખૂબ ફાયદો થશે તેવી આશા રખાઈ છે. ઉપયોગી સંશોધન કરવા બદલ કચ્છ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો પી.એસ. હીરાણી અને રજિસ્ટ્રાર ડો. બુટાણી દ્વારા અભિનંદન પાઠવાયા હતા.

# મુખ્યમંત્રીએ ગ્રામ્ય કક્ષાના ૧૬ નાના–મોટા ધાર્મિક સ્થળોના વિકાસ માટે રૂ. ૩૭.૮૦ કરોડની રકમને સૈદ્ધાંતિક મંજુર આપી

ગાંધીનગર,તા.૦૯

રાજ્ય સરકારના ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડને અલગ-અલગ સંસ્થાઓ/ટ્રસ્ટો દ્વારા નાના-મોટા તીર્થસ્થાનોના વિકાસ માટેની દરખાસ્તો મળેલ હતી કે જે દરખાસ્તો ઉપર કાળજીપૂર્વક વિચારણા કરી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા રાજ્યના ગ્રામ્ય કક્ષાના નાના-નાના દેવસ્થાનોના વિકાસ માટે રૂપિયા ૩૭.૮૦ કરોડની સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવી છે. જીપીવાયવીબીના સચિવ આર. આર. રાવલે આ માહિતી આપતા જણાવ્યું કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં જીપીવાયવીબીના અધિકારીઓ સાથે ગાંધીનગરમાં એક બેઠક યોજી હતી કે જેમાં મુખ્યમંત્રીએ બોર્ડની ગ્રામ્ય કક્ષાના દેવસ્થાનોના વિકાસ અંગેની દરખાસ્તોને મંજૂરી આપી હતી. મુખ્યમંત્રી દ્વારા જે દેવસ્થાનોના સર્વાંગી વિકાસ માટે સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે, તેમાં વડોદરા જિલ્લાના ૪ તીર્થસ્થાનોના વિકાસ માટે રૂપિયા ૭.૪૫ કરોડના કામોને મંજુરી આપવામાં આવી છે. વડોદરા જિલ્લાના આ ૪ તીર્થસ્થાનોમાં શિનોર તાલુકાના બરકાલ ખાતે આવેલ શ્રી વ્યાસેશ્વર મહાદેવ, ડભોઈ ખાતે આવેલ શ્રી ગઢભવાની માતાજી મંદિર, રાયપુર મુકામે આવેલ શ્રી ભાથીજી મંદિર અને પાદરા તાલુકાના ડબકા ખાતે આવેલ શ્રી મહીસાગર માતા મંદિરનો સમાવેશ થાય છે. તેવી જ રીતે મહેસાણા જિલ્લાના ૬ તીર્થસ્થાનોના વિકાસ માટે રૂ. ૧૫.૬૬ કરોડના કામોને સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવી છે. આ તીર્થસ્થાનોમાં ઉંઝા તાલુકાના ઉપેરા ખાતે આવેલ શ્રી ઠાકોરજી મંદિર, ઉંઝાના ઉનાવા ખાતે આવેલ શ્રી નીલકંઠેશ્વર મહાદેવ મંદિર, શ્રી હનુમાન મંદિર તથા શ્રી શનિદેવ મંદિર, કડી ખાતે આવેલ શ્રી દશામા મંદિર અને વિસનગર તાલુકાના વાલમ ખાતે આવેલ શ્રી કૃષ્ણ મંદિરનો સમાવેશ થાય છે. બેઠકમાં અમદાવાદા જિલ્લામાં ધોળકા તાલુકાના મોટી બોરુ ખાતે આવેલ શ્રી ભેટડિયા ભાણ મંદિરના વિકાસ કામો માટે રૂ. ૪.૦૯ કરોડની સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવી છે.પાટણ જિલ્લામાં સમી તાલુકાના વુરાણા મુકામે આવેલ શ્રી ખોડિયાર માતા મંદિર તથા તળાવ બ્યુટીફિકેશનના કામો માટે રૂપિયા ૪.૪૮ કરોડની સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવી છે.રાજકોટ જિલ્લામાં જેતપુર તાલુકાના કાગવડ ખાતે આવેલ શ્રી ખોડલધામ મંદિરના વિકાસ કામો માટે રૂપિયા ૧.૬૪ કરોડની સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવી છે. અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના મેઢાસણ ખાતે આવેલ શ્રી રિધ્ધિ-સિધ્ધિ ગણપતિ મંદિરના વિકાસ કામો માટે રૂપિયા ૧.૩૦ કરોડની સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવી છે. મહેસાણા જિલ્લામાં ચંદ્રાસણ ખાતે આવેલ રાજય સરકાર હસ્તકના શ્રી ચંદ્રેશ્વર મહાદેવ મંદિરના વિકાસ કામો માટે રૂપિયા ૪૭.૫૭ લાખની સૈદ્ધાંતિક મંજુરી અને પાટણ જિલ્લાના ભુતિયાવાસણા ખાતે આવેલ શ્રી ભુતેશ્વર મહાદેવ મંદિરના વિકાસ કામો માટે રૂપિયા ૨.૭૦ કરોડની સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવી છે. આર. આર. રાવલે જણાવ્યું કે ગ્રામ્ય કક્ષાના વિશાળ સમુદાયોના આસ્થાના કેન્દ્રો એવા દેવસ્થાનોના વિકાસ માટે મુખ્યમંત્રીની મંજુરી મળતા ધર્મપ્રેમી જનતા આનંદ, ઉલ્લાસ અને આભારની લાગણી વ્યક્ત કરી રહી છે અને મોટા યાત્રાધામોની સાથે નાના-નાના દેવસ્થાનોના વિકાસની સરકારની નીતિ ખાસ કરીને ગ્રામ્ય સમાજમાં પ્રસંસાને પાત્ર બની રહી છે.

# કાળા તલ વિના પિતૃકાર્ય પૂર્ણ થતું નથી

આપણે ત્યાં આયુર્વેદ અને ધાર્મિક દ્રષ્ટિએ તલનું વિશેષ મહત્વ છે. તલની વિવિધ વાનગીઓ બને છે. તેમજ ચીકીમાં પણ તેનો ઉપયોગ થાય છે. વિવિધ તેલોમાં તલના તેલનું વિશેષ મહત્વ છે. શરીર પર તેની માલિશ કરવા ઉપરાંત દાંતના પેઢા મજબૂત બનાવવા ના વિવિધ પ્રયોગો છે. તલનું તેલ ખાવામાં પણ ઉપયોગમાં લેવામાં આવે છે. કેટલીક પૂજાઓમાં તલના તેલના દીવાનો મહિમા છે.

ધાર્મિક દ્રષ્ટિએ તલ મોટાભાગે હોમ હવનમાં ઉપયોગમાં લેવામાં આવે છે. મકરસંક્રાતિ પર્વ પર પાણીમાં તલ નાખી તે પાણીથી સ્નાન કરવા ના અનેક લાભો ધર્મગ્રંથોમાં વર્ણવાયા છે. આ રીતે જોવા જઈએ તો તલ બહુ ઉપયોગી ઔષધ છે. વૈજ્ઞાનિક મહત્વની વાત કરીએ તો તેમાં એન્ટી ઓક્સિડેન્ટ, કેલ્શિયમ અને કાર્બોહાઈડ્રેટ જેવા પોષક તત્વો છે.

તલ ત્રણ પ્રકારના જોવા મળે છે. જેમાં સફેદ, રાતા અને કાળા તલ નો સમાવેશ થાય છે. ધર્મગ્રંથો અનુસાર આ ત્રણેય પ્રકારના તલ ભગવાન વિષ્ણુના પરસેવા માંથી ઉત્પન્ન થયેલા છે. અથર્વવેદમાં એવો ઉલ્લેખ જોવા મળે છે કે આ ત્રણ પ્રકારના તલમાં શ્વેત એટલે કે સફેદ તલથી દેવતાઓ, ભૂરા એટલે કે લાલ તલથી ઋષિ ગણ અને કાળા તલથી પિતૃ દેવતાઓ તૃપ્ત થાય છે. માટે પિતૃકાર્યમાં કાળા તલનો જ ઉપયોગ થાય છે કારણ કે, કાળા તલ ભગવાન વિષ્ણુને અત્યંત પ્રિય છે. તેથી પિતૃ દેવતાઓને પણ કાળા તલ પ્રિય હોવા ના કારણોસર શ્રાદ્ધ કર્મમાં કાળા તલનો ઉપયોગ કરવાનું વિધાન છે. જ્યારે સફેદ કે રાતા તલનો પિતૃકાર્યમાં ઉપયોગ કરવાનો નિષેધ છે.

પિતૃ દેવતાઓને પ્રસન્ન કરવા અને તેમના આર્શીવાદ મેળવવા પિતૃ પક્ષમાં શ્રાદ્ધ કરવામાં આવે છે. પિતૃઓને ખુશ અને સુખી રાખવાથી પરિવારમાં હંમેશા સુખ - શાંતિ અને સમૃદ્ધિ રહે છે. ઘણા લોકો પિતૃ ઋણ માંથી મુક્તિ મેળવવા માટે પિતૃ પક્ષમાં વિધિ વિધાન સાથે તર્પણ અને પિંડદાન કરી શ્રાદ્ધ કરે છે. આ વિધિમાં કાળા તલનો ખાસ ઉપયોગ કરવામાં આવે છે. વિવિધ પુરાણોમાં પિતૃકાર્યમાં કાળા તલનો ઉપયોગ કરવા જણાવ્યું છે.

પદ્મ પુરાણમાં કહેવામાં આવ્યું છે કે જે પાણીમાં કાળા તલ મેળવવામાં આવે છે તે પાણી અમૃત તુલ્ય બની જાય છે. જેથી તર્પણમાં તેનો ઉપયોગ કરવાથી પિતૃ દેવતાને તૃપ્તિ થાય છે. પુરાણોમાં તલને ઔષધી તરીકે પણ ઓળખવામાં આવે છે.

બૃહદન્નારદીય પુરાણમાં ઉલ્લેખ જોવા મળે છે કે પિતૃ કર્મમાં જેટલા કાળા તલનો ઉપયોગ કરવામાં આવે તેટલા વર્ષો સુધી પિતૃઓને સ્વર્ગનું સુખ પ્રાપ્ત થાય છે.

વાયુપુરાણમાં ઉલ્લેખ જોવા મળે છે કે શ્રાદ્ધમાં કાળા તલનો ઉપયોગ કરવાથી પિતૃ દેવતાઓ અત્યંત પ્રસન્ન થાય છે.

ગરુડ પુરાણ અને બૃહદન્નારદીય પુરાણમાં અનુસાર જે પૂર્વજોનું આકસ્મિક મૃત્યુ કે કોઈ દુર્ઘટનામાં મૃત્યુ થયું હોય તેને ઉદ્દેશીને કાળા તલ અને ગંગાજળ થી તર્પણ કરવાથી તેને મુક્તિની પ્રાપ્તિ થાય છે.

શ્રાદ્ધમાં કરાતા તર્પણ માં ઉપયોગમાં લેવાતા પાણીમાં કાળાતલ મેળવવામાં આવે છે. તેવી જ રીતે પિતૃને ઉદેશીને અપાતા પીંડને બનાવતી વખતે તેમાં પણ કાળાતલ મેળવવામાં આવે છે. તે પિંડદાન વખતે જમીન પર કાળા તલ નું આસન આપવામાં આવે છે. કાળા તલ વડે જ પિતૃ દેવતાઓનું આહવાન થાય છે અને તેના વડે જ વિસર્જન થાય છે.

પિતૃ નિમિત્તે પીપળાના વૃક્ષને જે પાણી રેડવામાં આવે છે તેમાં પણ કાળા તલ મેળવવામાં આવે છે. તેનું કારણ તે કાળા તલ મિશ્રીત પાણી પ્રાપ્ત થતા પિતૃ દેવતાઓ સંતુષ્ટ થાય છે આમ, વિવિધ પૂજાઓમાં ઉપયોગમાં લેવાતા કાળા તલ નું મહત્વ પિતૃ કાર્યમાં સવિશેષ છે.

(શ્રાધ્ધ સરિતા)

- દેવેન કનકચંદ્ર વ્યાસ

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જેમાં દયા નથી તેમાં કોઈ સદ્‌ગુણ નથી.

- અજ્ઞાત

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.અર્દીબહેસ્ત-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, ભાદરવા વદ-૧૧ ઈન્દીરા એકાદશી, મઘા શ્રાધ્ધ તા.૧૦ ઓક્ટોબર ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૨૬, મુસ્લિમ તા.૨૪, મઘા નક્ષત્ર, સાધ્ય યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૪૭, સૂ.અ.૬:૩૦

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: કોઠોર પરિશ્રમ પછી કાર્યમાં સફળતા મળે. વાદ-વિવાદથી દૂર રહેવું.
વૃષભ: નવિન ખરીદીના યોગ છે. આકસ્મીક પ્રવાસ થાય.
મિથુન: જૂની ઓળખાણથી લાભ મળે. કાર્યબોજ વિશેષ રહે.
કર્ક: મનમાં મૂંઝવણ અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.
સિંહ: જીવસાથીના આરોગ્ય અંગે ચિંતા રહે. આળસ અનુભવાય.
કન્યા: ઉતાવળે કોઈ નિર્ણય ન લેવો. ધીરજના ફળ મીઠા મળે.
તુલા: મનમાં કચવાટ રહે. નજીકના લોકો સાથે મનદુઃખ રહે.
વૃશ્ચિક: સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. આયોજન મુજબના કાર્યો પાર પડે.
ધન: આકસ્મીક ધન લાભ થાય. નવિન કાર્યમાં સફળતા મળે.
મકર: નોકરી-ધંધાને લગતા કાર્યમાં સફળતા મળે. અણધાર્યો ધન લાભ થાય.
કુંભ: ઉતાવળે કોઈ નિર્ણય ન લેવો હિતાવહ. ધીરજના ફળ મીઠા મળે.
મીન: નવિન આયોજન સફળતાથી પાર પાડી શકશો. આરોગ્ય અંગે સાવચેત રહેવું.

CMYK CMYK CMYK

# કેનેડામાં ભારતીય વિદ્યાર્થીઓ નિરાશ અને લાચાર છે; નવી દિલ્હીએ સ્થળાંતર પૂર્વેની જાગૃતિ અંગે સલાહ આપવી જોઈએ



નવી દિલ્હી તા.૧૦

કેનેડામાં અભ્યાસ કરતા ભારતીયો બંને દેશો વચ્ચે ચાલી રહેલ રાજદ્વારી અડચણ અને અવિરત પડકારોનો સામનો કરી રહ્યા છે. આ વર્ષની શરૂઆતમાં, કેનેડાએ કથિત રીતે લગભગ ૭૦૦ ભારતીય વિદ્યાર્થીઓને તેમના પ્રવેશ પત્રો બનાવટી હોવાના આરોપમાં દેશનિકાલ કરવાની ધમકી આપી હતી, જેમાં મોટાભાગના પંજાબના હતા. કેનેડાની હાઉસિંગ કટોકટી વચ્ચે ભારતીય વિદ્યાર્થીઓ, વધતા જતાં ભાડા ખર્ચ, ઘટતી જતી રોજગારની તકો સાથે સંઘર્ષ કરી રહ્યા છે. કેનેડાની ધરતી ઉપર આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ વચ્ચે તણાવ અને ભારતીય કેનેડિયનો સામે ભેદભાવ પણ વધવાની આશંકા વધી રહી છે. ઘણા લોકો પૂછે છે કે શું વિદ્યાર્થીઓ કેનેડામાં સ્થળાંતર કરવાનું ચાલુ રાખશે અને શું તે દેશ ભારતીય વિદ્યાર્થીઓને વિઝા આપશે. જો કે, કેનેડામાં ભારતીય વિદ્યાર્થીઓ દ્વારા અનુભવાતી તેમની સલામતી અને સુખાકારી સુનિશ્ચિત કરવામાં ભારતની ભૂમિકા વિશે સંબંધિત પ્રશ્નો ઉભા કરે છે. સ્થળાંતર પછીના તબક્કામાં, વિદ્યાર્થીઓ વધુ સારી સેવાઓ અને સારવાર માટે વિકસિત અર્થતંત્રોમાં નિર્ણાયક માનવ સંસાધન તરીકે તેમની સ્થિતિનો ઉપયોગ કરી શકે છે. જો કે, પ્રી-માઈગ્રેશન તબક્કામાં, સંભવિત આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં જાગૃતિ ફેલાવવાની અને તેમને જાણકાર ઈમિગ્રેશન નિર્ણયો લેવા સક્ષમ બનાવવાની જવાબદારી ભારતની છે. ૨૦૨૨માં, કેનેડામાં ૮,૦૭,૭૫૦ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ આવ્યા હતા. જેમાંથી ૪૦ ટકા ભારતના હતા. ભારતીય વિદ્યાર્થીઓ ઈમિગ્રન્ટ-ફ્રેંડલી નીતિઓ અને કાયમી રહેઠાણના વિકલ્પોને કારણે કેનેડા તરફ આકર્ષાયા છે. ભારતીય આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ દર્શાવતી YouTbe ચેનલો અને ડોક્યુમેન્ટ્રી વધુને વધુ લોકપ્રિય બની રહી છે. તેઓ કેનેડામાં અપેક્ષાઓ અને જીવનની વાસ્તવિકતા વચ્ચેની વિસંગતતા તરફ નિર્દેશ કરે છે અને દેશની આવાસની સ્થિતિ, આરોગ્યસંભાળ પ્રણાલી, રોજગારીની તકો અને શૈક્ષણિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ટીકા કરે છે. જૂન અને સપ્ટેમ્બરમાં, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં કેનેડાની નારાજગી તરફ ધ્યાન દોરતા, ભારતીય વિદ્યાર્થીઓના દેશનિકાલ અને ઓન્ટારિયોમાં પોસાય તેવા આવાસના અભાવનો વિરોધ કરવા શેરીઓમાં ઉતર્યા હતા. કેનેડિયન સરકારે, વિદ્યાર્થીઓમાં તેની ઘટી રહેલી લોકપ્રિયતા પછી, ૨૦ સપ્ટેમ્બરના રોજ એક અહેવાલ બહાર પાડ્યો, જેમાં દેશના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી કાર્યક્રમને વધારવાની રીતો દર્શાવવામાં આવી હતી. તે વિદેશી વિદ્યાર્થીઓ માટે સરળ અનુભવ સુનિશ્ચિત કરવા માટે હાઉસિંગમાં સુધારો કરવા, શિક્ષણ એજન્ટોનું નિયમન કરવા અને કાયમી ઈમિગ્રેશનના નવા માર્ગો વિશે વાત કરી હતી. ટોરોન્ટો યુનિવર્સિટીએ આવનારા અને વર્તમાન ભારતીય વિદ્યાર્થીઓને સમર્થન આપતું નિવેદન બહાર પાડ્યું છે. આ પગલાં કેનેડાના આર્થિક અને સામાજિક વિકાસ માટે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનું મહત્વ સૂચવે છે. સ્થળાંતરિત વિદ્યાર્થીઓએ આમાંથી સંકેત લેવો જોઈએ અને વિકસિત અર્થતંત્રોની સાતત્યતા સુનિશ્ચિત કરવામાં તેમની નિર્ણાયક ભૂમિકાને ઓળખવી જોઈએ. તેઓએ વધુ સારી સેવાઓ અને સારવારની માંગ કરવા માટે આ પદનો ઉપયોગ કરવો જોઈએ. દેશનિકાલ ઉપરાંત, વિદ્યાર્થીઓના એકત્રીકરણને તેઓ રોજિંદા જીવનમાં સામનો કરતી સમસ્યાઓને પણ લક્ષ્યાંકિત કરવા જોઈએ. જેઓ વિદેશમાં સ્થળાંતર કરવાની યોજના ઘડી રહ્યા છે તેઓએ જાણકાર નિર્ણયો લેવા જોઈએ અને એવા દેશોમાં જવાનો ઈનકાર કરવો જોઈએ જેઓ આર્થિક અને સામાજિક સમાવેશ માટે તેમની દ્રષ્ટિને આગળ વધારતા નથી. ભારત, નોંધપાત્ર યુવા વસ્તી વિષયક સાથે વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે. પશ્ચિમી વિશ્વની અર્થવ્યવસ્થાઓ અને સમાજોને ટેકો આપવા માટે માનવ સંસાધનોની નિકાસ કરી રહ્યું છે. આમ, તે ઘણીવાર સંઘર્ષની પરિસ્થિતિઓમાંથી વિદ્યાર્થીઓને બહાર કાઢવા અને તેમના ગંતવ્ય દેશમાં ભારતીય હાઈ કમિશનમાં નોંધણી કરાવવા માટે પગલાં લે છે. જો કે, આ માત્ર તાત્કાલિક સલામતીની ખાતરી કરે છે અને વિદ્યાર્થીઓ દ્વારા સામનો કરવામાં આવતા રોજિંદા પડકારોને ઘટાડવામાં અસમર્થ છે. ભારતે હવે સક્રિય રહેવું જોઈએ અને સ્થળાંતર પછીના પડકારોનો સામનો કરવા માટે વધુ માહિતગાર નિર્ણય લેવાની અને સજ્જતાની સુવિધા આપવા પૂર્વ-સ્થળાંતરના તબક્કામાં યુવાઓમા જાગૃતિ વધારવા માટે નીતિ વિકસાવવી જોઈએ. આવી નીતિગત પહેલો સ્થળાંતરિત યુવાનોના લાંબા ગાળાના વિકાસ માટે ભારતની પ્રતિબદ્ધતાને પ્રદર્શિત કરશે અને તેને ભારતીય વિદ્યાર્થીઓની સુખાકારી અને રક્ષણ માટે ગંતવ્ય દેશોને જવાબદાર ઠેરવવા સક્ષમ બનાવશે.

# ‘SC, ST, OBC આરક્ષણ ધાર્મિક, ભાષાકીય લઘુમતી શિક્ષણ સંસ્થાઓને લાગુ પડતું નથી’: મદ્રાસ હાઈકોર્ટે પ્રવેશ માટે ૫૦ ટકાની મર્યાદાને સમર્થન આપ્યું




(એજન્સી) તા.૧૦

મદ્રાસ હાઈકોર્ટ (HC)એ એક સીમાચિહ્નરૂપ ચુકાદામાં જણાવ્યું છે કે, ધાર્મિક અને ભાષાકીય લઘુમતીઓ દ્વારા સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને અન્ય પછાત વર્ગ (OBC) વિદ્યાર્થીઓ માટે અનામત ક્વોટાનું પાલન કરવા માટે બંધાયેલા નથી. હાઈકોર્ટે એ વાત ઉપર પણ ભાર મૂક્યો હતો કે, સરકારી સત્તાવાળાઓ આ સંસ્થાઓ ઉપર આવા આરક્ષણો લાગુ કરી શકતા નથી. ચીફ જસ્ટિસ એસ.વી. ગંગાપુરવાલા અને જસ્ટિસ પી.ડી. ઓડિકેશવલુની બેંચે ભારતીય બંધારણની કલમ ૧૫(૫)નો ઉલ્લેખ કર્યો, જે લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓને સાંપ્રદાયિક અને સામાજિક અનામતની જરૂરિયાતોમાંથી મુક્તિ આપે છે. કોર્ટે ચુકાદો આપ્યો હતો કે, લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓ, ભલે તેઓને રાજ્ય સરકારની સહાય મળતી હોય, તો પણ તેઓ સામાજિક આરક્ષણ લાગુ કરવા માટે બંધાયેલા નથી. જો કે, કોર્ટે સ્પષ્ટ કર્યું કે રાજ્ય સરકાર લઘુમતી સમુદાયના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની મર્યાદા ૫૦% સુધી લાદવાનો અધિકાર છે. જો કે, બાકીની ૫૦% બેઠકોમાં જનરલ કેટેગરીમાંથી મેરિટ ઉપર ભરવામાં આવે છે, તેમાં લઘુમતી સમુદાયના વિદ્યાર્થીઓ પણ સ્પર્ધા કરી શકે છે અને મેરિટ ઉપર પ્રવેશ મેળવી શકે છે અને તે લઘુમતી વિદ્યાર્થીઓ માટે ૫૦% થ્રેશોલ્ડ કેપમાં ગણવામાં આવશે નહીં. જસ્ટિસ બશીર અહેમદ સઈદ કોલેજ ફોર વુમન દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં આ ચુકાદો આપવામાં આવ્યો છે. કોલેજે એ સરકારી આદેશને પડકાર્યો હતો જેણે તેનો લઘુમતી દરજ્જો રદ કર્યો હતો અને તેને કાયમી લઘુમતી દરજ્જો આપવા માટે કોર્ટને વિનંતી કરી હતી. રાજ્ય સરકારના પ્રતિનિધિ, એડવોકેટ જનરલ આર. શનમુગસુંદરમે કોર્ટને માહિતી આપી હતી કે, અરજદાર સંસ્થા રાજ્યની સહાયથી લાભ મેળવી રહી છે. તેમણે એ પણ સમજાવ્યું કે સંસ્થાનો લઘુમતી દરજ્જો રદ કરવામાં આવ્યો હતો કારણ કે, તે રાજ્ય દ્વારા ૫૦% ઉપર નિર્ધારિત મુસ્લિમ લઘુમતી વિદ્યાર્થીઓની વાર્ષિક પ્રવેશ મર્યાદાને ઓળંગી ગઈ હતી. બીજી તરફ અરજદાર કોલેજનું પ્રતિનિધિત્વ કરતા, વરિષ્ઠ વકીલ વિજય નારાયણે દલીલ કરી હતી કે, રાજ્ય પાસે ૫૦% થ્રેશોલ્ડ લાગુ કરવાની સત્તા નથી. અરજદાર કોલેજને આંશિક રીતે રાહત આપતી વખતે ડિવિઝન બેન્ચે કહ્યું કે, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને નાગરિકોના અન્ય પછાત વર્ગો માટે સાંપ્રદાયિક અનામત અથવા અનામતની વિભાવના લઘુમતી સંસ્થાઓ પર લાગુ થશે નહીં. કોર્ટે કહ્યું હતું કે, અરજદાર કોલેજે સરકારના ઉક્ત આદેશનું પાલન કરવું પડશે અને લઘુમતી સમુદાયના વિદ્યાર્થીઓને ૫૦% કરતા વધુ નહીં, એ રીતે પ્રવેશ આપવો પડશે. જો કે, લઘુમતી વિદ્યાર્થીઓના ૫૦%ની ગણતરી કરતી વખતે બાકીના ૫૦%માં મેરિટ ઉપર પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ, લઘુમતી સમુદાયના હોય, તો તેમને બાકાત રાખવાની જરૂર છે, કારણ કે, તેઓ અન્યો સાથે સ્પર્ધા કરીને તેમની પોતાની યોગ્યતાના આધારે પ્રવેશ મેળવ્યા છે. મંજૂર ૫૦% મર્યાદા કરતાં વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાથી શૈક્ષણિક સંસ્થાના લઘુમતી દરજ્જાને રદ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં, તેના ઉપર ભાર મૂકતા કોર્ટે ધાર્મિક (મુસ્લિમ) લઘુમતી દરજ્જાના વિસ્તરણને નકારતા સરકારી આદેશને રદ કર્યો હતો. કોર્ટે જણાવ્યું હતું કે, લઘુમતી દરજ્જો એ કાર્યકાળનો દરજ્જો નથી અને મર્યાદિત સમયગાળા માટે નથી અને સક્ષમ સત્તાધિકારી અથવા કમિશન દ્વારા આપવામાં આવેલ સંસ્થાનો લઘુમતી દરજ્જો, જ્યાં સુધી રાષ્ટ્રીય લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓ અધિનિયમ, ૨૦૦૪ની કલમ ૧૨-સી હેઠળ કમિશન તેને રદ ન કરે ત્યાં સુધી ચાલુ રહેશે.

# રાજસ્થાનમાં વિધાનસભા ચૂંટણી પહેલાં ગેહલોતનો માસ્ટરસ્ટ્રોક, સરકારે ત્રણ નવા જિલ્લાઓની જાહેરાત કરી



જયપુર તા.૧૦

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે વિધાનસભા ચૂંટણી પહેલા મોટો નિર્ણય કર્યો છે. ગેહલોત દ્વારા રાજસ્થાનમાં ૩ નવા જિલ્લા બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. નવા જિલ્લાઓમાં માલપુરા, સુજાનગઢ અને કુચામન સિટીનો સમાવેશ થાય છે. આ અંગે ગેહલોતે સોશિયલ મીડિયા એક્સ ઉપર લખ્યું કે, જનતાની માંગ તેમજ ઉચ્ચ સ્તરીય સમિતિની ભલામણ મુજબ રાજસ્થાનમાં વધુ ત્રણ નવા જિલ્લા બનાવાશે ૧.માલપુર, ૨.સુજાનગઢ, ૩ કુચામન સિટી અશોક ગેહલોતે વધુમાં કહ્યું કે ઉચ્ચ સ્તરીય સમિતિની ભલામણ મુજબ આગામી સમયમાં પણ સીમાંકન સહિતની સમસ્યાઓ દુર કરાશે. રાજ્યમાં અગાઉ ૩૩ જિલ્લા હતા ત્યારબાદ સીએમ ગેહલોતે ૧૭ માર્ચ-૨૦૨૩ના રોજ ૧૯ નવા જિલ્લાઓની જાહેરાત કર્યા બાદ જિલ્લાઓની કુલ સંખ્યા ૫૦ ઉપર પહોંચી ગઈ છે. ત્યારે હવે વધુ ત્રણ જિલ્લાની જાહેરાત કરવામાં આવી છે. તેમણે ૭મી ઓગસ્ટે ઓનલાઈન માધ્યમથી રાજયના નવા જિલ્લાઓનું ઉદઘાટન કર્યું હતું. ૩ જિલ્લાની જાહેરાત કરાયા બાદ રાજ્યમાં કુલ જિલ્લાની સંખ્યા ૫૩ થઈ જશે. નવો જિલ્લો કુચામનનો અગાઉ નાગૌરમાં સમાવેશ થયો હતો. તે અગાઉ ડીડવાનાકુચામન જિલ્લા બનાવાયો હતો. હવે કુચામનને અલગ કરી દેવાયો છે. એવું કહેવાય છે કે ડીડવાના-કુચામન જિલ્લામાં ભાજપમાં ગયેલા જ્યોતિ મિર્ધાનો દમદબો છે, ઉપરાંત ભાજપના હનુમાન બેનીવાલનું પણ વર્ચસ્વ છે, જેથી કુચામનને અલગ કરી નવો જિલ્લો જાહેર કરવો તે ગેહલોત સરકારનો માસ્ટરસ્ટ્રોક છે. ચુરૂમાંથી સુજાનગઢને અલગ કરી જિલ્લો જાહેરર કરાયો છે. ચુરૂમાં ભાજપના રાજેન્દ્ર રાઠોડનો દબદબો હોવાનું કહેવાય છે. ટોંકમાંથી માલપુર જિલ્લાને અલગ કરી જિલ્લો જાહેર કરાયો છે. સચિન પાયલોટ ટોંકના ધારાસભ્ય છે. આવી સ્થિતિમાં માલપુરાને અલગ કરી મોટો સંકેત આપી દેવાયો છે. મુખ્યમંત્રી અશોક ગેહલોતે કહ્યું કે અમે ૩ નવા જિલ્લા બનાવવાનો પ્રસ્તાવ રાજલુભાયા કમિટીને મોકલી રહ્યા છે. અમે અન્ય જિલ્લાઓમાંથી આવેલી માંગણીની તપાસ કરાવીશું. કુચામન અને નવા ક્ષેત્રના લોકો અલગ જિલ્લો બનાવવાની માંગ કરી રહ્યા હતા. સુજાનગઢના ધારાસભ્ય અને સ્થાનિક લોકો પણ લાંબા સમયથી માંગ કરી રહ્યા છે. આ માટે ધરણા પણ કર્યા, તેથી આ માંગણી માનવામાં આવી છે. આગામી સમયમાં પણ કેટલાક જિલ્લાઓની જાહેરાત થઈ શકે છે.

# કેનેડિયન રાજદ્વારીઓને પાછા બોલાવી લેવાથી ભારતીયોને વિઝા મેળવવામાં તકલીફ પડી શકે છે

## પાકિસ્તાન સિવાય ભારતે કોઈ રાષ્ટ્રને દેશમાં તેમના રાજદ્વારીની હાજરી ઓછી કરવાનું કહ્યું હોય એવો બીજો કોઈ મોટો દાખલો નથી



નવી દિલ્હી તા.૧૦

વિદેશપ્રધાન મેલાની જોલીએ કહ્યું હતું કે, કેનેડાએ વધતાં જતાં રાજદ્વારી વિવાદ વચ્ચે ઓટાવાને ભારતમાં મિશન ઉપર કર્મચારીઓને નોંધપાત્ર રીતે ઘટાડવા માટે કહ્યું છે, તેવા અહેવાલો પર અભ્યાસ કરીને મૌન જાળવી રાખ્યું છે. જો કે, તેમની સરકાર આ મુદ્દા ઉપર ખાનગી રીતે જોડાવવાનું પસંદ કરશે. ભારત તરફથી પરસ્પર રાજદ્વારી હાજરીમાં તાકાત અને રેન્કમાં સમાનતા સુનિશ્ચિત કરવા માટે કેનેડાને કેટલાક રાજદ્વારીઓને પાછા બોલાવી લેવા કહ્યું છે, જે નિષ્ણાતો માને છે કે, કેનેડિયન વિઝા અરજીઓની પ્રક્રિયાને અસર કરશે, તે ચોક્કસ છે. કેનેડા નવી દિલ્હી, બેંગ્લુરૂ, ચંદીગઢ અને મુંબઈમાં આવતી વિઝા અરજીઓનો નિકાલ કરવા માટે તેના હાઈ કમિશન અને કોન્સ્યુલેટમાં રાજદ્વારીઓને મોટી સંખ્યામાં રાખે છે. મંગળવારે ઓટાવામાં ટ્રુડોને પત્રકારોએ એક પ્રશ્ન પૂછ્યો હતો કે, ‘ભારતે કેનેડાને દેશમાં તેની રાજદ્વારી હાજરી ઘટાડવાનું કહ્યું છે તો કેનેડા તેની સામે બદલો લેશે કે કેમ ?’ જેને પગલે વિદેશપ્રધાન જોલીએ જણાવ્યું હતું કે, આ આ મુદ્દે ઓટાવા દિલ્હી સાથે સંપર્કમાં છે. અમે ભારત સરકારના સંપર્કમાં છીએ. અમે કેનેડિયન રાજદ્વારીઓની સલામતીને ખૂબ જ ગંભીરતા લઈએ છીએ, જોલીએ પત્રકારોને જણાવ્યું હતું કે, અને અમે ખાનગી રીતે જોડાણ કરવાનું ચાલુ રાખીશું કારણ કે, અમને લાગે છે કે, રાજદ્વારી વાતચીત જ્યારે ખાનગી રહે ત્યારે જ શ્રેષ્ઠ હોય છે. ફાઈનાન્સિયલ ટાઈમ્સે મંગળવારે અહેવાલ આપ્યો હતો કે, ભારતે કેનેડાએ નિમણૂક કરેલા ૬૨માંથી ૪૧ રાજદ્વારીઓને પાછા ખેંચી લેવા કહ્યું હતું. ભારત તરફથી ૧૦ ઓકટોબરની સમયમર્યાદા આપવામાં આવી છે ત્યાર પછી પણ દેશમાં રહેનારા રાજદ્વારીઓ પ્રત્યેની રાજકીય જવાબદારી રદ કરી શકે છે તેવા અહેવાલોને ધ્યાનમાં રાખીને કેનેડિયન પક્ષ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી. વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ ગયા મહિને ખાલિસ્તાની નેતા હરદીપસિંહ નિજ્જરની હત્યા સાથે ભારત સરકારના એજન્ટોને જોડવાના આરોપથી રાજદ્વારી વાવાઝોડું ઊભું કર્યું હતું. ભારતે આરોપને ‘વાહિયાત’ ગણાવીને ફગાવી દીધો અને બંને પક્ષોએ વરિષ્ઠ રાજદ્વારીઓની હકાલપટ્ટી કરી. ભારતે કેનેડાની મુસાફરી કરતા તેના નાગરિકો માટે એક એડવાઈઝરી પણ જારી કરી હતી જેમાં તેમને વધતી જતી ભારત વિરોધી પ્રવૃત્તિઓ અને ‘રાજકીય રીતે માફ કરાયેલા નફરતના અપરાધો’ને કારણે ‘અત્યંત સાવધાની’ રાખવા વિનંતી કરી હતી. જ્યારે ટ્રુડોએ તાજેતરમાં ઓટાવામાં પત્રકારો તરફથી એક પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, ભારતે કેનેડાને દેશમાં તેની રાજદ્વારી હાજરી ઘટાડવાનું કહ્યું હતું અને કેનેડિયન પક્ષ તેની સામે બદલો લેશે કે કેમ ? આવા પગલા વિદેશપ્રધાન જોલીએ જણાવ્યું હતું કે, ઓટાવા આ મુદ્દે દિલ્હી સાથે સંપર્કમાં છે. આ બાબતથી વાકેફ લોકોએ જણાવ્યું હતું કે, તાજેતરની ઘટનાઓએ હજુ સુધી કેનેડિયન વિઝા પ્રોસેસિંગ સેવાઓને અસર કરી નથી પરંતુ સ્વીકાર્યું કે રાજદ્વારી કર્મચારીઓનાં કોઈપણ નોંધપાત્ર ઘટાડો ચોક્કસપણે અસર કરશે. પાકિસ્તાન સિવાય ભારતે કોઈ રાષ્ટ્રને દેશમાં તેની રાજદ્વારી હાજરી ઘટાડવાનું કહ્યું હોય એવો બીજો કોઈ મોટો દાખલો નથી. તાજેતરના દાયકાઓમાં ભારત અને પાકિસ્તાને રાજદ્વારી સંબંધોને ડાઉનગ્રેડ કર્યા છે અને જ્યારે તેમના સંબંધો નીચા સ્તરે પહોંચ્યા છે ત્યારે મિશન પર સ્ટાફની સંખ્યામાં ઘટાડો કર્યો છે. સૌથી તાજેતરનો દાખલો ત્યારે બન્યો જ્યારે પાકિસ્તાને ઓગસ્ટ ૨૦૧૯માં જમ્મુ અને કાશ્મીરનો વિશેષ દરજ્જો રદ કર્યા પછી નવી દિલ્હીમાં નવા હાઈ કમિશ્નરની નિમણૂક ન કરવાનો નિર્ણય લીધો. ભારતમાં કોઈ દેશની રાજદ્વારી હાજરીનું કદ પણ સમગ્ર દ્વિપક્ષીય સંબંધોની સ્થિતિ દર્શાવે છે. દાખલા તરીકે યુ.એસ.એ વિઝા અરજીઓમાં જંગી વૃદ્ધિનો સામનો કરવા અને તેનો સામનો કરવા માટે ભારતમાં તૈનાત રાજદ્વારીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો કર્યો છે. કેનેડામાં ૨,૩૦,૦૦૦ ભારતીય વિદ્યાર્થીઓ કેનેડિયન સંસ્થાઓમાં અભ્યાસ કરે છે, તે સાથે ભારત હાલમાં કેનેડામાં વિદેશી વિદ્યાર્થીઓનો ટોચનો સ્ત્રોત છે. કેનેડિયન પ્રાંત ઓન્ટેરિયોમાં કેટલીક શૈક્ષણિક સંસ્થાઓ સંપૂર્ણપણે ભારતીય વિદ્યાર્થીઓ ઉપર નિર્ભર છે અને રાજદ્વારી પંક્તિએ પહેલાથી જ આ સંગઠનો માટેના ભંડોળના મુખ્ય સ્ત્રોતને અસર કરશે કે કેમ તે અંગે પ્રશ્નો ઊભા કર્યા છે. ઓન્ટારિયોના ઓડિટર જનરલ ઓફિસે ૨૦૨૧ના અહેવાલમાં તારણ કાઢ્યું હતું કે, તાજેતરના વર્ષોમાં કેટલીક કોલેજોએ વાર્ષિક નુકસાન ઉઠાવ્યું હોઈ શકે છે. જાહેર પ્રસારણકર્તા સીબીસી ન્યૂઝ. ટોરોન્ટો સ્થિત કન્સલ્ટિંગ ફર્મ એજ્યુકેશન સ્ટ્રેટેજી એસોસિએટ્સના પ્રેસિડેન્ટ એલેક્સ અશરએ જણાવ્યું હતું કે, ‘ભારતીય વિદ્યાર્થીઓ કેનેડિયન વિદ્યાર્થીઓ કરતાં કોલેજ સિસ્ટમમાં માત્ર બમણી રકમનું યોગદાન આપતા નથી, તેઓ ઓન્ટારિયોની સરકાર કરતાં થોડો વધુ ફાળો પણ આપે છે.’ સરે બોર્ડ ઓફ ટ્રેડના સીઈઓ અનિતા હ્યુબરમેને પણ સીબીસી ન્યૂઝને જણાવ્યું હતું કે, દક્ષિણ એશિયાની નોંધપાત્ર વસ્તી ધરાવતા સરેના સાહસો અનિશ્ચિત વ્યાપારી વાતાવરણથી ચિંતિત છે. ‘વ્યવસાયોને લાગે છે કે, ભારત સાથેનો તેમનો વેપાર અટકી ગયો છે, ભવિષ્ય અનિશ્ચિત છે અને આપણા સમુદાયના (ભારત સાથે) મહત્ત્વપૂર્ણ પારિવારિક સંબંધોને કારણે અને જે મુલાકાતો સુનિશ્ચિત કરવામાં આવી છે અને શેડ્યૂલ થવાની છે તેના કારણે પણ મોટી ચિંતા છે, તેણીએ કહ્યું હતું.

# પત્રકારોના સંગઠને સત્ય શોધક પત્રકારોને રક્ષણ આપવા, નકલી સમાચારનો સામનો કરવા માટે કાયદાની માંગ કરી

નવી દિલ્હી, તા.૧૦

ભારતીય પત્રકાર સંઘના બેનર હેઠળ આયોજિત અખિલ ભારતીય સેમિનારમાં ઉપસ્થિત લોકોએ મીડિયા કમિશનની સ્થાપના કરવા માટે ભાર મૂક્યો હતો જેની લાંબા સમયથી માંગ કરવામાં આવી રહી છે. વિવિધ ક્ષેત્રોના પત્રકારો અને નિષ્ણાતોએ "સત્ય શોધક પત્રકારો"ને બચાવવા અને નકલી સમાચાર ફેલાવનારાઓને નિંદા કરવા માટે કેન્દ્રીય કાયદો બનાવવાની હાકલ કરી છે. સેમિનાર સંયોજક અને પૂર્વે IJU પ્રમુખ એસ એન સિંહાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ભારતીય પત્રકાર સંઘે રોજિંદા ધોરણે તમામ સ્તરે મીડિયા જે પડકારોનો સામનો કરી રહ્યું છે અને સત્ય શોધનારા પત્રકારોને બચાવવા અને નકલી અને ખોટા સમાચારોની નિંદા કરવા માટે તેઓને કાયદા હેઠળ કેવી રીતે લાવવા તે અંગે વિચાર-વિમર્શ કરવા માટે રાષ્ટ્રીય સ્તરના સેમિનારનું આયોજન કર્યું હતું. લગભગ ત્રણ કલાક ચાલેલા મંથન સત્રમાં સિંહાએ જણાવ્યું હતું કે એક ડઝનથી વધુ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના IJU પ્રતિનિધિઓએ પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક અને સામાજિક સહિત મીડિયા સામેના વિવિધ પડકારો પર ધ્યાન આપવામાં આવ્યું હતું અને સાચા પત્રકારોને સુરક્ષિત રાખવાના માર્ગો શોધવા ઉપર વિચાર વિમર્શ કરવામાં આવ્યો અને તેમના નાણાકીય કલ્યાણ સાથે તેઓને ઉત્પીડન, ધાકધમકી અને હિંસાથી બચાવવા માટે વિચાર કરવામાં આવ્યો હતો. આ સેમિનારમાં મીડિયા સંરક્ષણ અધિનિયમ અને મીડિયા કમિશનના બંધારણ ઉપર ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સંબોધતા IJU પ્રમુખ શ્રીનિવાસ રેડ્ડીએ વર્તમાન સ્થિતિ વિશે વાત કરી અને મીડિયા કમિશનની રચનાની માંગની તરફેણ કરી હતી. આ કાર્યક્રમમાં સિંહાએ કહ્યું કે IJU શરૂઆતથી જ પ્રેસની સ્વતંત્રતા અને પત્રકારોના અધિકારો માટે લડી રહ્યું છે. આઈજેયુએ હવે મીડિયા પ્રોટેક્શન એક્ટ અને તેને લાગુ કરવા માટે મીડિયા કમિશનની રચનાની માંગણી કરી છે. સુપ્રીમ કોર્ટના વકીલ રાકેશ ખન્ના અને IPS અધિકારીમાંથી અધિકાર કાર્યકર્તા બનેલા અમોદ કાંથે IJUની માંગને સમર્થન આપ્યું હતું. કાંથે કહ્યું કે કેન્દ્ર મહારાષ્ટ્ર અને છત્તીસગઢ સરકારો અને પાકિસ્તાનથી પણ સંકેત લઈ શકે છે જેમણે પત્રકારોની સુરક્ષા માટે કાયદો ઘડ્યો છે. હકીકતમાં પાકિસ્તાનનો મીડિયા પ્રોટેક્શન એક્ટ ખૂબ જ મહત્વપૂર્ણ છે અને તેને ફક્ત એટલા માટે નકારી શકાય નહીં કારણ કે તે પાકિસ્તાનનો છે. તે સ્ત્રોતને જાહેર ન કરવાનો અધિકાર આપે છે અયોગ્ય પ્રતિબંધોના અમલીકરણ વિશે વાત કરે છે અને અન્યની પ્રતિષ્ઠા અને ગોપનીયતાની પણ સુરક્ષા કરે છે. તેની પાસે સિવિલ કોર્ટની સત્તા છે જે સંસ્થાનવાદી IPC કલમ ૧૯૦૮થી અનુસરે છે અને તેને ભારતમાં પણ લાગુ કરી શકાય છે.

# સોમનાથ રહેણાંક મકાનના વાડામાં મધરાત્રે ત્રાટકેલો દીપડો

## ચાર માસની વાછરડીનું મારણ કર્યુ, વારંવાર પાંજરા મુકયા છતાં દિપડો પકડાતો નથી



(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૦

સોમનાથ-પ્રભાસ પાટણની વેણેશ્વર -સોમનાથ સોસાયટીમાં ગત રાત્રે અઢીથી પોણા ત્રણ વાગ્યાના અરસામાં સોસાયટીમાં રહેતા રબારી રાજુભાઈ પુંજાભાઈ કોડીયાતરના રહેણાંક મકાનમાં વાડામાં પ્રવેશી દિપડાએ ગાયની બાજુમાં બાંધેલ માત્ર ચાર મહિનાના વાછરડીને ઉપાડી બાજુમાં આવેલ સોમનાથ ટ્રસ્ટના ગાર્બીગ ડેપો તરફ ભાગ્યો હતો. રાજુભાઈએ ખખડાટ સાંભળતાજ પોતાની માલિકીની વાછરડીને બોચીથી પકડી દીપડો ગાર્બીગ ડેપોના મેદાનમાં તેનું મારણ કરતો જોતા તાત્કાલીક હાકલા-પડકારા, પથ્થર ફેંકતા મૃત વાછરડીનો મૃતદેહ પડતો મુકી દીપડો ભાગી ગયો હતો.

આ અંગે વેરાવળ રેન્જ ફોરેસ્ટર કે.ડી. પંપાણીયા ઘટના સ્થળે પહોંચી સ્થળ નિરીક્ષણ તથા પંચનામું કરેલ હતું. વન અધિકારી પંપાણીયાના જણાવ્યા અનુસાર આ વિસ્તારમાં દિપડાની અવર-જવરની જાણ જયારે -જયારે મળેલ છે ત્યારે-ત્યારે પાંજરૂ ગોઠવી પકડવા છેલ્લા ત્રણ મહિનાથી પ્રયત્નો કરાયેલ છે પરંતુ દિપડો લોકેશન બદલાતો હોય પકડાતો નથી.

આ વિસ્તારમાં જે ઘટાટોપ અવાવરૂ ઝાડ, પાણ ખીણ છે તે ઝાડોને નીચેના ભાગેથી કાપી દુર કરવા સંબંધકર્તાને જણાવ્યું છે. કારણ કે દિપડાના રહેઠાણ માટે અવાવરૂ ઝાડ, પાણ, ગીચતા સ્વર્ગ રહેણાંક સમાન છે. રાજુભાઈ કોડીયાતરે જણાવ્યું હતું કે, આ અગાઉ એક મહિના પહેલા મારી ગાયનું પણ દીપડાએ મારણ કરેલ હતું. વનવિભાગ અને સોમનાથ ટ્રસ્ટ સંયુકત રીતે આ પ્રશ્નનું નિરાકરણ કરે તે જરૂરી છે. કારણ કે અહીંથી જ સોમનાથ મંદિરે જવા-આવવાનો રસ્તો પણ છે. જેથી યાત્રાળુઓને પણ ભવિષ્યમાં દીપડા દ્વારા હેરાનગતી થાય તેવી ભીંતિ છે.

# જૂનાગઢની પવિત્ર ધરા ઉપર વાસણા સ્વામિનારાયણ સંસ્થાન દ્વારા નુતન મંદિરનો શિલાન્યાસ વિધી સંપન્ન

## નગરનાં ચોબારી રોડ ઉપર આકર પામશે નુતન મંદીર – સંતોની પ્રેરક ઉપસ્થિતી




જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢ મહાનગરનાં ચોબારી રોડ પર સ્વામિનારાયણ સંપ્રદાયનાં વાસણાં સંસ્થાન દ્વારાનુતન મંદીરનો શિલાન્યાસ વિધી વાસણા સ્વામિનારાયણ મંદિર સંસ્થાનાં સ્વામિશ્રી સત્યસંકલ્પ સ્વામિના હસ્તે શિલારોપણ દ્વારા સંપન્ન થયો. આ પ્રસંગે સ્વામિનારાયણ વાસણા સંસ્થાનાં મુર્તિ સ્વામિ સહિત સંતોની પ્રેરક ઉપસ્થિતી ભાવીકોમાં ઉત્સાહ વર્ધક હતી.આ તકે યોજાયેલ ધર્મસભામાં જૂનાગઢનાં ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયા, અગ્રણીશ્રી પ્રદિપભાઈ ખીમાણી, જૂનાગઢ રેન્જ આઈ.જી. શ્રી નિલેષ જાજડીયા, શ્રી શૈલેષભાઈ દવે, શ્રી ગાંડુભાઈ ઠેશીયા, શ્રી ભીખાભાઈ, સહિત શહેરનાં અગ્રણી ઉદ્યોગપતિ, જ્ઞાતિ સમાજનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ધર્મસભામાં ભક્તોને આશીર્વચન પાઠવતા સત્ય સંકલ્પ સ્વામિએ પરિવારમાં સંપ અને શાંતીનાં વાતાવરણ પર ભાર મુકી દરેક વ્યક્તીએ સંપથી રહેવુ જોએ તેમ જણાવી સમાજને વયસનમુક્ત બનાવવા હાકલ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા વિનુભાઈ રાખશીયા, શ્રી બિપીનભાઈ પટેલ, પ્રવીણભાઈ અંટાળા, ડો.કાપડીયા સહિત સત્સંગીઓએ જહેમત ઉઠાવી હતી.

# રિલાયન્સ ફાઉન્ડેશન અને આઈઓસીએ ભારતભરમાં ઓલમ્પિક મૂલ્યોના શિક્ષણના ફેલાવા માટે કરાર કર્યા




મુંબઈ, તા.૧૦

ઈન્ટરનેશનલ ઓલમ્પિક કમિટિએ (આઈઓસી) ઓલમ્પિક મ્યુઝિયમ સાથે મળીને ભારતમાં ઓલમ્પિક વેલ્યુસ એજ્યુકેશન પ્રોગ્રામની (ઓવીઈપી) સફળતા માટે રિલાયન્સ ફાઉન્ડેશન સાથે જોડાણ કર્યું છે અને નવા સહકાર કરાર ઉપર હસ્તાક્ષર કર્યા છે. આઈઓસી પ્રેસિડેન્ટ થોમસ બાચે મુંબઈ સ્થિત રિલાયન્સ ફાઉન્ડેશન યંગ ચેમ્પ્સ (આરએફવાયસી) ફૂટબોલ એકેડમીની મુલાકાત દરમિયાન ભારતમાંના આઈઓસી મેમ્બર તથા રિલાયન્સ ફાઉન્ડેશનના ફાઉન્ડર ચેરપર્સન નીતા અંબાણી સાથે યોજેલી બેઠકમાં આ નવા સહકાર મુદ્દે સમજૂતિ સધાઈ હતી. આ સમારોહમાં પ્રેસિડેન્ટ બાક અને શ્રીમતી નીતા અંબાણીએ ઓઈવીપી અને રિલાયન્સ ફાઉન્ડેશનના પ્રતિકસમાન પેનન્ટ્સની આપ-લે કરી હતી તથા નવી ઓલમ્પિક વેલ્યુસ પ્લેજ વોલ પર હથેળીની છાપ પાડી હતી.

"રમત-ગમતમાં યુવા લોકોના જીવનમાં પરિવર્તન આણવાની ક્ષમતા છે અને ઓવીઈપી અમલીકરણ ભાગીદાર તરીકે રિલાયન્સ ફાઉન્ડેશન અમારી સાથે જોડાયું તે બદલ અમે તેને આવકાર આપીએ છીએ જેનાથી મહારાષ્ટ્ર અને મુંબઈના વધુને વધુ વિદ્યાર્થીઓમાં ઓલમ્પિકના મૂલ્યોનો સંચય થશે. ઓવીઈપી પ્રોગ્રામથી અમે વંચિત સમુદાયના બાળકો સુધી પહોંચીને તેમને રમત-ગમત તથા તંદુરસ્ત જીવનશૈલીનો લાભ પૂરો પાડવા માગીએ છીએ," એમ પ્રેસિડેન્ટ બાકે જણાવ્યું હતું.

જયારે શ્રીમતી નીતા અંબાણીએ કહ્યું હતું કે, "રિલાયન્સ ફાઉન્ડેશન ઓઈવીપી માટે આઈઓસીના ભાગીદાર બનવાનો આનંદ અનુભવે છે અને આ ભાગીદારી નિભાવવા અમે ઉત્સુક છીએ. ઓવીઈપી થકી બંને રમતગમત અને શિક્ષણ સાથે આવે છે. આ ભાગીદારી દ્વારા, અમે ભારતમાં ૨૫ કરોડ જેટલા સ્કૂલે જતા બાળકોના જીવન ઉપર અસર છોડવા માગીએ છીએ અને ભારતના દૂરદૂરના ગામો અને વિસ્તારો સુધી પહોંચીને અમે તેઓને વધુ શિસ્તબદ્ધ, તંદુરસ્ત તેમજ ચુસ્ત-દુરુસ્ત જીવનશૈલીનો વિકલ્પ પૂરો પાડવા ઈચ્છીએ છીએ. બાળકો જ આપણું ભવિષ્ય છે અને આપણે તેમને યોગ્ય શિક્ષણની સાથે રમત-ગમતનો અધિકાર પણ આપવો જરૂરી છે."

ભારતમાં ૨૦૨૨માં ઓડિશા રાજયમાં અભિનવ બિન્દ્રા ફાઉન્ડેશન સાથે મળીને લોંચ કરાયેલી ઓવીઈપી એ ભારતમાં અમલમાં આવનારા આઈઓસીના પ્રથમ મોટા પ્રોજેક્ટ્સમાંનો એક છે. અત્યારે આ પ્રોગ્રામનું બીજું વર્ષ ચાલી રહ્યું છે અને તેમાં ૭૦૦થી વધુ પ્રશિક્ષકો અને ૩૫૦થી વધુ સ્કૂલના ૨.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ જોડાઈ ચૂક્યા છે અને તે છેક આસામ સુધી વિસ્તરી ચૂક્યો છે.

**આઈઓસી અને રિલાયન્સ ફાઉન્ડેશન ત્રણ મુખ્ય બાબતો ઉપર ધ્યાન આપશે**

- ઓલિમ્પિઝમ અને ઓલમ્પિક મૂલ્યોને ઉત્તેજન આપવા ચુનંદા સ્કૂલોમાં ગ્રેડ-આધારિત પ્રવૃત્તિઓ
- એથ્લિટ્સ અને વિદ્યાર્થીઓ વચ્ચે ઈન-પર્સન અને વર્ચ્યુઅલ સંવાદ કરાવીને શારીરિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપી ઓલમ્પિક મૂલ્યોની ચર્ચા કરવી.
- ઈન્ટરેક્ટિવ ગેમ્સ, ક્વિઝ અને રમતગમત તથા શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા ઓલમ્પિક મૂલ્યો વિશે જાગૃતિ ફેલાવવી.

# ભારતીય નેવીમાં પ્રમોશનના બદલાયા નિયમ, આનાથી સૈનિકોને ઘણા ફાયદા મળશે

નવીદિલ્હી તા. ૧૦

ભારતીય નેવીના પ્રમોશન માટે નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. અધિકારીઓની યોગ્યતાનું મુલ્યાંકન કરવા માટે શનિવારે '૩૬૦ ડિગ્રી ઈવેલ્યુએશન સિસ્ટમ'નું અનાવરણ કરવામાં આવ્યું છે. સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે નવા નિયમનો ઉદ્દેશ્ય એક અધિકારીની નેતૃત્વ ક્ષમતાઓને આગળ વધારીને વ્યક્તિગત વિકાસને આગળ લઈ જવાનો છે. વરિષ્ઠ અધિકારીઓ સમય-સમય પર ગુપ્ત રીપોર્ટ આપે છે, ઈવેલ્યુએશનની આવશ્યકતાને માન્યતા આપતા ભારતીય નેવીએ ડિગ્રી ઈવેલ્યુએશન સિસ્ટમ રજૂ કરી છે. જેમાં વરિષ્ઠ અધિકારીઓની સાથે જોડે કામ કરતા જવાન અને તેમના ઈનપુટ પણ સામેલ થશે. આ નવી ઈનોવેટિવ સિસ્ટમનો એક ઉદ્દેશ્ય અધિકારીઓને વેલ્યુબલ ફીડબેક આપવાનો છે. જે તેમના વ્યવહારિક પરિવર્તન અને તેમની લીડરશીપ રોલમાં સુધારો કરવામાં તેમને મદદ કરી શકે. નેવીએ કહ્યું કે સમાન મૂલ્યાંકન પ્રણાલી વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાઓમાં સામેલ છે.

# શ્રી શંકરાચાર્ય ગુરૂકુલમ્ દ્વારકાએ જિલ્લાનું ગૌરવ વધાર્યું

## સોમનાથ સંસ્કૃતિ યુનિવર્સીટી ખાતે યોજાયેલ યુવક મહોત્સવમાં ગુરૂકુલમ્‌ના બે વિદ્યાર્થીઓએ રજત પદક પ્રાપ્ત કર્યા



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૧૦

'સ્પર્ધયા વર્તતે જ્ઞાનમ' આ સૂક્તિને ચરિતાર્થ કરવા માટે શંકરાચાર્ય ગુરૂકુલમના છાત્રો શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના૧૭માં યુવક મહોત્સવમાં સ્પર્ધા માટે ગયા હતા . જેમાં દોડ, ચક્રફેક, ગોળા ફેંક, કબડ્ડી, વોલી બોલ, બેડમિન્ટન જેવી શારીરિક સ્પર્ધાઓ તથા બૌદ્ધિક સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાં મિશ્રા દિવેશ દેવેન્દ્રભાઈએ ૧૫૦૦મી. દોડમાં દ્વિતીય સ્થાન સાથે રજત પદક પ્રાપ્ત કર્યું હતું તથા તિવારી હર્ષિત રાકેશભાઈએ ૪૦૦મી. દોડમાં દ્વિતીય સ્થાન સાથે રજત પદક પ્રાપ્ત કરીને માતા-પિતા તથા ગુરૂકુળનું નામ ઉજ્જવળ કર્યુ હતું. આ છાત્રોને જગતગુરૂ શંકરાચાર્યજી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત થયા હતા. તથા બ્રહ્મચારીજી અને બધા જ ગુરૂજનો દ્વારા આશિષ, અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## સમસ્ત લુહાર યુવક મંડળ ટ્રસ્ટ દ્વારા 'નવરાત્રી પનઘટ રાસોત્સવ-૨૦૨૩' યોજાશે

જૂનાગઢ તા. ૧૦

સમસ્ત લુહાર યુવક મંડળ ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા આગામી તા.૧૫-૧૦-૨૩ થી ૨૪-૧૦-૨૩ સુધી નવરાત્રી પનઘટ રાસોત્સવ-૨૦૨૩ અંતર્ગત રાસ-ગરબાનું આયોજન અવસર પાર્ટી પ્લોટ, ખલીલપુર રોડ, જૂનાગઢ ખાતે કરવામાં આવેલ છે. જેના પાસનું વિતરણ શરૂ થઈ ગયેલ છે અને સમસ્ત લુહાર સમાજને પધારવા ભાવભર્યુ આમંત્રણ ટ્રસ્ટના પ્રમુખ દ્વારા પાઠવવામાં આવેલ છે.

# માંગરોળ ખાતે વિદ્યાર્થી સંગઠન NSUIની જિલ્લાની કારોબારી મિટિંગ મળી, પ્રદેશ પ્રમુખની વિશેષ ઉપસ્થિતી



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા. ૧૦

માંગરોળની મુરલીધર વાળી ખાતે જૂનાગઢ જિલ્લા અને માંગરોળ શહેરના એનએસયુઆઈની કારોબારી મીટિંગ મળી હતી. એનએસયુઆઈ કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ છે. આ કાર્યક્રમમાં યુવાનો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ મિટિંગમાં એનએસયુઆઈના ગુજરાત પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ હાજરી આપી હતી અને લોકોને સંગઠનમાં જોડાવા અને ચૂંટણી માટે કામે લાગી જવા અપીલ કરી હતી. આ કારોબારીમાં ગુજરાત કોંગ્રેસના ઉપપ્રમુખ હીરાભાઈ જોટવાએ યુવાનોને માર્ગદર્શન આપ્યું હતુ અને યુવાનોની દરેક સમસ્યાઓમાં તેઓ સાથે છે તેવો વિશ્વાસ આપ્યો હતો. આ કારોબારીમાં પૂર્વ ધારાસભ્ય બાબુભાઈ વાજા, એનએસયુઆઈ પ્રદેશ અગ્રણીઓ કિશન રાઠોડ, તીર્થરાજ બાપોદરા સહિત મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા.

સમગ્ર મિટિંગનું આયોજન એનએસયુઆઈના જિલ્લા પ્રમુખ યુગ પુરોહિત અને જૂનાગઢ શહેર પ્રમુખ યસ ગોહેલ દ્વારા કરવામાં આવ્યું હતું. હાલ તો ધંધાની સીઝન છે અને ટૂંકાગાળામાં કોંગ્રેસના યુવા કાર્યકતાઓ ટેલિફોનિક જાણ કરવામાં આવવા પર એટલી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને દીપાવવા બદલ યુવાનનોનો યશ ગોહેલએ આભાર વ્યક્ત કર્યો હતો.

# ઈઝરાયલમાં સ્થાયી ગુજરાતી મહિલાએ વર્ણવી યુદ્ધની ભયંકર પરિસ્થિતિ

રાજકોટ, તા.૧૦

પેલેસ્ટાઈનના ઉગ્રવાદી સંગઠન હમાસ અને ઈઝરાયેલ વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે. ૭ ઓક્ટોબરની સવારે હમાસે ઈઝરાયેલ તરફ લગભગ ૫,૦૦૦ રોકેટ છોડ્યા હતા. આ પછી ઈઝરાયલે હમાસ વિરુદ્ધ યુદ્ધની જાહેરાત કરી છે. ત્યારે ઈઝરાયલમાં સ્થાયી થયેલા ગુજરાતીએ ત્યાંની હાલની સ્થિતિ વર્ણવી છે. રાજકોટના સોનલબહેન ગેડિયાએ સોશિયલ મીડિયા પર વીડિયો પોસ્ટ કરીને જણાવ્યું કે હાલમાં બધા નાગરિકો સુરક્ષિત છે. હમાસના આતંકીઓ રસ્તા પર લોકો પર હુમલો કરે છે. ઈઝરાયલમાં સ્થાયી થયેલા ગુજરાતીએ યુદ્ધની હાલની સ્થિતિ વર્ણવી છે. રાજકોટના સોનલબહેન ગેડિયા ઈઝરાયલમાં સ્થાયી થયા છે. સોનલબેન ગેડિયાએ સોશ્યલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કર્યો છે. જેમાં તેઓએ જણાવ્યું છે કે હમાસના આતંકીઓ રસ્તા પર લોકો પર હુમલો કરે છે. હાલમાં બધા નાગરિકો સુરક્ષિત છે. હાલમાં ગાઝા તરફથી વિસ્ફોટના અવાજ આવે છે. ત્રાસવાદી સંગઠન રોડ ઉપર કોઈપણ દેશના નાગરિક પર હુમલો કરે છે. બાટીયમ સિટીમાં રાત્રે ધમાકા થયા હતા પરંતુ અત્યારે શાંતિ છે. વધુમાં સોનલબહેન ગેડિયાએ કહ્યું કે, હાલમાં બધા નાગરિકો સુરક્ષિત જગ્યાએ છે. હાલમાં ગાઝા તરફથી ધડાકાના અવાજ આવી રહ્યા છે. મિસાઈલ પણ અત્યારે છોડવામાં આવી રહી છે. મુખ્ય માર્ગ તેમજ મુખ્ય બજાર ઉપર જવા ઈઝરાયલ સરકારે મનાઈ કરી છે. હમાસના આતંકવાદીઓએ ઈઝરાયલમાં દરિંદગીની હદ વટાવી છે. ઈઝરાઈલમાં ઘુસ્યાં બાદ હમાસના આતંકીઓએ સામાન્ય લોકોને નિશાન બનાવવાનું શરૂ કર્યુ હતું. તેમણે જણાવ્યું કે, લોકોને ખુલ્લેઆમ ગોળી મારી રહ્યાં છે.

# ન્યૂયોર્કના ન્યાયાધીશે બિઝનેસ લાયસન્સ રદ કરવા પર સ્ટે આપવા આદેશ કરતા ટ્રમ્પને રાહત

નવીદિલ્હી,તા. ૧૦

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને તેમના નાગરિક છેતરપિંડીના મુકદ્દમામાં અસ્થાયી રાહત મળી જ્યારે ન્યૂયોર્કની અદાલતે તેમને રાજ્યમાં વ્યવસાય ચલાવવા માટેનું લાયસન્સ રદ કરવામાં સ્ટે આપ્યો છે. આગામી વર્ષની રાષ્ટ્રપતિ પદની રેસમાં રિપબ્લિકન નોમિનેશન માટેના સૌથી આગળના ખેલાડીએ બુધવારે ન્યૂયોર્કની કોર્ટમાં તેના મુકદ્દમાને રોકવા માટે અપીલ દાખલ કરી હતી. ટ્રાયલ, જ્યુરી વિના પરંતુ ટ્રમ્પની હાજરીમાં યોજાઈ હતી, ગયા મહિનાના અંતમાં જજ આર્થર એન્ગોરોનના આશ્ચર્યજનક ચુકાદા પછી સોમવારે શરૂ થઈ હતી જેમાં ટ્રમ્પ સંગઠન અને ટ્રમ્પ અને તેના બે મોટા પુત્રો દ્વારા વારંવાર છેતરપિંડી થઈ હોવાનું જણાયું હતું. ડોન જુનિયર અને એરિકના બિઝનેસ લાયસન્સ ઓર્ડર રદ કર્યા હતા.. ન્યુયોર્કમાં અપીલ કોર્ટના ચુકાદામાં, ન્યાયાધીશ પીટર મોલ્ટને ટ્રાયલને સ્થગિત કરવાનો ઈનકાર કર્યો હતો, પરંતુ ચુકાદો આપ્યો હતો કે "વ્યવસાય પ્રમાણપત્રો રદ કરવાના આદેશો" પર રોક લગાવવામાં આવી હતી. આ ચુકાદો ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ માટે અસ્થાયી વિજય છે, જેઓ જજ એન્ગોરોનના સપ્ટેમ્બરના ચુકાદાને પગલે તેમના રિયલ એસ્ટેટ સામ્રાજયના આંશિક વિસર્જનનો સામનો કરે છે.

# રાજકોટ : ટેકનીકલ કર્મચારીના અકસ્માત કેસમાં એફઆઈઆર પરત ખેંચવા માંગ



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૦

ગુજરાત વિદ્યુત કર્મચારી ઉત્કર્ષ મંડળ દ્વારા રાજકોટ પીજીવીસીએલ નિગમિત કચેરીના મેનેજીંગ ડાયરેકટરને એક પત્ર પાઠવી ફરીયાદ પરત ખેંચવા માંગણી કરી છે.

જામનગર વર્તુળ કચેરી હેઠળ આવતા કલ્યાણપુર પેટા વિભાગીય ખાતે ફરજ બજાવતા કર્મચારી મયુરભાઈ કંડોરીયાનું તા.૨૬-૪-૨૪ના વીજ અકસ્માતથી દુઃખદ અવસાન થયેલ. આ બનાવ સંદર્ભે તા.૪-૧૦-૨૩ના રોજ દેવાભાઈ મોરડવ નામના ટેકનીકલ કર્મચારી .પર એફઆઈઆર દાખલ કરવામાં આવેલ જે આઈપીસી ૧૫૪ હેઠળ ગુનો દાખલ કરવામાં આવેલ છે તે ખુબ જ દુઃખદ અને બિનગેરકાયદેસર રીતે ઉપરી અધિકારીઓ પોતાના સ્વ બચાવ માટે ઘણા સમય બાદ ખોટી રીતે વર્ગ ૪ના નાના ટેકનીકલ કર્મચારી વિરૂધ્ધ ગુનો દાખલ કરાવવામાં આવેલ છે. જેને અમારા ગુજરાત વિદ્યુત કર્મચારી ઉત્કર્ષ મંડળ શખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે. સલામતીના સાધનો બાબતે માત્ર ટેકનીકલ કર્મચારીઓ જ દોષીત ગણવા કે જવાબદાર ગણવા જોઈએ નહી પરંતુ આ જવાબદારી ઉપરી અધિકારી એટલે નાયબ ઈજનેરની પણ બનતી હોય છે. જેમને પણ દોષિત ગણવા કે જવાબદાર ગણવા જોઈએ કારણ કે લાઈન કામને લગતી કામગીરીનું સંપુર્ણ મોનીટરીંગ કે દેખરેખ તેમના વડપણ હેઠળ કરવામાં આવતું હોય છે. તેથી આ જવાબદારીમાંથી છટકવા નાના નાના કર્મચારી વિરૂધ્ધ ગુનો દાખલ કરાવેલ છે.

વધુમાં નાયબ ઈજનેર દ્વારા દાખલ કરવામાં આવેલ ફરીયાદ પરત ખેંચવામાં આવે, જો ફરીયાદ ખેંચવામાં નહી આવે તો ગુજરાત વિદ્યુત કર્મચારી ઉત્કર્ષ મંડળ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનાત્મક કાર્યક્રમો આપવાની ફરજ પડશે તેમજ કંપનીની તથા સરકારની પ્રતિષ્ઠાને હાનિ થાય તો તેની સંપુર્ણ જવાબદારી આપશ્રીની રહેશે. જેની ગંભીર નોંધ લઈ ઘટતું કરવા યોગ્ય કરવા ગુજરાત વિદ્યુત કર્મચારી ઉત્કર્ષ મંડળ-પીજીવીસીએલના જનરલ સેક્રેટરીની યાદીમાં જણાવેલ છે.

# એન્ટિક કોઈન્સ મ્યુઝિયમ ખાતે પોસ્ટલ સપ્તાહની ઉજવણી નિમિત્તે પોસ્ટ કાર્ડ અને ટિકિટોનું પ્રદર્શન





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

ગામની ગલીઓમાં કે શહેરની શેરીઓમાં લાલ કલરનો લટકતો ડબ્બો તો આપણે સૌએ જોયો જ હશે. પરંતુ શું તેનો ક્યારેય ઉપયોગ કર્યો છે ? ક્યારેય એવું વિચાર્યું કે આ પોસ્ટનો ડબ્બો જૂનાં સમયમાં કેટલો કિંમતી હતો. આજના સોશ્યલ મીડિયાના જમાનામાં આપણે પોસ્ટ ઓફિસ અને પોસ્ટ કાર્ડ વગેરેને ભૂલી જ ગયા છીએ. અમે સવાણી હેરિટેજ કન્ઝર્વેશન પ્રા.લી.ને એ જણાવતાં આનંદ થાય છે કે આપણી ભૂલાતી વિસરાતી રહેલી સંસ્કૃતિઓ વગેરેને ઉજાગર કરવાનું કામ કરી રહ્યા છીએ. આ કાર્યમાં જૂનાગઢ ખાતે અમારા દ્વારા અલગ અલગ ઐતિહાસિક સ્થળોને આવરી લઈને જે-તે સ્થળોએ અલગ-અલગ સંગ્રહીત અમૂલ્ય વસ્તુઓ, કળા, અવશેષો અને ધરોહરને ઉજાગર કરવાનું કાર્ય કરવામાં આવેલ છે. તારીખ ૯મી ઓક્ટોબર થી ૧૫મી ઓક્ટોબર સુધી આખું વિશ્વ પોસ્ટલ સપ્તાહની ઉજવણી કરે છે. જે નિમિત્તે જૂનાગઢનાં એન્ટિક કોઈન મ્યુઝિયમ ખાતે પોસ્ટને લગતી વસ્તુઓનું પ્રદર્શન આ દરમ્યાન કરવામાં આવેલ છે. જેમાં ફર્સ્ટ ડે કવર, સ્પેશિયલ કવર, આર્મી પોસ્ટલ કવર, પોસ્ટ કાર્ડ, પોસ્ટ ટિકિટ(૧૯૪૭-૨૦૨૩), બુકલેટ, મિનિએચર વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે. જેનું કલેકશન જૂનાગઢનાં ડો. યૂસુફખાન પઠાણ દ્વારા આશરે ૩૫ વર્ષોથી કરવામાં આવેલું છે. આ સાથે ૩૦ ઓક્ટોબર સુધી સરદાર ગેટ ગેલેરી ખાતે બનાવવામાં આવેલ લાઈકસ બાસ્કેટની ટિકિટ(જયાં અવનવા બેકગ્રોઉંડ્સ સાથે અનેરી સેલ્ફી લઈ શકાય છે) ઉપર એન્ટિક કોઈન મ્યુઝિયમની ટિકિટ ફ્રી પણ આપવામાં આવશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# પ્રાચી તીર્થ ખાતે જૂનાગઢ લોકસભા પ્રવાસ કાર્યક્રમ અંતર્ગત તાલાલા વિધાનસભા ના કોર કમિટીની એક બેઠક મળી



(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧૦

જૂનાગઢ લોકસભા પ્રવાસ કાર્યક્રમ અંતર્ગત અને તાલાલા વિધાનસભા ના કોર કમિટીની એક બેઠક પ્રાંચી ખાતે રાખવામાં આવી હતી. જેમાં લોકસભાના સંયોજક ઝવેરીભાઈ ઠકરાર, જુનાગઢ -ગીર સોમનાથ સાંસદ રાજેશભાઈ ચુડાસમા, જિલ્લા પ્રમુખ મહેન્દ્રભાઈ પીઠીયા, લોકસભા સહ સંયોજક ચંદ્રેશભાઈ હેરમાં તથા વજુભાઈ વાજા લોકસભા વિસ્તારક વૈભવભાઈ પટેલ દ્વારા પ્રવાસ દરમિયાન લોકસભાના વિવિધ પ્રકલ્પો અને સરકારની વિવિધ યોજનાઓ તથા સંગઠ્ઠત્મક તેમજ પ્રવાસ અને સોસીયલ મીડિયામાં પ્રચાર,પ્રસાર વિશે વિધાનસભા સંયોજક, સહ સંયોજક સાથે બેઠક કરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું આ તકે જિલ્લા ભાજપ મહામંત્રી દિલીપભાઈ બારડ જીલ્લા.પ.પ્રમુખ મંજુલાબેન મુશાળ, જિલ્લા.પ.ઉપ પ્રમુખ્ રાજવીરસિંહ ઝાલા, શૈલેન્દ્રભાઈ રાઠોડ, ધીરૂભાઈ સોલંકી સહીત ના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

(તસ્વીર : જાદવભાઈ ચુડાસમા, પ્રાચી)

# સોમનાથ મંદિરની રહેણાંક સોસાયટીમાં દિપડાએ દેખા દઈ વાછરડીનું મારણ કરતા રહીશોમાં ગભરાટ


(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૦

સોમનાથ મંદિરની રહેણાંક સોસાયટીમાં ગતરાત્રિના ફરી ખુંખાર દીપડાએ દેખા દઈ એક વાછરડીનું મારણ કરતા રહીશોમાં ગભરાટનો માહોલ પ્રસર્યો છે. આ રહેણાંક સોસાયટીમાં છેલ્લા ત્રણેક માસ દરમિયાન અનેક વખત દીપડાએ દેખા દીધી હોવાથી પાંજરે પુરવા માટે વન વિભાગ સતત કાર્યવાહી કરી રહ્યું હોવા છતાં ચાલાક દીપડો પાંજરામાં પુરાતો ન હોવાથી લોકોમાં સતત ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

સોમનાથ સાનિધ્ય આવેલ વેણેશ્વર સોસાયટીમાં રહેતા રાજુભાઈ કોડીયાતરના વાડામાં ગતરાત્રિના અઢી વાગ્યા આસપાસ એક દિપડો ત્રાટકયો હતો અને વાડામાં રહેલ ગાયની બાજુમાં બાંધેલ ચાર માસની વાછરડીને બોચીએથી પકડી નજીકમાં આવેલ ગારબેજ ડેપોની જગ્યા તરફ લઈ ગયો હતો. ત્યારે પશુપાલક રાજુભાઈ જાગી જ હતા તેઓ વાછરડીની શોધમાં બહાર નીકળતા ખૂંખાર દીપડાને વાછરડીનું મારણ કરી રહેલ નિહાળતા જ હાકલા પોકારા કર્યા હતા જેનાથી ગભરાય મારણ કરેલ વાછરડીને સ્થળ ઉપર મૂકી દિપડો નાસી ગયો હતો. બાદમાં આ ઘટનાની જાણ કરતા વનકર્મીઓએ સ્થળ ઉપર દોડી જઈ કાર્યવાહી હાથ ધરી હતી.

આ ઘટના અંગે આરએફઓ પંપાણીયાના જણાવ્યા મુજબ આ



વિસ્તારમાં ઘણા સમયથી દિપડો દેખા દઈ રહ્યો હોય જે અંગે રહીશો દ્વારા જાણ કરવામાં આવતી ત્યારે પાંજરા ગોઠવી દીપડાને કેદ કરવા કાર્યવાહી કરવામાં આવતી હતી પરંતુ ચાલાક દીપડો વારંવાર લોકેશન બદલતો રહેતો હોવાથી પકડાતો પકડાયો નથી આ દીપડો રહેણાંક વિસ્તારની બાજુમાં આવેલ ઘટાટોપ ઝાડ પાન ખીણના વિસ્તારમાં છુપાઈ જાય છે. જેને ધ્યાને લઈ દિપડાને કેદ કરવા વિશેષ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તો બીજી તરફ પશુપાલક રાજુભાઈના જણાવ્યા મુજબ એક માસ અગાઉ પણ દીપડાએ મારી ગાયનું મારણ કરેલ ત્યારે પણ તંત્રને જાણ કરી હતી પરંતુ હજુ સુધી દીપડો કેદ ના થયો હોવાથી ફરી મારી વાછરડીનું મારણ થયું છે ત્યારે વહેલી તકે ખૂંખાર દીપડો કેદ થાય તેવી માગણી છે.

# નવાગામ ખાતે મેરા માટી મેરા દેશ અંતર્ગત કળશ યાત્રા યોજાઈ





(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧૦

મેરી માટી મેરા દેશ અંતર્ગત નિમિત્તે આજે સુત્રાપાડા તાલુકાના નવાગામ ગામ ખાતે કળશ યાત્રા નીકળી હતી આ કળશ યાત્રામાં લોકોએ કળશમાં માટી પધરાવી કંકુ ચોખાથી સ્વાગત કર્યુ હતું.

આ કળશ યાત્રા મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા આ પ્રસંગે તાલાલા ના ધારાસભ્યશ્રી ભગવાનભાઈ બારડ, જીલ્લા પંચાયતના સભ્ય બાબુભાઈ પરમાર, નવાગામ ગ્રામ પંચયાત ના સરપંચ પ્રતાપભાઈ બામણીયા તાલુકા પંચાયત સદસ્ય જસુભાઈ સોલંકી તથા ગામ ના સર્વે આગેવાનો તથા ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

(તસ્વીર : જાદવભાઈ ચુડાસમા, પ્રાચી તીર્થ)

# જૂની પેન્શન યોજના ચાલુ કરવા બાબતે ભેસાણના શિક્ષકોએ વિસાવદરના ધારાસભ્યને આવેદનપત્ર પાઠવ્યું

(રેનિશ મહેતા દ્વારા)

ભેસાણ તા.૧૦

ભેસાણ વિસાવદર તાલુકાની પ્રાથમિક શાળા માં ફરજ બજાવતા શિક્ષકો એ ભેસાણ-વિસાવદરના ધારાસભ્ય સમક્ષ જૂની પેન્શન યોજના ફરી ચાલુ કરવા અને અન્ય પડતર પ્રશ્નો બાબતે આવેદનપત્ર પાઠવીને રજુઆત કરી હતી.

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત ઘણા સમયથી જૂની પેન્શન યોજના લાગુ કરવા માટે વિવિધ કાર્યક્રમો આપી રહ્યું છે તે અંતર્ગત આજરોજ ધારાસભ્ય ભુપતભાઈ ભાયાણી ને રજૂઆત કરવામાં આવી કે જૂની પેન્શન યોજના ફરીથી ચાલુ કરવી એ દરેક વિભાગના કર્મચારીની જૂનામાં જૂની માંગણી છે, ઉપરાંત કર્મચારીની જૂની પેન્શન યોજનાની માંગણી સ્વીકારવામાં



આવે તે બાબતે સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવે.

આ ઉપરાંત શિક્ષકોના અન્ય પડતર પ્રશ્નો જેવા કે એનપીએસ વાળા કર્મચારીઓને નિવૃત્તિ સમયે ૩૦૦ રજા નો રોકડમાં રૂપાંતર આપવું, ૩૩૦૦૦ થી વધુ જગ્યા ઉપર શિક્ષકોની કાયમી ભરતી કરવી, આ આચાર્યોની સો ટકા ભરતી કરવી ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાના શિક્ષકોને તથા મહાનગરપાલિકાના શિક્ષકોને ૪૨૦૦ ગ્રાન્ડે પે નો લાભ આપવામાં આવે, વગેરે જેવા પ્રશ્નોની પણ રજૂઆત કરવામાં આવી. આ તકે ધારાસભ્ય ભુપતભાઈ ભાયાણીએ કર્મચારીની તમામ માંગણીની સરકાર સમક્ષ રજૂઆત કરશે તેમ જ કર્મચારીની તમામ માંગણી સંતોષાઈ જાય તે માટે તમામ પ્રયત્નો કરશે તેવી ખાત્રી આપી હતી.અને કોઈ પણ સંજોગોમાં કર્મચારીની પડખે ઊભા રહેશે. આ તકે ભેસાણ તાલુકા પ્રાથમિક શૈક્ષિક મહેસંઘના અધ્યક્ષ શ્રી નરેન્દ્રભાઈ ભુવા, મંત્રી શ્રી ગૌરાંગભાઈ જેઠવા, સંગઠનમંત્રીશ્રી દિલીપભાઈ ડાંગર, ઉપાધ્યાક્ષ શ્રી સંજયભાઈ વાછાણી, જિલ્લા મહિલા મંત્રીશ્રી ભારતીબેન ગોંડલીયા, તાલુકા મહિલા મંત્રીશ્રી અખિલાબેન ડોબરીયા, ભરતભાઈ પોંકીયા, ભાવેશભાઈ ગજેરા, રાજેશભાઈ ડેરૈયા, રવિભાઈ પરસાણીયા, શ્યામભાઈ રામાણી, તેમજ અન્ય શિક્ષક મિત્રો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળિયા પાલિકાની સામાન્ય સભા યોજાઈ ચાલીસ જેટલા તોતિંગ ઠરાવ પર મંજૂરીની મહોર

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૦

ખંભાળિયા નગરપાલિકાના નવા વરાયેલા હોદ્દેદારો સાથેની પ્રથમ જનરલ બોર્ડ ગઈકાલે સોમવારે સાંજે પાલિકાના સભાખંડ ખાતે યોજવામાં આવી હતી. નવનિયુક્ત પ્રમુખ રચનાબેન મોહિતભાઈ મોટાણીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલી આ સામાન્ય સભામાં ભાજપના ૨૬ પૈકી ચાર સભ્યો સોનલબેન વાનરિયા, હીનાબેન આચાર્ય, રશ્મિબેન ગોકાણી તેમજ મહેશ રાડિયા ઉપરાંત કોંગ્રેસના લાખીબેન પતાણી તેમજ બ.સ.પા.ના ઝાહીરાબેન પરિયાણી ગેરહાજર રહ્યા હતા.

નગરપાલિકાના ઈન્ચાર્જ ચીફ ઓફિસર અમિતકુમાર પંડ્યાની ઉપસ્થિતિમાં યોજાયેલી આ જનરલ બોર્ડમાં એજન્ડામાં દર્શાવવામાં આવેલા ઠરાવ જેવા કે નગરપાલિકા વિસ્તારમાં આવેલી જમીન ઉપર ગેરકાયદેસર દબાણ કરેલા ઈસમો પાસેથી હાઉસ ટેક્સ વસૂલ કરવા, ઘી નદી પર રિવરફ્રન્ટ બનાવવા, ખંભાળિયા નગરપાલિકા વિસ્તારને લગત આવેલી ગ્રામ પંચાયતોને નગરપાલિકામાં ભેળવવા, હાઈડ્રોલિક ટાવર લોડર અને જનરેટર સેટ વાહન ખરીદવા, નાણાપંચની ગ્રાન્ટમાંથી જેસીબી ખરીદવા, અવસાન પામેલા કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણના લાભ આપવા, પાલિકા સંચાલિત શેઠ દા.સુ. ગર્લ્સ સ્કૂલના નવા ટ્રસ્ટી



મંડળની નિમણુક કરવા, આ શાળાને ભાડામાંથી મુક્તિ અપાવવા, ઘી નદીમાં આવેલી ગાંડી વેલ દૂર કરવા, સીસીટીવી કેમેરા તેમજ સી.સી. ટીવી તેમજ વાહનોમાં જીપીએસ સિસ્ટમ લગાવવા, સહીતના ૪૦ જેટલા ઠરાવો મંજુર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

આ બેઠકમાં શહેર ભા.જ.પ. પ્રમુખ અનિલભાઈ તન્ના સાથે શહેર પ્રભારી ગીતાબા જાડેજા, શહેર મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમાર, પીયુષભાઈ કણઝારીયા ખાસ ઉપસ્થિત રહેલ હતા.પાલિકાના કારોબારી ચેરમેન તરીકે રેખાબેન જટાશંકર ખેતીયાની સર્વાનુમતે નિમણુક કરવામાં આવી હતી.

ભાજપના સભ્યોની સ્પષ્ટ બહુમતી ધરાવતી નગરપાલિકામાં અગાઉથી જ સંકલન થઈ ગયું હોવાથી વધુ એક વખત રાબેતા મુજબ જનરલ બોર્ડની બેઠક કોઈ પ્રકારના વાદ વિવાદ વગર શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી. આ મીટીંગનું સંચાલન રાજુભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું.

# પ્રાચી તીર્થ ખાતે ગાયત્રી પરિવાર દ્વારા પિતૃ અમાસ નિમિત્તે શ્રાદ્ધ તર્પણ તથા ગાયત્રી મહાયજ્ઞ

(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧૦

પ્રાચી તીર્થના માધવરાયજી પ્રભુના સાનિધ્યે શ્રી કારડીયા રાજપુત સમાજની વાડી ખાતે ગીર સોમનાથ જિલ્લા ગાયત્રી પરિવાર આયોજિત શ્રાદ્ધ તર્પણ તેમજ ગાયત્રી મહાયજ્ઞ આગામી તા.૧૪-૧૦-૨૦૨૩ ને શનિવાર સર્વ પિતૃ અમાવસ્યા ના પાવન દિવસે સવારે ૦૮:૦૦ થી ૧૧:૦૦ કલાકે રાખેલ છે જેમાં સર્વ સમાજના લોકોના સર્વ પિતૃઓ માટે ગાયત્રી પરિવાર દ્વારા વિનામૂલ્ય શ્રાદ્ધ તર્પણ તેમજ ગાયત્રી મહાયજ્ઞ પ્રાચી તીર્થ મુકામે રાખેલ છે જે કોઈ વ્યક્તિ ઓને પોતાના પિતૃઓના તર્પણમાં બેસવું હોય તો તથા આ ધાર્મિક કાર્યમાં લાભ લેવા સંપર્ક સૂત્ર. ગીર સોમનાથ જિલ્લા ગાયત્રી પરિવાર શાખા ગાયત્રી પરિવારના પરિજન ભાઈ બહેનોને પોતાનું નામ વહેલા તે પહેલા ના ધોરણે અગાઉથી લખાવી દેવું જેથી કરીને આપની બેસવાની વ્યવસ્થા થઈ શકે આ શ્રાદ્ધ તર્પણમાં બેસવા સાથે લાવવા માટે વસ્તુંની યાદી ત્રાંબાના ત્રાસ બે તાંબાનો લોટો એક સ્ટીલના વાટકા બે નાની ચમચી બે તથા ખંભે રાખવા માટે ગમચો તથા યજમાને ધોતીમાં આવવાનું રહેશે પૂજાપાની તમામ સામગ્રી સ્થળ ઉપર આપવામાં આવશે તો આ શ્રાદ્ધ તર્પણમાં તેમજ ગાયત્રી યજ્ઞમાં બેસવા માટે ભાવનાશીલ ભાઈ બહેનોને લાભ લેવા ગાયત્રી પરિવારનુ ભાવ ભર્યું હૃદયથી નિમંત્રણ છે.

# વણઝારી ચોક ખાતે આવેલા ગેબનશા પીરના ઉર્ષની ઉજવણી

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢમાં વણઝારી ચોક ખાતે આવેલ હઝરત ગેબનશા પીર બાપુના ઉર્ષની આજે સાંજે ઉજવણી કરવામાં આવશે. ઉર્ષ નિમિતે આજે સાંજે ન્યાઝ(પ્રસાદી)નું આયોજન કરવામાં આવેલ છે. બાદમાં રાત્રે મિલાદ શરીફ અને કવ્વાલીનો પ્રોગ્રામ યોજાશે. આ ઉર્ષના કાર્યક્રમમાં સર્વે હિન્દુ-મુસ્લીમ ધર્મપ્રેમી ભાઈ-બહેનોને ઉપસ્થિત રહેવા ખાદીમ મુંજાવર નજીબબાપુ, તેહસીનબાપુ, રઈશબાપુએ જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# વર્લ્ડ ઈન્વેસ્ટર વીક ૨૦૨૩ના ઉપક્રમે SEBI તેમજ BSE - IPFના સંયુક્ત ઉપક્રમે રોકાણકારોને માર્ગદર્શન સેમિનારનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જામનગર તા.૧૦

વર્લ્ડ ઈન્વેસ્ટર વીક ૨૦૨૩ના ઉપક્રમે સિક્યુરિટી એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા(SEBI) તેમજ બોમ્બે સ્ટોક એક્સચેન્જ ઈન્વેસ્ટર પ્રોટેક્શન ફંડ(BSE - IPF)ના સંયુક્ત ઉપક્રમે રોકાણકારોને માર્ગદર્શન સેમિનારનું આયોજન તા.૧૧-૧૦-૨૦૨૩ બુધવારના રોજ સાંજે ૪ કલાકે, ધ ફર્ન રેસીડેન્સી, JCR સિનેમા પ્રાઈવેટ લિમિટેડ, ઠેબા ચોકડી, દ્વારકા બાયપાસ રોડ, જામનગર ખાતે કરવામાં આવેલ છે, જેમાં મુખ્ય અતિથિ વિશેષ સ્પીકર તરીકે BSE - IPF હેડ કાર્તિકભાઈ બાવીસી તેમજ ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટના સેબી રજીસ્ટર્ડ રિસર્ચ એનાલિસ્ટ નિખિલભાઈ ભટ્ટ દ્વારા રોકાણકારોને શેરબજારમાં રોકાણ તેમજ ટ્રેડીંગ સંદર્ભે માર્ગદર્શન આપવામાં આવશે અને રોકાણકારોના શક્ય અંશે પ્રશ્નોનું નિરાકરણ સંદર્ભે માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવશે. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ઈચ્છા ધરાવતા રોકાણકારોએ નામ તેમજ મોબાઈલ નંબર સાથે કાર્તિકભાઈ બાવીસી મો.૯૮૨૫૯૯૬૯૩૦ ઉપર સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. રોકાણ સંદર્ભે ઈચ્છા ધરાવતા રોકાણકારો તેમજ સ્ટોક બ્રોકિંગ મિત્રોને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

સિગ્નલીંગ કામ

W.118/NIT/E-Tender/2023-24/15/WA તા.03/10/2023. [illegible] ટેન્ડર નં. 17-2023. કામનું નામ: [illegible] ADSTE - [illegible] અંદાજીત પડતર: ₹ 1,47,01,859.90/- [illegible] www.ireps.gov.in [illegible] www.ireps.gov.in [illegible] તારીખ: 01/11/2023 ના 15:00 કલાક સુધી છે.

BVP-084

અમને ફોલો કરો: twitter.com/WesternRly

પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

કેરેજ રિપેર વર્કશોપ ખાતે વિવિધ કામો

[illegible] ઈ-ટેન્ડર નં. BVPW-UW-42-CA-Piping. કામનું નામ: [illegible] અંદાજીત પડતર: ₹ 1,09,13,766.27/-, બીડ સિક્યુરીટી: ₹ 2,04,600/- ટેન્ડર દસ્તાવેજ ફી: ₹ 0.00/- ટેન્ડર ઓફર ની માન્યતા: 60 દિવસ, [illegible] LOA [illegible] 06 મહિના, [illegible] તા.25/10/2023 ના 11:00 કલાકે અને તા.25/10/2023 ના 11:30 કલાકે, [illegible] https://www.ireps.gov.in [illegible]

BVP-097

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# દલા તરવાડીનો ખેલ ! જૂનાગઢમાં વર્ષો પહેલા વેંચી દીધેલી સરકારી જમીનને કાયદેસર બનાવવા મનપા શાસકોના હવાતીયા : લેન્ડગ્રેબીંગનો ગુનો કયારે નોંધાશે ?

## આગામી તા.૧૯ના રોજ સ્થાયી સમિતિની બેઠકમાં દરખાસ્ત મુકવા હિલચાલ

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ શહેરમાં ટીંબાવાડી રોડ ઉપર સરકારી જમીનનો સોદો ઘણા વર્ષો પહેલા કરી નાખવામાં આવેલ હતો. મનપાની માલિકી-ના હોવા છતાં ગામતળની આ વોકળાની જમીનને રૂા.૮૪ લાખમાં વેંચી નાખી હતી અને આ જમીનને કાયદેસરમાં રૂપાંતર કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે ત્યારે જૂનાગઢનું વધુ એક જમીન કૌભાંડ કાયદેસર થવા જઈ રહ્યું છે ત્યારે આ અંગે ભારે ચર્ચા ઉઠી છે. બીજી તરફ લોકો પણ આ બધુ નીહાળી અત્યંત વ્યતીત થઈ રહ્યા છે.

ગુજરાત સરકાર અને મહેસુલ વિભાગ દ્વારા સરકારી જમીન ઉપર કબ્જો જમાવનારા ગૌચરની જમીન વેંચી નાખનારાઓ કે અન્ય કોઈની જમીનો હડપ કરી જનારાઓ સામે કડક કાર્યવાહીનું પગલું ભરી અને આવા ભૂમાફીયાઓ વિરૂધ્ધ લેન્ડગ્રેબીંગ અંતર્ગત ગુનો નોંધવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. રાજયના વિવિધ શહેરોમાં આ અંગે ગુનાઓ પણ દાખલ કરવામાં આવેલ છે. પરંતુ ગુજરાતમાં જો સૌથી વધારે ગેરકાયદેસર રીતે જમીનોનો કબ્જો મેળવી અને વોકળાની જમીનો ઉપર પણ બાંધકામો કરી દેવામાં જૂનાગઢનો નંબર-૧ આવે તેમ છે. આવી ગેરકાયદેસર પ્રવૃતિ હોવા છતાં આજની તારીખ સુધીમાં એકપણ લેન્ડગ્રેબીંગનો ગુનો હજુ સુધી દાખલ થયો નથી. તાજેતરમાં જુન માસમાં ભારે વરસાદને પગલે પુરના પ્રકોપ વચ્ચે જૂનાગઢની જનતા મોત સામે ટક્કર લઈ અને નવજીવન પામેલી છે. જેના પાપે તેઓને આ બધી મુસીબતનો સામનો કરવો પડયો હતો તેવા ગેરકાયદેસર બાંધકામ કરનારાઓ સરકારની જમીન પચાવી પાડનારાઓ તેમજ સરકારી પડતર જમીન ઉપર કબ્જો કરી વોકળાઓ ઉપર બાંધકામ કરી અને મોટા એપાર્ટમેન્ટ ખડકી દઈ અને ફલેટ-દુકાનનું કોમ્પ્લેક્ષ ઉભું કરી નાખનારાઓ સામે સ્થાનિક મનપા તંત્ર કંઈ કરી શકતું નથી તો બીજી તરફ ઉચ્ચ કક્ષાએ રજુઆતો કરવા છતાં ગેરકાયદેસર જમીનોનો કબ્જો જમાવી નાખનારા તેમજ તેમાં સ્થાનિક મનપા તંત્રની ભુંડી ભૂમિકા હોવા છતાં તેનો વાળ પણ વાંકો થઈ શકયો નથી અને આટલેથી અટકયા નથી પરંતુ આ કરતુત કરનારાઓ હવે ગેરકાયદેસર જે જમીન જે તે આસામીઓને આપી દીધેલ છે તેવી જમીન અંગે હવે કાયદેસરની કાર્યવાહી કરવા તૈયારી હાથ ધરી છે અને આધારભુત રીતે ચર્ચાતી વિગત અનુસાર આગામી તા.૧૯ના રોજ સ્થાયી સમિતિની બેઠકમાં દરખાસ્ત પણ મુકવામાં આવે તેવા નિર્દેશો મળી રહ્યા છે.

વાત જાણે એમ છે કે મોતીબાગ વિસ્તારમાં વોકળાની ઉતર બાજુએ આવેલી ગામતળની સર્વે નંબર-૧૧૬ પૈકીની જમીન રાજય સરકારે સાર્વજનીક હેતુ માટે રિઝર્વ રાખી હતી. જે જમીનની માલિકી મનપાની નહી હોવા છતાં વર્ષો પહેલા મહાનગરપાલિકાના શાસકોએ આ જમીન જાહેર હરરાજી કરી ૮૪ લાખમાં બિલ્ડરોને વેંચી નાખી હતી અને જે તે સમયે મનપાના જનરલ બોર્ડમાં આ જમીન મામલે ચાર સભ્યોએ વિરોધ કર્યો હતો અને ૩ર સભ્યોની બહુમતીથી ઠરાવ કરી જમીન વેંચી નાખ્યાનો મુદ્દો હાલ ચર્ચાની એરણ ઉપર ચડયો છે. ત્યારે આ જમીનને કાયદેસર કરવાની પ્રક્રિયા શરૂ થતા જ ભારે ખળભળાટ મચી જવા પામેલ છે.

# જૂનાગઢ ટ્રાફીક બ્રીગેડ એજયુકેશન ટ્રસ્ટનાં ટ્રસ્ટી તરીકે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં તંત્રી અભિજીત ઉપાધ્યાયની વરણી







જૂનાગઢ તા. ૧૦

ટ્રાફીક બ્રીગેડ એજયુકેશન ટ્રસ્ટ જૂનાગઢની એક મહત્વની બેઠક તાજેતરમાં મળી હતી. અને આ બેઠકમાં સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં તંત્રી અભીજીત ઉપાધ્યાયની સભ્યપદે વરણી કરવામાં આવી હતી. અને જે અંગેનાં ઠરાવો સર્વાનુમતે કરવામાં આવેલ છે.

ટ્રાફીક બ્રીગેડ એજયુકેશન ટ્રસ્ટ જૂનાગઢની ગત શનિવારે જીલ્લા પોલીસ અધિક્ષકની કચેરી ખાતે એક બેઠક મળી હતી. અને આ બેઠકમાં ગત વર્ષનાં હિસાબો, ઓડીટ વગેરે વંચાણે લેવામાં આવ્યા હતાં. તેમજ સૌરાષ્ટ્ર ભૂમિનાં સ્થાપક કાર્તિકભાઈ ઉપાધ્યાયને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત જૂનાગઢનાં નવનિયુકત જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાનું અભિવાદન કરવામાં આવેલ હતું.

આ બેઠકમાં મહત્વપૂર્ણ કામગીરી તો એ કરવામાં આવી હતી કે ખાલી પડેલી બેઠક ઉપર સભ્યની પસંદગી કરવામાં આવી હતી. ટ્રાફીક બ્રીગેડ એજયુકેશન ટ્રસ્ટ જૂનાગઢનાં ટ્રસ્ટી પદે તેમજ ચેરમેન પદે પણ અસરકારક સેવા બજાવનારા કાર્તિકભાઈ ઉપાધ્યાયની ખાલી પડેલી જગ્યા ઉપર તેમનાં પુત્ર અને સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં તંત્રી અભિજીત ઉપાધ્યાયની વરણી અંગે કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં સીનીયર એડવોકેટ હરીશભાઈ દેસાઈ, સત્યમ સેવા યુવક મંડળનાં પ્રમુખ મનસુખભાઈ વાજા, દાદુભાઈ કનારા, જગતભાઈ મશરૂ તેમજ તમામ સભ્યોની દરખાસ્તને સર્વાનુમતે વધાવી લેવામાં આવેલ. અને જે અંગેનો ઠરાવ કરવામાં આવેલ હતો. આ બેઠકમાં સંસ્થાનાં પ્રેસીડેન્ટ રાજેન્દ્ર જોબનપુત્રા, વાઈસ પ્રેસીડેન્ટ વિનુભાઈ અમીપરા, સેક્રેટરી ધીરૂભાઈ ગોહેલ, વાઈસ પ્રેસીડેન્ટ ઈકબાલભાઈ મારફતીયા, જોઈન્ટ સેક્રેટરી ફરીદભાઈ દુર્વેશ, ટ્રેઝરર દાદુભાઈ કનારા, ટ્રસ્ટી નટવરલાલ વી. ધોળકીયા, જગતભાઈ મશરૂ, ધરમશીભાઈ સાવલીયા, જીગ્નેશભાઈ થાનકી, પ્રફુલભાઈ રાણપરીયા સહિત ઉપસ્થિત રહયા હતાં. સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં તંત્રી અભિજીત ઉપાધ્યાયની સભ્ય તરીકેની વરણીને ઉપસ્થિત સૌએ આવકારી હતી અને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. વિશેષમાં યોજાયેલી આ બેઠકમાં સત્યમ સેવા યુવક મંડળ દ્વારા એવું સુચન કરવામાં આવ્યું હતું કે ટ્રાફીક બ્રીગેડનાં જવાનો માટે યુનિફોર્મ તેમજ તેમના માટે વિમો ઉતરાવવાની કાર્યવાહી પણ કરવી અને જે અંગેની કાર્યવાહી સત્યમ સેવા યુવક મંડળ દ્વારા કરી આપવામાં આવશે તેવું સુચન પણ કર્યુ હતું. આ ઉપરાંત ટ્રાફીક બ્રીગેડમાં ઘટતી નવી ભરતી કરવી. ટ્રાફીકની સમસ્યા અંગે ચર્ચા વિચારણા પણ થઈ હતી. અને અધ્યક્ષ સ્થાનેથી પણ જરૂરી સુચનો કરવામાં આવ્યા હતાં.

# જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાનું અભિવાદન કરતાં સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં તંત્રી અભિજીત ઉપાધ્યાય



જૂનાગઢ તા. ૧૦

જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની ઉપસ્થિતિમાં તાજેતરમાં જૂનાગઢ ટ્રાફીક બ્રીગેડ એજયુકેશન ટ્રસ્ટની એક મહત્વની બેઠક મળી હતી. અને તેમાં નવા સભ્ય તરીકે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં તંત્રી અભિજીત ઉપાધ્યાયની વરણી થઈ છે ત્યારે આ પ્રસંગે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં તંત્રી અભિજીત ઉપાધ્યાયને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ તકે તંત્રી શ્રી અભિજીત ઉપાધ્યાયએ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાનું પણ અભિવાદન કર્યુ હતું. અને સાથે જ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્રની નકલ પણ તેઓને અર્પણ કરી હતી. જૂનાગઢનાં લોકપ્રિય અખબાર સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્રની કામ કરવાની પધ્ધતિ તેમજ પોલીસ વિભાગની સંનિષ્ઠ સેવાને જે બિરાદવવામાં આવી રહી છે તે અંગે તેમજ જૂનાગઢ શહેર અને જીલ્લાનાં આમજનતાનાં એક પોતીકા અખબાર તરીકે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકની પ્રજાકીય પ્રશ્નોને વાચા આપવાની કામગીરી નિહાળી જીલ્લા પોલીસ વડા પ્રભાવિત થયા હતાં.

# છેલ્લા દોઢેક વર્ષથી કેશોદ પોલીસ સ્ટેશનના ચોરીના ગુનાના કામે નાસતા ફરતા આરોપીને પકડી પાડતી પેરોલ ફર્લો સ્કવોડ જૂનાગઢ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાની સુચના તેમજ જૂનાગઢ જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના સિધા માર્ગદર્શન હેઠળ જૂનાગઢ જીલ્લા તેમજ બહારના જિલ્લાના તેમજ બહરાના રાજ્યના અલગ-અલગ પોલીસ સ્ટેશનના ગુનાના કામે નાસતા-ફરતા/પકડવાના બાકી આરોપીઓ શોધી કાઢી તેઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની સુચના આપેલ હોય જે અન્વયે લોકલ ક્રાઈમ બ્રાચના પો.ઈન્સ જે.જે.પટેલની સુચના મુજબ પેરોલ ફર્લો સ્કવોડના પો.સબ.ઈન્સ. વાય.પી. હડિયા તથા સ્કવોડના માણસો હ્યુમન અને ટેકનીકલ સોર્સના માધ્યમથી સતત પ્રયત્નશીલ હોય દરમ્યાન પેરોલ ફર્લો સ્કવોડ જૂનાગઢની ટીમ એ.એસ.આઈ ઉમેશભાઈ વેગડા તથા પો.હેડ કોન્સ. પુનાભાઈ હૂણ તથા પો.કોન્સ. દિનેશભાઈ છૈયા નાઓને સયુક્ત બાતમી હકિકત મળેલ કે જૂનાગઢ જિલ્લાના કેશોદ પો.સ્ટે.ના આઈ.પી.સી કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુન્હાના કામનો દોઢેક વર્ષથી નાસતો ફરતો આરોપી ગોપાલ ભાણાભાઈ સોલંકી રહે હાલ નવા મામાવાડી પાસે આવેલ ક્વાર્ટરમાં રાજકોટ વાળો હાલ રાજકોટ વેલનાથપરા લાપાસરી રોડ પુલ પાસે હાજર હોય તેવી હકિકત મળતા તાત્કાલીક પરેલો ફર્લો સ્કવોડની ટીમને રવાના કરી બાતમી વાળી જગ્યાએ જઈ ખાત્રી રાજકોટ એસ.ઓ.જી બ્રાંચની મદદ લઈ આરોપીને ઉપરોકત બાતમી વાળી જગ્યાએથી પકડી રાજકોટ એસ.ઓ.જી બ્રાંચ પાસેથી આરોપી સંભાળી લઈ આરોપીને હસ્તગત કરી જૂનાગઢ જીલ્લાના કેશોદ પો.સ્ટે.ને સોંપી આપેલ છે.

# મેંદરડા : સી ટીમ દ્વારા વૃધ્ધ દંપતિને અપાવી સારવાર



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનીરીક્ષક નિલેશ ઝાઝંડીયા તથા જૂનાગઢ જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાનાઓએ જૂનાગઢ જીલ્લા પોલીસ દ્વારા ડ્રગ્સ તથા નશીલા પદાર્થથી દુર રહો તથા સાયબર ક્રાઈમ સબંધે લોકજાગ્રુતી અભિયાન ચાલુ હોય જે સબબ સી ટીમ દ્વારા અવરનેશ પ્રોગ્રામ કરવા સુચના કરેલ હોય જે અંતર્ગત મેંદરડા પો.સ્ટે.માં પણ સી ટીમ કાર્યરત હોય અને જૂનાગઢ ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક હીતેશ ધાંધલ્યાના જરૂરી સુચના મુજબ મેંદરડા પોસ્ટેના પો.સબ.ઈન્સ.નાઓની આગેવાની હેઠળ મેંદરડા પો.સ્ટે. સી-ટીમમાં ફરજ બજાવતા WPC કંચનબેન કે. બારીયાનાઓના મોબાઈલ ફોન ઉપર એક વયોવૃધ્ધ દાદા-દાદી કાનજીભાઈ ભગવાનજીભાઈ ગોંડલીયા(ઉ.વ.૮૨) અને તેમના ધર્મપત્ની રતનબેન કાનજીભાઈ ગોંડલીયા (ઉ.વ.૭૨) રહે.બંને પટેલ શેરી, મેંદરડા વાળાનો ફોન આવેલ અને પોતાને શ્વાસની તકલીફ અને દાદીમાને ખુબજ તાવ આવતો હોય જેથી મદદ માટે ફોન આવતા મેંદરડા સી-ટીમ તાત્કાલીક રૂબરૂ મુલાકાત લેતા આ વયોવૃધ્ધ દાદાને શ્વાસની તકલીફ અને દાદીમાને તાવ આવતો હોય જેથી WPC કંચનબેનનાઓએ સી ટીમની મદદથી તાત્કાલીક આ વયોવૃધ્ધ દાદા-દાદીનો સંપર્ક કરી સારવાર કરાવી જરૂરી દવાઓ તથા ફ્રુટનું વીતરણ કરેલ હોય આમ મેંદરડા પોસ્ટે વિસ્તારનાં નિરાધાર, નિઃસહાય, શારિરીક અક્ષમ એવા દાદા-દાદીને તાત્કાલીક દવાની કીટ અને ફ્રુટ કીટનું વિતરણ કરી તેમજ દાદા-દાદીનો દોસ્ત અભિયાન અંતર્ગત મદદ કરી માનવતાનું ગુજરાત પોલીસ દ્વારા ઉત્તમ કામગીરી કરવામાં આવેલ છે. તેમજ સીનિયર સિટીઝનનું ઓનલાઈન પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન કરવામાં આવેલ તેમજ નિરાધાર દાદા-દાદીને તેમની સુરક્ષા અંગે પોલીસ તરફથી મળતી તમામ મદદ વિશે સમજ કરવામાં આવેલ તેમજ તેઓને ભવિષ્યમાં દવાખાનાની જરૂરીયાત જણાય તો પોલીસનો સંપર્ક કરવા અંગેની સમજ કરાવેલ છે.

# દેકારો ગૃપ મહિલા મંડળ દ્વારા વેલકમ નવરાત્રી કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

દેકારો ગૃપ મહિલા મંડળ દ્વારા જૂનાગઢ લોહાણા બોર્ડિંગમાં વેલકમ નવરાત્રિ મહોત્સવ ૨૦૨૩નું ભવ્ય આયોજન કરવામાં આવેલું હતું. તેમાં ૩ વર્ષથી લઈ ૧૭ વર્ષ સુધીના બાળકોની સ્પર્ધા યોજાઈ હતી. લગભગ ૩૦૦ બાળકોએ ભાગ લીધો હતો. તમામ બાળકોને સુંદર ગિફ્ટ આપવામાં આવી હતી. વિજેતા સ્પર્ધકોને અતુલભાઈ કાછેલા તરફથી શિલ્ડ આપવામાં આવ્યા હતા. આયોજક ગૃપના ચેતનાબેન તન્ના અને નિશાબેન રૂપારેલિયાની ભારે જહેમત તેમજ ગૃપના તમામ બહેનોનો સહકારથી અદકેરી સફળતા પ્રાપ્ત થઈ હતી તેમ ગૃપના ચેર પરસન ચેતનાબેન તન્નાએ જણાવ્યું છે. બોર્ડિંગના સેક્રેટરી પ્રો. ઉનડકટે ઉપસ્થિત થઈ આયોજક બહેનોને પ્રોત્સાહિત કરી હતી તેમજ બાળકોને અભિનંદન આપ્યા હતા.

# અસ્મિતા પ્રાઉડ ટુ બી વુમન દ્વારા સન્માન કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૦

જૂનાગઢમાં અસ્મિતા પ્રાઉડ ટુ બી વુમન દ્વારા 'અસ્મિતા રાત્રી ૨૦૨૩'નું તારીખ ૬ ઓક્ટોબર હોટેલ ઈન્દ્રલોક ખાતે આયોજન થયેલ હતું. જેમાં અંજલિબેન સાવલિયા અને સભ્યો દ્વારા પરશુરામ ફાઉન્ડેશન મહિલા પાંખના ફાઉન્ડર ગાયત્રીબેન જાનીનું વિશેષ વ્યક્તિત્વ સન્માન કરેલ હતું. વિશેષતઃ માત્ર ૩ જ દિવસમાં ૩૩ મહિલામંડળોને સાથે રાખી મુખ્યમંત્રીના કાર્યક્રમનું આયોજન અને સંચાલન સફળતાપૂર્વક કરવા બદલ ખાસ આભિનંદન પાઠવેલ હતા. શ્રી પરશુરામ ફાઉન્ડેશન આ અવસરે તેમને ધન્યવાદ પાઠવી ગૌરવિન્ત અનુભવે છે. ચેરપર્સન શૈલેશભાઈ દવે અને અન્ય ટ્રસ્ટીઓએ જણાવેલ કે ગાયત્રીબેન જાની મહિલાઓ માટે આઈ કોન સમાન છે.


ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન
કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



ઉધઈથી બચો..
૧૦ વર્ષની ગેરંટી સાથે આપના બંગલા, દુકાન, ટેનામેન્ટ, મકાન, ઓફિસમાં ઈન્જેકશન દ્વારા ઉધઈ ટ્રીટમેન્ટ કરી આપીશું.
સચિનભાઈ
મો. ૯૮૨૫૯ ૭૬૨૫૧



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.